દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 287 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ વદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 December 2025, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૫ ડિસેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ



# મૉસ્કો સે આયા મેરા દોસ્ત...

## શિષ્ટાચાર નેવે મૂકી ખુદ મોદી ગયા પુતિનને આવકારવા, ગળે મળ્યાઃ બંને સાથે એક જ કારમાં રવાના થયાઃ રશિયા સાથેની મિત્રતા સમયની કસોટીની એરણે ચડેલી છે એવું પીએમે રશિયાના પ્રમુખનું સ્વાગત કરતા કહ્યું



નવી દિલ્હીઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ગુરવારે ભારતની ૨૭ કલાકની મુલાકાતે આવ્યા હતા અને આ મુલાકાતથી પ્રતિકૂળ ભૂરાજકીય પર્યાવરણ અને તંગદિલી છતાં ૮૦ વર્ષ જૂના દ્વિપક્ષીય સંબંધો મજબૂત બન્યા હતા.

આ મુલાકાતનું મહત્ત્વ જોઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતે શિષ્ટાચારને નેવે મૂકીને નવી દિલ્હીના પાલમ હવાઈમથકે પુતિનને આવકારવા ગયા હતા. તેમણે ભેટીને તેમનું સ્વાગત કર્યું હતું. ચાર વર્ષના ગાળા બાદ મોદીએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. બન્ને વડાઓ એક જ કારમાં હવામથકેથી રવાના થયા હતા. ત્રણ મહિના પહેલાં ચીનના શહેર ટિયાનજિનમાં યોજાયેલી શાંઘાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) શિખર પરિષદમાં એક કારમાં બન્ને નેતાઓ સાથે ગયા હતા. મોદીએ એક્સ પર પોસ્ટ મૂકી હતી કે મને મારા મિત્ર પ્રમુખ પુતિનનો સ્વાગત કરતા આનંદ થયો. ભારત-રશિયાની મિત્રતા સમયની કસોટીની એરણ પરથી પસાર થયેલી છે અને આનાથી આપણા લોકોને ઘણો ફાયદો થયો છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સાંજે પુતિનના માનમાં ખાનગી ભોજન સમારોહ રાખ્યો હતો. આમાં થયેલી વાતચીતના આધારે ભારત-રશિયા વચ્ચેની ૨૩મી શિખર પરિષદનો તખ્તો ગોઠવાયો હતો. શિખર પરિષદમાં ભારત અને રશિયાના સંરક્ષણ સંબંધો મજબૂત કરાશે. ભારતના અમેરિકા સાથેના સંબંધોમાં ખટાશ આવી છે એની પાર્શ્વભૂમિમાં પુતિનની મુલાકાત ભારત સાથેની દ્વિપક્ષી વ્યૂહાત્મક અને આર્થિક ભાગીદારી મજબૂત બનાવે છે. આ મુલાકાત પર પશ્ચિમી દેશો અને અમેરિકાની નજર છે ત્યારે ભારત અને રશિયા સંરક્ષણ સંબંધોને સુદૃઢ બનાવે છે અને બાહ્ય દબાણ સામે ટકી શકે એવો વેપાર સંબંધ બાંધવા માગે છે. પુતિને મોદીની ગયા જુલાઈની મુલાકાતમાં મોદીના માનમાં ભોજન સમારોહ રાખ્યો હતો. પુતિન શુક્રવારે રાજઘાટની મુલાકાત લેશે. પુતિન શુક્રવારે રાત્રે નવ કલાકે રશિયા જવા રવાના થશે. પુતિન રશિયાના સરકારી બ્રોડકાસ્ટરની ભારતની (જુઓ પાનું ૨) ▶▶

## મોદી કોઈના દબાણ સામે ઝૂકતા નથીઃ પુતિન

નવી દિલ્હીઃ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને એક ખાનગી ચેનલને આપેલા ઈન્ટરવ્યૂમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મજબૂત નેતૃત્વની પ્રશંસા કરી હતી. પુતિને કહ્યું હતું કે પીએમ મોદી એવા નેતા નથી જે કોઈના પણ દબાણમાં આવી જાય. તેમણે વડા પ્રધાન મોદીના નેતૃત્વની પ્રશંસા કરી હતી કે દુનિયાએ ભારતના મજબૂત વલણને જોયું છે અને દેશ પોતાના નેતૃત્વ પર ગર્વ કરી શકે છે. પુતિને કહ્યું હતું કે રશિયા અને ભારત વચ્ચે ૯૦ ટકાથી વધુ દ્વિપક્ષી સોદા સફળતાપૂર્વક પૂર્ણ થયા છે.

૭૩ વર્ષીય રશિયન રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે કે તેઓ તેમના મિત્ર વડા પ્રધાન મોદીને મળવા માટે ઉત્સુક છે અને જણાવ્યું કે બંન્ને પોતાની આગામી બેઠક ભારતમાં કરવા માટે સહમત થયા હતા. પુતિને (જુઓ પાનું ૨) ▶▶

**પુતિને દિલ્હીમાં પગ મૂક્યો એ પહેલાં જ**

## ભારત-રશિયામાં ૧૬,૭૦૦ કરોડ રૂપિયાનો અણુ સબમરીન સોદો

નવી દિલ્હીઃ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાતે આવી પહોંચે તે અગાઉ જ બંને દેશ વચ્ચે બે અબજ ડૉલર (૧૬,૭૦૦ કરોડ રૂપિયા)ના સંરક્ષણ કરાર કરવામાં આવ્યા હોવાનાં સમાચાર વહેતા થઈ ગયા હતા. રશિયા આગામી બે વર્ષમાં ભારતને અણુ સબમરીનની ડિલિવરી કરી દેશે. હિન્દ અને પ્રશાંત મહાસાગરના વિશાળ ક્ષેત્રમાં આ સબમરીન તરતી હશે ત્યારે પણ તેને શોધી કાઢવાનું મુશ્કેલ હશે. બંને દેશ વચ્ચે ૧૬,૭૦૦ કરોડ રૂપિયાના અણુ સબમરીન કરાર કરવામાં આવ્યા છે. છેલ્લાં ૧૦ વર્ષથી આ સોદાને અંતિમ સ્વરૂપ આપવા અંગે બંને દેશ વચ્ચે વાટાઘાટ ચાલી રહી હતી. બંને દેશે આ સોદા માટે સહમતી દર્શાવી દીધી છે અને ભારતીય અધિકારીઓ આવતા વરસે રશિયાના શિપયાર્ડની મુલાકાત લેશે. વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતને અણુ સબમરીન મળી જવાની (જુઓ પાનું ૨) ▶▶

## ઈન્ડિગોના ધાંધિયા ચાલુ જઃ ૫૫૦થી વધુ ફ્લાઈટ રદ, ઍરપોર્ટ્સ પર અફડાતફડી

મુંબઈઃ દેશભરમાં ગુરુવારે સતત બીજા દિવસે પણ ઈન્ડિગોની ફ્લાઇટ્સના ધાંધિયા ચાલુ જ રહ્યા હતા અને ૫૦૦થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી જેના કારણે હજારો મુસાફરોને અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો. દેશભરના ઘણા એરપોર્ટ પર મુસાફરોમાં અફરાતફરી જોવા મળી હતી. દેશની સૌથી મોટી એરલાઇન ઇન્ડિગોએ ગુરુવારે દિલ્હી, મુંબઈ, બેંગ્લોર અને અન્ય એરપોર્ટ પર ૩૦૦થી (જુઓ પાનું ૨) ▶▶

### અમને માફ કરોઃ ઈન્ડિગોના સીઈઓ

નવી દિલ્હીઃ ઈન્ડિગોના ફ્લાઈટમાં વિક્ષેપ વચ્ચે તેના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પીટર એલ્બર્સે કહ્યું હતું કે એરલાઈનનું તત્કાળ લક્ષ્ય સેવા સામાન્ય કરવાની અને સમયપાલનને પાટા પર લાવવાની છે, જે લક્ષ્ય સરળ નથી. તેમણે કર્મચારીઓને મોકલેલા (જુઓ પાનું ૨) ▶▶

## વિપક્ષી નેતા વિદેશી વીઆઈપીઓને મળે એવું સરકાર નથી ઈચ્છતીઃ રાહુલ

### નર્યું જુઠાણુંઃ ભાજપે ભડક્યો, કહ્યું કે તેઓ અનેક મહાનુભાવોને મળે જ છે

નવી દિલ્હીઃ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે આક્ષેપ કર્યો હતો કે વિદેશી મહાનુભાવો વિપક્ષના નેતાને મળે એવું સરકાર ઈચ્છતી નથી. જોકે ભાજપે રાહુલ ગાંધીના વિધાનને નર્યું જુઠાણું ગણાવતા કહ્યું હતું કે વિપક્ષના નેતા ન્યૂ ઝીલૅન્ડના વડા પ્રધાન સહિત અનેક વિદેશી નેતાઓને મળ્યા હતા.

રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન ભારતની બે દિવસની મુલાકાતે આવવાના હોવાનાં ગણતરીનાં કલાકો અગાઉ જ રાહુલ ગાંધીએ આ નિવેદન કર્યું હતું.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે વિદેશી મહાનુભાવો લોકસભામાં વિપક્ષના નેતાને મળે એ વરસો જૂની પરંપરા છે, પરંતુ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ ખાતું આ નિયમોનું પાલન નથી કરતા.

પત્રકારોને આપેલી મુલાકાતમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે સામાન્ય રીતે ભારતની મુલાકાતે આવતા વિદેશી મહાનુભાવો વિપક્ષના નેતાને મળે છે. અટલ બિહારી વાજપેયી અને (જુઓ પાનું ૨) ▶▶



## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હુમાયુને તગેડી મમતા અઠંગ ખેલાડી સાબિત થયાં

**ભાજપના** નેતા પોતાને બહુ મુત્સદ્દી સમજે છે પણ મમતા બેનરજી તેમને માથાનાં મળ્યાં છે. મમતા રાજકારણનાં અઠંગ ખેલાડી છે તેથી ભાજપની કોઈ જાળમાં ફસાતાં નથી ને તેનો તાજો પરચો તેમણે પશ્ચિમ બંગાળના તૃણમૂલ કૉંગ્રેસના ધારાસભ્ય હુમાયુ કબીરના કિસ્સામાં આપી દીધો છે. કબીરે એલાન કર્યું હતું કે, ઉત્તર પ્રદેશના અયોધ્યામાં તોડી પડાયેલી બાબરી મસ્જિદની યાદ તાજી રાખવા માટે બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદ બનાવાશે. કબીરે આ પ્રસ્તાવિત બાબરી મસ્જિદનો શિલાન્યાસ ૬ ડિસેમ્બરે કરવાનું એલાન પણ કર્યું હતું કેમ કે ૬ ડિસેમ્બર બાબરી મસ્જિદના ધ્વંસની વરસી છે.

ભાજપે આક્ષેપ કરેલો કે, મુસ્લિમ તુષ્ટિકરણના ભાગરૂપે મમતા બેનરજી જ કબીર પાસે આ ખેલ કરાવી રહ્યાં છે અને બંગાળમાં બાબરી મસ્જિદ બનાવીને મમતા ૨૦૨૬ની બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં મુસ્લિમોના મત અંકે કરવા માગે છે. ભાજપની ગણતરી એવી હતી કે, મમતાને મુસ્લિમોનાં હમદર્દ અને પાછલા બારણે મુર્શિદાબાદની બાબરી મસ્જિદનાં સર્જક ઠરાવીને હિંદુ મતબેંકને પોતાની તરફ વાળી શકાશે પણ મમતાએ હુમાયુ કબીરને તૃણમૂલ કૉંગ્રેસમાંથી તગેડી મૂકીને આ દાવ ઊંધો વાળી દીધો.

મમતાએ કબીરની બરતરફીની જાહેરાતમાં પણ રાજકીય દાવ ખેલી નાંખ્યો. મમતાએ હુમાયુ મુસ્લિમોની હમદર્દી ના લઈ જાય એટલા માટે બીજા મુસ્લિમ નેતા ફિરહાદ હકીમને મેદાનમાં ઉતારી દીધા છે. ફિરહાદ હકીમે જ કબીરને તગેડી મૂક્યા હોવાની જાહેરાત કરી. ફિરહાદે હુમાયુ કબીરને કોમવાદી જાહેર કરીને કહી દીધું કે, મુસ્લિમો તેમની વાતોમાં ના આવે અને બંગાળમાં માહોલ ના બગડે તેનું ધ્યાન રાખે. ફિરહાદે પ્રેસ કોન્ફરન્સમાં મુર્શિદાબાદના બે મુસ્લિમ નેતા અખરૂઝ ઝમાન અને નિયામત શેખને પણ હાજર રાખેલા કે જેથી મુર્શિદાબાદના મુસ્લિમો કબીરના ખૂંટે બંધાયેલા છે એવો મેસેજ ના જાય. મુર્શિદાબાદ હુમાયુ કબીરનો ગઢ છે અને મુસ્લિમોની બહુમતી ધરાવતો વિસ્તાર છે પણ મમતાના ડેરિંગને દાદ દેવી જોઈએ કે, હુમાયુ કબીરને તગેડી મૂકવાનું એલાન કર્યાના કલાકોમાં જ મમતાએ મુર્શિદાબાદમાં સભા કરીને હુંકાર કર્યો કે, તૃણમૂલ કૉંગ્રેસ કોઈ પણ પ્રકારનું કોમવાદી રાજકારણ નહીં ચલાવી લે.

કબીરે ચાર દિવસ પહેલાં મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદના નિર્માણની જાહેરાત કરી તેનાથી મમતા બરાબર ભડકેલા હતાં. કબીરને આ વાતની ગંધ આવી ગયેલી તેથી તેમણે મમતા બેનરજીના પગ પકડી લીધા હતા. મુર્શિદાબાદ પહેલાં મમતાની જાહેર સભા બહેરામપોરમાં હતી ને હુમાયુ આ સભામાં હાજર રહ્યા હતા કે જેથી મમતાને પિગળાવી શકાય પણ મમતાએ તેમને ગણકાર્યા જ નહીં. હુમાયુ કબીર મમતાની સભામાં હાજર હતા ત્યારે જ તેમને ફોન કરીને કહી દેવાયેલું કે, હવે તમે તૃણમૂલ કૉંગ્રેસમાં નથી તેથી મમતાની સભામાંથી રવાના થઈ જાઓ.

કબીર વિલા મોંઢે નિકળી ગયા પછી હુમાયુના સમર્થકો મમતાની સભામાં બબાલ કરશે એવું સૌને લાગતું હતું પણ કોઈએ ચૂં કે ચાં પણ ના કર્યું. કબીરે પડ્યા પછીય ટંગડી ઊંચી રાખવા માટે પોતે બે દિવસ પછી રાજીનામું આપશે એવી જાહેરાત કરી કેમ કે બે દિવસ પછી બાબરી ધ્વંશની વરસી છે. ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ હિંદુવાદી સંગઠનનોના કાર્યકરોએ કારસેવા દરમિયાન બાબરી મસ્જિદને તોડી પાડી હતી અને બાબરીના સ્થાને સપાટ મેદાન બનાવી દીધું હતું. આ મસ્જિદના સ્થાને અત્યારે ભવ્ય રામમમંદિર ઉભું છે.

હુમાયુએ એલાન કર્યું છે કે, પોતે મુર્શિદાબાદ જિલ્લાના બેલડાંગામાં ૬ ડિસેમ્બરે 'બાબરી' મસ્જિદનો શિલાન્યાસ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં હુમાયુ રાજીનામાનું નાટક કરીને પોતે મુસ્લિમોના હિતો માટે શહાદત વહોરી રહ્યા હોવાનું નાટક કરશે. હુમાયુએ પોતે ૨૨ ડિસેમ્બરે નવી પાર્ટી લોચ કરશે એવું એલાન પણ કર્યું છે પણ મમતાએ જે રીતે કબીર ફરતે ગાળિયો કસ્યો છે એ જોતાં એ નવી પાર્ટી લોંચ કરે તો પણ ફાવશે કે કેમ તેમાં શંકા છે. મમતાએ મુર્શિદાબાદમાં ડંકે કી ચોટ પર જાહેર સભા કરીને સ્પષ્ટ કહી દીધું છે કે, કબીર તૃણમૂલ કૉંગ્રેસમાં હોય કે ન હોય, કોઈ ફરક પડતો નથી.

મમતાએ તગેડી મૂક્યા પછી હુમાયુ કબીરનો બાબરીના શિલાન્યાસનો કાર્યક્રમ પણ થશે કે કેમ તેમાં શંકા છે કેમ કે મમતા ભારે ડંખીલાં છે. પોતાની ઉપરવટ જનારને સત્તાના જોરે પછાડવામાં મમતાને કોઈ છોછ નડતો નથી એ જોતાં મમતા દંડો ચલાવીને હુમાયુના કાર્યક્રમની હવા કાઢી નાંખે એવું બની શકે.

મમતા હુમાયુ સામે દંડો ના ચલાવે તો પણ આ કાર્યક્રમ ના થવા દે એ શક્ય છે. હુમાયુ બાબરી મસ્જિદના મુદ્દે લાંબા સમયથી કૂદાકૂદ કરે છે. હુમાયુનું કહેવું છે કે, પોતે ગયા વર્ષે ૧૨ ડિસેમ્બરે 'બાબરી' મસ્જિદના નિર્માણનું વચન આપેલું ને આ વચન પૂરું કરવાની દિશામાં ૬ ડિસેમ્બરે મસ્જિદના શિલાન્યાસ સાથે પહેલું પગલું ભરાશે. 'બાબરી' મસ્જિદના શિલાન્યાસ કાર્યક્રમમાં લગભગ બે લાખ લોકોને હાજર રાખવાની અને ૪૦૦ ધુરંધરોને સ્ટેજ પર બેસાડવાની પણ હુમાયુએ જાહેરાત કરી છે.

જો કે મમતાએ લાલ આંખ કર્યા પછી કમ સે કમ તૃણમૂલ કૉંગ્રેસમાંથી તો કોઈ મુસ્લિમ નેતા આ કાર્યક્રમમાં હાજર રહે એવી શક્યતા નથી. બંગાળમાં મુસ્લિમો પર મમતાનો પ્રભાવ જોતાં મુસ્લિમ ધર્મગુરૂઓ પણ હુમાયુ કબીરથી અંતર રાખતા થઈ જાય એ શક્ય છે. આ સંજોગોમાં હવે હુમાયુના કાર્યક્રમનો સાવ ફિયાસ્કો થઈ જાય એવી પૂરી શક્યતા છે.

હુમાયુના કાર્યક્રમનો ફિયાસ્કો થાય એ દેશના હિતમાં પણ છે કેમ કે તેના કારણે ઉન્માદ ને ઉશ્કેરાટ સિવાય બીજું કશું પેદા થવાનું નથી. હુમાયુ કબીર પોતાના રાજકીય સ્વાર્થને ખાતર આ ઉશ્કેરાટ પેદા કરવા માગે છે પણ આ દેશના મુસ્લિમોને તેમાં કોઈ રસ નથી એ સારી વાત છે. હુમાયુ કબીરમાં અક્કલ હોય તો આ વાત સમજીને આ તાયફા બંધ કરવા જોઈએ.

કબીરે બીજી વાત પણ સમજવી જોઈએ કે, બાબરી મસ્જિદ ધ્વંશ આ દેશનાં લોકો માટે ને મુસ્લિમો માટે પણ ભૂલાઈ ગયેલું પ્રકરણ છે. બાબરી મસ્જિદ ઊભી હતી ત્યાં સુધી મુસ્લિમોને તેમાં રસ હતો પણ ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ બાબરી તૂટી એ સાથે જ મુસ્લિમોને તેમાંથી રસ ઊડી ગયો. એ વખતે જ નક્કી થઈ ગયેલું કે, હવે આ મસ્જિદ ફરી ક્યારેય નથી બનવાની. ૨૦૧૦માં આ કેસમાં હાઈ કોર્ટમાં હિંદુઓની તરફેણમાં ચુકાદો આવ્યો પછી તો મુસ્લિમોએ કાયમ માટે બાબરી મસ્જિદના નામનું નાહી જ નાખેલું. સુપ્રીમ કોર્ટે બાબરી મસ્જિદના સ્થાને અયોધ્યામાં નવી મસ્જિદ બનાવવા કહ્યું તેમાં પણ મુસ્લિમોને રસ નથી તો આ મસ્જિદમાં તો કઈ રીતે રસ પડે? બીજું એ કે, દેશના પૂર્વના ભાગમાં આક્રમણખોર બાબરના નામે એક મસ્જિદ બને તેના કારણે દેશના મુસ્લિમોનું કશું ભલું થવાનું નથી તો પછી નકામા ઉધામા શું કરવા? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ, શુક્રવાર, તા. ૫-૧૨-૨૦૨૫, ઈષ્ટિ

- ભારતીય દિનાંક ૧૪, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૫મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર રોહિણી સવારે ક. ૧૧-૪૫ સુધી, પછી મૃગશીર્ષ
- ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૨૨-૧૪ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૨૮, મધ્ય રાત્રે ક. ૦૦-૩૬
- ઓટઃ સાંજે ક. ૧૭-૪૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ – પ્રતિપદા. ઈષ્ટિ, હુથરી કુર્ગ, વક્રી ગુરુ મિથુનમાં સાંજે ક. ૧૭-૩૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વિનાયક પૂજા, ધ્રુવદેવતાનું પૂજન, બ્રાહ્માજીનું પૂજન, જાંબુનું વૃક્ષ વાવવું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ચંદ્ર-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક પૂજા, મુંડન કરાવવું નહિ, રાજ્યાભિષેક, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, બગીચો બનાવવો, આભૂષણ, વસ્ર, દસ્તાવેજ, દુકાન-વેપાર, નોકરી, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, વિનાયક પૂજા, લાંબા સમયના ઉપયોગી કાર્યો, મિત્રતા કરવી, નવી તિજોરીની સ્થાપના, બી વાવવું, ધાન્ય ભરવું. ધાન્ય વેંચવું.
- આચમનઃ સૂર્ય-રાહુ ચતુષ્કોણ સહાનુભૂતિ વિનાના, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ કોઈને કબજે ન રહેનારા, ચંદ્ર-શનિ ચતુષ્કોણ મતલબી.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, માર્ગી બુધ-તુલા, વક્રી ગુરુ-કર્ક/મિથુન, શુક્ર-વૃશ્ચિક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# 'છઠ્ઠી ડિસેમ્બરે બેલડાંગામાં બાબરી જેવી મસ્જિદનો શિલાન્યાસ'

## ટીએમસીમાંથી સસ્પેન્ડ કરાયેલા વિધાનસભ્ય હુમાયુ કબીરનો હુંકાર

કોલકાતા/બહરામપુરઃ પશ્ચિમ બંગાળના શાસક પક્ષ તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)એ મુર્શિદાબાદ જિલ્લામાં બાબરી મસ્જિદ જેવી મસ્જિદ બનાવવાનો પ્રસ્તાવ મૂકીને હંગામો મચાવનાર તેના ભરતપુરના ધારાસભ્ય હુમાયુ કબીરને ગુરુવારે સસ્પેન્ડ કરી દીધા છે. છેલ્લા કેટલાક વર્ષોથી પાર્ટીના આંતરિક મુદ્દાઓ સહિત વિવિધ મુદ્દાઓ પર પોતાના વિવાદાસ્પદ નિવેદનોથી સમાચારમાં રહેતા કબીરે જાહેરાત કરી હતી કે પ્રસ્તાવિત મસ્જિદનો શિલાન્યાસ ૬ ડિસેમ્બરના રોજ બેલડાંગામાં કરવામાં આવશે. જે દિવસે વર્ષ ૧૯૯૨માં અયોધ્યામાં બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી હતી.

ટીએમસીના વરિષ્ઠ નેતા ફિરહાદ હકીમે કબીરને સસ્પેન્ડ કરવાની જાહેરાત કરતાં જણાવ્યું કે જ્યારે પાર્ટી રાજ્યમાં શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દ જાળવવા માટે કામ કરી રહી છે ત્યારે કબીરનું વર્તન ઘોર અનુશાસનહીનતા સમાન છે. મુર્શિદાબાદના નેતાઓ અખરુઝમાન અને નિયામત શેખ સાથે હકીમે કહ્યું કે કબીરને મુખ્ય પ્રધાન મમતા બેનરજીની મંજૂરીથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

રાજ્યના વરિષ્ઠ પ્રધાને કહ્યું કે કબીર સાંપ્રદાયિક રાજકારણમાં સામેલ હતા. જેનો ટીએમસી સખત વિરોધ કરે છે. ટીએમસી સાંપ્રદાયિક રાજકારણમાં વિશ્વાસ ધરાવતી નથી. હવેથી તેમનો પાર્ટી સાથે કોઇ સંબંધ રહેશે નહીં. અમારા ટોચના નેતૃત્વના આદેશ પર તેમને સસ્પેન્ડ કરવામાં આવી રહ્યા છે. જિલ્લા મુખ્યાલય બહરામપુરમાં એસઆઇઆર વિરુદ્ધ મુખ્ય પ્રધાન મમતા બેનરજીની રેલી પહેલા સસ્પેન્શનની જાહેરાત કરવામાં આવી હતી. હકીકતમાં જ્યારે આ સમાચાર આવ્યા ત્યારે કબીર રેલી સ્થળ પર હાજર હતા.

### ભાજપ પાસેથી પૈસા લઇ કોમી તંગદિલી કેટલાક ગદ્દાર ફેલાવે છેઃ હુમાયુ પર મમતા બગડયાં

મુર્શિદાબાદ (પશ્ચિમ બંગાળ): પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનરજીએ ગુરુવારે કહ્યું કે મુર્શિદાબાદ ક્યારેય રમખાણની રાજનીતિનો સ્વીકાર કરશે નહીં અને કેટલાક 'ગદ્દાર' ભાજપ પાસેથી રૂપિયા લઈને કોમી તંગદિલી ભડકાવે છે. નોંધનીય છે કે ટીએમસીએ ધારાસભ્ય હુમાયુ કબીરને તેમની 'બાબરી મસ્જિદ' જેવી મસ્જિદના પ્રસ્તાવ પર સસ્પેન્ડ કર્યા હતા. બહેરામપુરમાં એક રેલીને સંબોધતા બેનરજીએ ભરતપુરના ધારાસભ્ય કબીરનું નામ લીધા વિના કહ્યું હતું કે દરેક ધર્મમાં વિશ્વાસઘાતીઓ હોય છે જે ચૂંટણી પહેલા અશાંતિ ભડકાવવાનો પ્રયાસ કરે છે. ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલા સાંપ્રદાયિક સંવાદિતાને ખલેલ પહોંચાડવાના સંભવિત પ્રયાસો સામે લોકોને ચેતવણી આપવા માટે તેમણે લઘુમતી-પ્રભુત્વ ધરાવતા મુર્શિદાબાદના બહુમતીવાદી વારસાનો ઉલ્લેખ કર્યો હતો.

બેનરજીએ કહ્યું હતું કે મુર્શિદાબાદના લોકો રમખાણની રાજનીતિ સ્વીકારતા નથી, ચૂંટણીના થોડા મહિના પહેલા દ્વેષ ભડકાવવાના કોઈપણ પ્રયાસને વિશ્વાસઘાત ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે કેટલાક લોકો ચૂંટણી પહેલા પૈસા લે છે અને ભાજપની સેવા કરે છે. યાદ રાખો, તેઓ તમારા દુશ્મન છે. બેનરજીએ મુર્શિદાબાદની પરંપરાઓનો ઇતિહાસ, તેના નવાબી વારસા અને ધાર્મિક ધ્રુવીકરણ સામે અત્યાર સુધીની સૌથી કડક ચેતવણી આપી હતી.

# એક વર્ષમાં દેશભરમાં બૅરિયર-ફ્રી ટૉલ વસૂલી વ્યવસ્થાઃ ગડકરી

નવી દિલ્હી : હાલની ટોલ ભેગા કરવાની સિસ્ટમ એક વર્ષની અંદર અંતમાં આવશે અને એના સ્થાને એવી ઈલેક્ટ્રોનિક સિસ્ટમ આવશે જે હાઈવે પર મોટરિસ્ટને સુવાળો અનુભવ આપશે, એવી જાહેરાત કેન્દ્રના પ્રધાન નીતિન ગડકરીએ ગુરુવારે કરી હતી. નવી સિસ્ટમનો અખતરો ૧૦ સ્થળોમાં કરવામાં આવ્યો હતો અને હવે એનું વિસ્તરણ એક વર્ષની અંદર આખા દેશમાં કરાશે, એવી માહિતી કેન્દ્રના રોડ પરિવહન અને હાઈવે મિનિસ્ટર ગડકરીએ આપી હતી.

તેમણે કહ્યું હતું કે આ ટોલ સિસ્ટમનો અંત આવશે. તમને હવે ટોલના નામે કોઈ અટકાવશે નહીં. એક વર્ષની અંદર આખા દેશમાં બૅરિયર-ફ્રી ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શનનો અમલ કરાશે. ગડકરીએ એવી પણ માહિતી આપી હતી કે હાલમાં આખા દેશમાં ૧૦ લાખ કરોડ રૂપિયાના ૪,૫૦૦ હાઈવે પ્રોજેક્ટ ચાલુ છે. તાજેતરમાં બહાર પાડવામાં આવેલા નિવેદન પ્રમાણે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (એનપીસીઆઈ)એ નેશનલ

ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન (એનીટીસી) પ્રોગ્રામ વિકસાવ્યો છે જેનો હેતુ ભારતના હાઈવે પર ટોલ ઉઘરાવાનું સરળ બનાવવાનો અને ઈલેક્ટ્રોનિક ટોલ પેમેન્ટ માટે સંગઠિત અને માહિતીની આપલે અને ઉપયોગ કરવા માટેની કૉમ્પ્યુટર સિસ્ટમ અને સોફ્ટવેર- નેશનલ ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન પ્રોગ્રામ વિકસાવ્યો છે. આના પાયામાં ફાસ્ટેગ છે. આ રેડિયો ફ્રીકવન્સી આઈડેન્ટિફિકેશન આધારિત ડિવાઈસ છે જે વાહનની વિન્ડસ્ક્રીનમાં લગાડવામાં આવે છે. ગડકરીએ લેખિત જવાબમાં કહ્યું હતું કે સરકારે યુઝર ફી કલેક્શન માટે નવી મૌલિક રીત અપનાવવાનો નિર્ણય લીધો છે. જેથી ભીડ ઓછી થઈ જાય અને ફી પ્લાઝામાં વિલંબ ન થાય. (એજન્સી)

# મુનીરનું અમેરિકા સાથેનું હનીમૂન પૂરું?: તેમના પર બંધીની ૪૪ સાંસદની માગણી

વોશિંગ્ટનઃ અમેરિકાના ૪૪ સાંસદોએ બુધવારે વિદેશ મંત્રી માર્કો રુબિયોને પત્ર લખીને પાકિસ્તાન આર્મીના ચીફ અસીમ મુનીર અને અન્ય અધિકારીઓ વિરુદ્ધ માનવાધિકાર ઉલ્લંઘન માટે તાત્કાલિક પ્રતિબંધો લગાવવાની માગ કરી હતી. આ પત્ર ડેમોક્રેટના મહિલા સાંસદ પ્રમિલા જયપાલ અને સાંસદ ગ્રેગ કાસરના નેતૃત્વમાં લખવામાં આવ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે પાકિસ્તાનમાં સરમુખત્યારશાહી વધી રહી છે. પત્રકારોને ધમકી આપવામાં આવી રહી છે, અપહરણ કરવામાં આવી રહ્યું છે અથવા દેશ છોડવા માટે મજબૂર કરવામાં આવી રહ્યા છે. આ સાંસદોએ આરોપ લગાવ્યો હતો કે પાકિસ્તાનમાં સેના સરકાર ચલાવી રહી છે. દેશમાં સામાન્ય લોકોના અધિકારોનું મોટા પાયે હનન થઈ રહ્યું છે. વિદેશમાં રહેતા પાકિસ્તાની-અમેરિકન નાગરિકોને પણ સરકાર વિરુદ્ધ બોલવા બદલ ધમકી આપવામાં આવી રહી છે.આ પત્રમાં મુનીરના નેતૃત્વમાં લશ્કરી ભ્રષ્ટાચાર પર રિપોર્ટિંગ કર્યા પછી અમેરિકામાં રહેનારા પત્રકાર અહમદ નૂરાનીના ભાઈઓનું અપહરણ કરી ટોર્ચર કરવામાં આવ્યા હતા અને સંગીતકાર સલમાન અહમદ, જેમના પરિવારનું પણ અપહરણ કરાયું હતું. તેમાં લશ્કરી અદાલતોમાં નાગરિકો પર કેસ, વિરોધ પ્રદર્શનોને દબાવવા અને મહિલાઓ, લઘુમતીઓ અને બલુચ કાર્યકરોને પરેશાન કરવાની વાત કરવામાં આવી છે. કોંગ્રેસ ગ્લોબલ મેગ્નિટ્સ્કી પ્રતિબંધો, વિઝા પ્રતિબંધ, સંડોવાયેલા અધિકારીઓની સંપત્તિ ફ્રીઝ કરવા અને ઈમરાન ખાન અને રાજકીય કેદીઓની મુક્તિની માંગ કરવામાં આવી છે .આ પત્રમાં રુબિયોને પાંચ સવાલો કરાયા હતા. જેમાં મુનીર પર હજુ સુધી કોઈ પ્રતિબંધો કેમ નથી લગાવ્યા, અમેરિકન નાગરિકોને ધમકીઓ પર જવાબ અને પાકિસ્તાની નેતાઓ અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચેની તાજેતરની બેઠકોનું સંચાલન સામેલ છે.

## સોશ્યલ મીડિયા અકાઉન્ટ પબ્લિક કરોઃ એચ-વનબી અને એચ-૪ના અરજદારોને કહેવાયું

ન્યૂ યોર્ક/વૉશિંગટન : અમેરિકાની સરકારે એચ વનબીના અરજદારો અને તેમના એચ-ફોરના પરાધીન માટેની ચકાસણી અને તપાસના પગલા વિસ્તૃત બનાવીને અરજદારોને સોશ્યલ મીડિયાના તેમના પ્રોફાઈલમાં પ્રાઈવસી સેટિંગમાં 'પબ્લિક' સ્ટેટસ રાખવાનું જણાવ્યું છે. વિદેશ મંત્રાલયે બુધવારે બહાર પાડેલા હુકમમાં જણાવ્યું હતું કે ૧૫ ડિસેમ્બરથી એચ વનબી અરજદારો અને તેમના પરાધીનોના ઓનલાઈનની હાજરીની સમીક્ષા કરાશે.

વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓની આવી તપાસ આ અગાઉ જ થાય છે. હવે આનું વિસ્તરણ કરીને એમાં એચવનટુબી અને એચ-ફોર વિઝા માટે અરજદારોનો ઉમેરો કરાયો છે.

વિદેશ ખાતાએ કહ્યું હતું કે આ પ્રકારની તપાસ થઈ શકે એ માટે એચ-વનબી અને તેમના પર આધાર રાખતાકુટંબીજનો (એચ-૪), 'એફ', 'એમ' અને 'જે' બિનવસાહતી વિઝા અરજદારોને તેમના સોશ્યલ મીડિયા પ્રોફાઈલના પ્રાઈવસી સેટિંગને 'પબ્લિક' કરવાની સૂચના અપાય છે.

## પહેલા પાનાનું ચાલુ

### ઈન્ડિગોનાં

વધુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ રદ કરી હતી. ત્રીજા દિવસે પણ કામગીરીમાં વિક્ષેપ યથાવત્ રહ્યો હતો જેનાથી સેંકડો મુસાફરોની ટ્રાવેલ યોજનાઓ પર અસર પડી હતી. વિવિધ એરપોર્ટ પર નોંધપાત્ર સંખ્યામાં ઇન્ડિગો ફ્લાઇટ્સ પણ મોડી પડી હતી, કારણ કે ક્રૂની મુશ્કેલીઓ અને સમયપત્રકમાં ફેરફાર એરલાઇનના સંચાલન પર અસર કરી છે. ઓન ટાઇમ પર્ફોર્મન્સ (ઓટીપી) અથવા સમયપાલન ૧૯.૭ ટકા સુધી ઘટી ગયાના એક દિવસ પછી એરલાઇન ફ્લાઇટમાં અડચણો આવી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે બપોર સુધી ૩૦૦થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે.

સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું હતું કે દિલ્હી એરપોર્ટ પર ઓછામાં ઓછી ૯૫, મુંબઈ એરપોર્ટ પર ૮૫, હૈદરાબાદમાં ૭૦ અને બેંગલુરુમાં ૫૦ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે. આ ઉપરાંત, અન્ય એરપોર્ટ પર પણ રદ કરવામાં આવી હતી. દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, કોલકાતા, બેંગલુરુ અને હૈદરાબાદ છ મુખ્ય એરપોર્ટના ડેટાના આધારે, બુધવારે ઇન્ડિગોનો ઓટીપી ઘટીને ૧૯.૭ ટકા થયો, જે ૨ ડિસેમ્બરના રોજ ૩૫ ટકા હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ) પરિસ્થિતિ અંગે ચર્ચા કરવા માટે એરલાઇન અધિકારીઓ સાથે બેઠક કરી રહ્યું છે.

ડીજીસીએ બુધવારે જણાવ્યું હતું કે તે ઇન્ડિગો ફ્લાઇટમાં અડચણની તપાસ કરી રહ્યું છે અને એરલાઇનને વર્તમાન પરિસ્થિતિનાં કારણો તેમજ ફ્લાઇટ રદ અને વિલંબ ઘટાડવાની તેની યોજનાઓ રજૂ કરવા જણાવ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે એફડીટીએલ (ફ્લાઇટ ડ્યૂટી સમય મર્યાદા) ધોરણોના બીજા તબક્કાના અમલીકરણ પછી એરલાઇન ક્રૂની તીવ્ર અછતનો સામનો કરી રહી છે.

ગુરુવારે ઇન્ડિગોએ કોઈ નિવેદન જાહેર કર્યું નથી, પરંતુ દરરોજ લગભગ ૨,૩૦૦ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સનું સંચાલન કરતી એરલાઇન્સે બુધવારે જણાવ્યું હતું કે અણધાર્યા ઓપરેશનલ પડકારોના કારણે છેલ્લા બે દિવસથી નેટવર્ક પર તેની કામગીરીમાં નોંધપાત્ર અવરોધ આવ્યો છે અને મુસાફરોને અસુવિધા બદલ માફી માગી છે. પરિસ્થિતિને સામાન્ય બનાવવા માટે એરલાઇન તેના સમયપત્રકને ક્રમબદ્ધ રીતે સમાયોજિત કરી રહી છે.

ફેડરેશન ઓફ ઇન્ડિયન પાઇલટ્સે આરોપ લગાવ્યો છે કે કોકપિટ ક્રૂ માટે નવા ફ્લાઇટ ડ્યુટી અને આરામ સમયગાળાના ધોરણોના સંપૂર્ણ અમલીકરણ પહેલાં બે વર્ષની તૈયારી વિન્ડો હોવા છતાં, ઇન્ડિગોએ ''અસ્પષ્ટપણે'' ''ભાડે રાખવાનું સ્થિર'' અપનાવ્યું છે.

વધુમાં, પાઇલટ્સના જૂથને વિનંતી કરી છે કે જ્યાં સુધી તેમની પાસે નવા ધોરણો અનુસાર સુરક્ષિત અને વિશ્વસનીય રીતે તેમની સેવાઓ ચલાવવા માટે પૂરતો સ્ટાફ ન હોય ત્યાં સુધી એરલાઇન્સના મોસમી ફ્લાઇટ સમયપત્રકને મંજૂરી ન આપે.

### મોદી કોઈના

કહ્યું હતું કે ભારત-રશિયા કોઓપરેશનના વિશાળ અવકાશને ધ્યાનમાં રાખીને ''ચર્ચા કરવા માટે ઘણું બધું'' છે અને બંને દેશો વચ્ચેના સંબંધોના ''અનોખા'' ઇતિહાસ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે સ્વતંત્રતા પછી ભારતની પ્રગતિની પણ પ્રશંસા કરી હતી અને કહ્યું કે માત્ર ૭૭ વર્ષમાં દેશે નોંધપાત્ર વિકાસ હાંસલ કર્યો છે.

સપ્ટેમ્બરમાં ચીનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (એસસીઓ) સમિટ દરમિયાન વડાપ્રધાન મોદીને પોતાની કારમાં બેસાડવા અંગે પૂછાયેલા સવાલ પર તેમણે કહ્યું કે આ તેમનો વિચાર હતો. પીએમ મોદી સાથે કારમાં સવારી મારો આઈડિયા હતો. તે અમારી મિત્રતાનું પ્રતિક હતું.

રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે તેઓ સમિટના એજન્ડા પર ચર્ચા કરી રહ્યા હતા. ''તે અગાઉથી આયોજિત નહોતું. અમે બહાર નીકળ્યા, મારી કાર ત્યાં હતી અને મેં કહ્યું કે આપણે સાથે સવારી કરીએ. તે કોઈ મોટું ઓર્કેસ્ટ્રેશન નહોતું, અમે ફક્ત મિત્રો તરીકે કારમાં બેઠા હતા.''વધુમાં તેમણે કહ્યું હતું કે ''અમે સમગ્ર મુસાફરી દરમિયાન વાત કરી હતી. અમારી પાસે ચર્ચા કરવા માટે હંમેશા કંઈક હોય છે. પછી અમે ઘણા સમય સુધી કારની અંદર પણ બેઠા હતા

પુતિને કહ્યું હતું કે ભારત એક મહાન દેશ છે જેની અર્થવ્યવસ્થા ઝડપથી ૭.૭ ટકાના દરે વૃદ્ધિ પામી રહી છે. વડા પ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ આ એક સિદ્ધિ છે, અને જેના પર ભારત ગર્વ કરી શકે છે. બંને દેશો પાસે અદ્યતન ટેકનોલોજી સહિત મુખ્ય ક્ષેત્રોને આવરી લેતી એક વ્યાપક સહયોગ યોજના છે. ભારત અને રશિયા અવકાશ સંશોધન, પરમાણુ ઊર્જા, જહાજ નિર્માણ અને વિમાન ઉત્પાદનમાં સાથે મળીને કામ કરી રહ્યા છે. અમે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર પણ ચર્ચા કરી શકીએ છીએ, જે આપણા વિશ્વને બદલી રહી છે.

### વિપક્ષી નેતા

મનામોહન સિંહના કાર્યકાળ દરમિયાન આ પરંપરાનું પાલન થતું હતું, પરંતુ હવે વિદેશી મહાનુભાવો ભારત આવે કે હું વિદેશ જાઉં છું ત્યારે સરકાર તેમને વિપક્ષના નેતાને ન મળવા જણાવે છે.

વર્તમાન સરકારની આ નીતિ છે અને દરેક વખતે તે આમ જ કરે છે એમ જણાવતાં રાહુલે કહ્યું હતું કે હું વિદેશ જાઉં છું ત્યારે પણ અને વિદેશી મહાનુભાવો ભારત આવે ત્યારે પણ સરકાર આમ જ કરે છે.

અમને એવો સંદેશો મળે છે કે સરકાર વિદેશી મહાનુભાવોને મને ન મળવા જણાવે છે, એમ રાહુલે કહ્યું હતું.

આ પ્રકારની બેઠકનાં મહત્ત્વ પર પ્રકાશ પાડતાં રાહુલે કહ્યું હતું કે વિપક્ષ અલગ દૃષ્ટિકોણ આપે છે.

માત્ર સરકાર જ નહીં અમે પણ ભારતનું પ્રતિનિધિત્વ કરીએ છીએ એમ જણાવતાં રાહુલે સવાલ કર્યો હતો કે શા માટે સરકાર આવું કરી રહી છે? શું સરકાર અસુરક્ષા અનુભવી રહી છે?

રાહુલના નિવેદનનો પડઘો પાડતાં પ્રિયંકા ગાંધી વાડરાએ પણ કહ્યું હતું કે ભારતની મુલાકાતે આવતા વિદેશી મહાનુભવો વિપક્ષના નેતાને મળે એ શિષ્ટાચાર છે અને લોકશાહીમાં શિષ્ટાચારનું પાલન થવું જોઈએ. (એજન્સી)

### મૉસ્કો સે આયા

ચેનલ લોન્ચ કરવાના છે. રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ શુક્રવારે પુતિનના માનમાં સરકારી ભોજન સમારોહ રાખશે

ભારતે રશિયા પાસેથી ખરીદેલા મોટા પ્રમાણમાં ખનિજ તેલ ખરીદ્યું હોવાથી વેપારી તુલામાં મોટી વેપારી ખાધ ઊભી થઈ છે. ભારત આ ખાધ ઓછી થવા માટે ભારતની નિકાસ વધારવાનું રશિયાને કહેશે. (એજન્સી)

### અમને માફ

સંદેશામાં કબૂલાત કરી હતી કે એરલાઈન ગ્રાહકોને સારો અનુભવ આપવાનું વચન સાકાર કરી શકી નથી.

આપણે ઈચ્છી છીએ કે દરેકને સારો અનુભવ મળે, પરંતુ એ વચન છેલ્લા થોડા દિવસોમાં આપણે સાકાર કરી શક્યા નથી. અમે આ માટે જાહેરમાં માફી માગીએ છીએ, એમ તેમણે કહ્યું હતું.

દેશની સૌથી મોટી એરલાઈન છેલ્લા થોડા દિવસોથી ઑપરેશનમાં વિક્ષેપની સમસ્યાનો સામનો કરી રહી છે અને ગુરુવારે ૩૦૦ ફ્લાઈટ રદ થઈ હતી, જ્યારે અનેક ફ્લાઈટ મોડી પડી હતી. આ પાર્શ્વભૂમિમાં એલ્બર્સે કહ્યું હતું કે થોડા દિવસો ઈન્ડિગોના ગ્રાહકો અને સાથીદારો માટે વિકટ રહ્યા છે. આપણે દિવસે ૩,૮૦,૦૦૦ ગ્રાહકોને સેવા આપીએ છીએ.

તેમના જણાવ્યા પ્રમાણે ઑપરેશનમાં અનેક પડકારો, ટેક્નોલોજીમાં નાની અડચણો, શેડ્યુલમાં ફેરફાર, વિપરિત હવામાન, એવિયેશન ઈકોસિસ્ટમમાં વધેલી ભીડ ને નવા ફ્લાઈટ ડ્યૂટી ટાઈમ લિમિટેશન્સ (એફડીટીએલ)નો નિયમ વગેરેને લીધે એરલાઈનના ઑપરેશનમાં ગંભીર વિપરિત અસર પડી છે. એરલાઈન દરરોજ ૨,૩૦૦ ફ્લાઈટ ઑપરેટ કરે છે અને ત્રીજી ડિસેમ્બરે તેનો ઓન ટાઈમ પર્ફોર્મન્સ ૧૯.૭ ટકા જેટલો નીચો થઈ ગયો. (એજન્સી)

### ભારત-રશિયામાં

શક્યતા છે. નૌકાદળના વડા દિનેશ ત્રિપાઠીએ કહ્યું હતું કે ભારત ઈચ્છે છે કે ૨૦૨૭ સુધીમાં અણુ સબમરીન મળી જાય. રશિયાને મળનારી આ બીજી અણુ સબમરીન હશે. અગાઉ વર્ષ ૨૦૧૨માં રશિયાએ આઈએનએસ ચક્ર સબમરીન ૧૦ વર્ષ માટે લીઝ પર આપી હતી. પરમાણુ ઊર્જાથી ચાલતી સબમરીન ડીઝલ-ઈલેક્ટ્રીક સબમરિનની સરખામણીએ વધુ સમય પાણીની નીચે રહી શકે છે અને તેને શોધી કાઢવી વધુ મુશ્કેલ હોય છે. આ કારણે પડોશી દેશ ચીન અને પાકિસ્તાનની ઊંઘ ઊડી ગઈ છે. દરમિયાન ભારત પરમાણુ ઊર્જા સંચાલિત 'અટેક' સબમરીનના નિર્માણની પણ તૈયારી કરી રહ્યું છે. આ સબમરિન દુશ્મન દેશની સબમરીન તેમ જ દરિયામાં તરતા જહાજને શોધી કાઢી તેનો નાશ કરવા ડિઝાઈન કરવામાં આવી છે. અત્યાર સુધી માત્ર અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ચીન અને રશિયા પાસે જ પરમાણુ ઊર્જા સંચાલિત સબમરીનની ટેકનિક હતી. ભારતની ત્રીજી પરમાણુ ઊર્જા સંચાલિત બેલિસ્ટિક મિસાઈલ સબમરીન આવતા વરસે નૌકાદળમાં સામેલ થશે એવી આશા છે.

# બૉમ્બની ધમકીને પગલે મદીના-હૈદરાબાદ ફ્લાઈટને અમદાવાદ ડાઈવર્ટ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાઉદી અરેબિયાના મદીનાથી હૈદરાબાદ જતી ઇન્ડિગો ફ્લાઇટને ગુરુવારે બૉમ્બની ધમકીને કારણે અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હોવાનું એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. બપોરે ૧૨:૩૦ વાગ્યે ફ્લાઇટે સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું હતું અને તમામ મુસાફરો અને ક્રૂને વિમાનની સંપૂર્ણ તપાસ કરવા માટે નીચે ઉતારવામાં આવ્યા હતા, એમ ઝોન ૪ના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ અતુલ બંસલે જણાવ્યું હતું.

જ્યારે ફ્લાઇટ મદીનાથી હૈદરાબાદ જઈ રહી હતી ત્યારે કોઈએ ઇન્ડિગોને એક ઇ-મેઇલ મોકલ્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે વિમાનમાં બૉમ્બ મૂકવામાં આવ્યો છે. અમદાવાદ સૌથી નજીકનું એરપોર્ટ હોવાથી પાઇલટે સાવચેતીના પગલાં તરીકે અહીં ઉતરાણ કરવાનો નિર્ણય લીધો હતો, એમ બંસલે જણાવ્યું હતું.

બૉમ્બ ધમકી અંગે ચેતવણી મળ્યા બાદ, સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યોરિટી ફોર્સ અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ મદદ કરવા માટે ઘટનાસ્થળે દોડી ગઈ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. પ્રારંભિક શોધ દરમિયાન કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું. (પીટીઆઈ)

# પાકિસ્તાની જાસૂસો સાથે સંવેદનશીલ માહિતી શેર કરવા બદલ ભૂતપૂર્વ સૈનિક અને મહિલાની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ)એ પાકિસ્તાની એજન્ટો સાથે લશ્કરી મથકો અને કર્મચારીઓ વિશે સંવેદનશીલ માહિતી શેર કરવાના આરોપમાં એક નિવૃત્ત આર્મીમેન અને એક મહિલાની ધરપકડ કરી હતી. આરોપી અજયકુમાર સિંહને પાકિસ્તાની ગુપ્તચર અધિકારીએ ભારતીય સેનાની રેજિમેન્ટની ગતિવિધિઓ અને મુખ્ય લશ્કરી અધિકારીઓની ટ્રાન્સફર વિશે માહિતી આપવા માટે લલચાવ્યો હતો, જ્યારે અન્ય આરોપી, રશ્મણી પાલને અમુક વ્યક્તિઓને હનીટ્રેપમાં ફસાવવાનું કહેવામાં આવ્યું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. મૂળ બિહારનો વતની અજયકુમાર સિંહ (૪૭) ની ગોવામાં ધરપકડ કરવામાં આવી હતી, જ્યાં તે ૨૦૨૨ માં નિવૃત્તિ પછી એક ડિસ્ટિલરીમાં કામ કરતો હતો. જ્યારે મૂળ ઉત્તર પ્રદેશની ૩૫ વર્ષીય રશ્મણીને કેન્દ્રશાસિત પ્રદેશ દમણથી પકડી લેવામાં આવી હતી, જ્યાં તે ખાનગી ટ્યૂશન લેતી હતી, એમ એટીએસે જણાવ્યું હતું. અંકિતા શર્મા નામથી પોતાની જાતને ઓળખાવતી એક પાકિસ્તાની ગુપ્તચર અધિકારી અજયકુમારના સંપર્કમાં હોવાનું પણ અધિકારીઓએ જણાવ્યું હતું. પ્રિયા ઠાકુરની નકલી ઓળખ હેઠળ કામ કરતી રશ્કણિ કથિત રીતે તેના પાકિસ્તાની હેન્ડલરોના ઇશારે લશ્કરી કર્મચારીઓ સાથે મિત્રતા કરીને તેમની પાસેથી માહિતી મેળવવા માટે કામ કરતી હતી, એમ એટીએસ અધિકારી સિદ્ધાર્થ કોરુકોન્ડાએ જણાવ્યું હતું. ૨૦૨૨માં નાગાલેન્ડના દિમાપુર શહેરમાં ભારતીય સેનામાં સુબેદાર હતા ત્યારે અંકિતા શર્મા નામની વ્યક્તિએ અજયકુમારનો સંપર્ક કર્યો હતો. સિંહે નિવૃત્તિ પછી ગોવામાં સુરક્ષા ગાર્ડની નોકરી સ્વીકારી હતી. (પીટીઆઈ)

# રણોત્સવ, નાતાલને અનુલક્ષીને સૌ પ્રથમવાર ભુજ-બાન્દ્રા વચ્ચે વિશેષ ટ્રેન દોડાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ધોરડોના શ્વેત રણમાં રણોત્સવનો પ્રારંભ થયા બાદ શરૂ થયેલા પર્યટકોના ધસારાને ધ્યાનમાં રાખીને કચ્છથી મુંબઈ વચ્ચે સાપ્તાહિક, ત્રિ-સાપ્તાહિક અને દૈનિક ધોરણે ટ્રેનો દોડી રહી હોવા છતાં વેઈટિંગ લિસ્ટનાં પાટિયા ઝૂલી રહ્યાં છે.

આ સમસ્યાને હળવી બનાવવા પશ્ચિમ રેલવે દ્વારા પ્રથમ વખત ભુજથી બાન્દ્રા વચ્ચે સ્પેશિયલ ટ્રેન સપ્તાહમાં બે વખત એ.સી. ટ્રેનની ૨૪ ટ્રીપ દોડાવવાની જાહેરાત કરવામાં આવી હતી. રેલવે પ્રવક્તાના જણાવ્યા અનુસાર, રણોત્સવ અને નાતાલના તહેવારને અનુલક્ષીને વિશેષ ટ્રેન આગામી તા. ૬ ડિસેમ્બરથી દોડાવાશે. ભુજથી આ ટ્રેન દર શુક્રવારે અને રવિવારે અને મુંબઈના બાન્દ્રા ટર્મિનસથી દર ગુરુવારે અને શનિવારે દોડશે. બાન્દ્રાથી ડિસેમ્બરમાં તા. ૬, ૧૧, ૧૩, ૧૮, ૨૦, ૨૫, ૨૭ જ્યારે જાન્યુઆરીમાં તા. ૧, ૩,૮,૧૦ અને તા. ૧૫ જાન્યુઆરી સુધી દોડાવાશે, તેવી માહિતી મળી હતી.

જ્યારે ભુજથી ડિસેમ્બરમાં તા. ૭, ૧૨,૧૪, ૧૯, ૨૧, ૨૬, ૨૮ના, જાન્યુઆરીમાં તા. ૨, ૪, ૯, ૧૧,૧૬ સુધી દોડાવાશે.

# વલસાડમાં સાપને સીપીઆર આપી જીવંત કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી )

અમદાવાદઃ ગુજરાતના વલસાડના નાનાપોંઢા ગામમાં એક જીવદયાનો અનોખો કિસ્સો સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પર વાયરલ થયો હતો. અહીંના એક ગામમાં એક સાપ વીજશોકને લીધે ઈજાગ્રસ્ત થયો હતો અને તેને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી, પરંતુ એક સમાજસેવી સંસ્થાના સભ્યએ તેને સીપીઆર આપી ફરી જીવંત કર્યો હતો. આ ઘટના અહીંના નાનાપોંઢાના આમધા ગામની હોવાનું જાણવા મળ્યું હતું. અહીં એક સાપને જોરદાર કરંટ લાગતા સાપ લગભગ ૧૫ ફૂટ નીચે પડ્યો હતો અને તેનો શ્વાસ રોકાઈ રહ્યો હતો. આ વાતની જાણ વાઈલ્ડ લાઈફ માટે કામ કરતી સંસ્થાને થતાં સંસ્થાના સભ્ય મુકેશ વાયડ ઘટનાસ્થળ પર આવ્યો હતો અને સાપનું મોઢું ખોલી પોતાના મોઢાથી તેને શ્વાસ આપી રહ્યો હતો. લગભગ વીસેક મિનિટની મહેનત બાદ તેણે સાપને ફરી જીવંત કર્યો અને ત્યારબાદ તેને સુરક્ષિત જગ્યાએ છોડી દીધો હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

# માત્ર ત્રણ-ચાર દિવસ સાસરામાં રહેલી મહિલાને ભરણપોષણ આપવાનો ફેમિલી કોર્ટનો આદેશ

અમદાવાદઃ જૂનાગઢની ફેમિલી કોર્ટે લગ્નના ૧૪ વર્ષ બાદ એક મહિલાને ભરણપોષણ આપવાનો આદેશ તેનાં પતિને આપ્યો હતો. અહીં નોંધનીય બાબત એ છે કે મહિલા લગ્ન બાદ માત્ર ત્રણથી ચાર દિવસ જ પતિ અને તેના પરિવાર સાથે સાસરામાં રહી હતી.

એક અહેવાલ દ્વારા મળતી વિગતો અનુસાર ૫ એપ્રિલ, ૨૦૧૧ના રોજ ૫૩ વર્ષીય બેંક અધિકારીએ જૂનાગઢના ગાયત્રી મંદિરમાં ૩૭ વર્ષીય મહિલા સાથે હિન્દુ વિધિ અનુસાર લગ્ન કર્યા હતા. આ બંનેના બીજા લગ્ન હતા.

મહિલાને તેનાં પહેલા લગ્નથી ૧૩ વર્ષની દીકરી હતી, પહેલા પતિ સાથે છૂટાછેડા લીધા બાદ તે તેની માતા સાથે રહેતી હતી. જ્યારે બેંક અધિકારી વિધુર હતા અને તેના બે પુત્રો હતાં, જે બંનેના લગ્ન થઇ ચૂક્યા હતાં. બેંક અધિકારીએ જીવનસાથી માટે અખબારોમાં જાહેરાતો આપી હતી, બાદમાં મહિલાએ તેનો સંપર્ક કર્યો હતો અને બંનેના લગ્ન થયા હતાં. જૂનાગઢની ફેમિલી કોર્ટમાં કરેલી ફરિયાદમાં મહિલાએ જણાવ્યું કે બીજા પતિના પરિવારના સભ્યો તેમના લગ્નથી નારાજ હતાં અને વારંવાર ઝઘડો કરતા હતા, આથી તે ફરીથી માતા સાથે રહેવા જતી રહી હતી. ફેમિલી કોર્ટમાં ફરિયાદ મુજબ મહિલા સાસરીયે ફક્ત ૩-૪ દિવસ રહી હતી. ફરિયાદ મુજબ પતિ તેને મનાવવા અને સાથે લઇ જવા આવ્યો ન હતો. બાદમાં પતિએ મહિલાનાં ફોન ઉપાડવાના પણ બંધ કર્યા હતા. ત્યારબાદ મહિલાએ ભરણપોષણનો દાવો કર્યો હતો. વર્ષ ૨૦૧૩માં જૂનાગઢની ફેમિલી કોર્ટે મહિલાને ભરણપોષણનો ઇનકાર કર્યો હતો, કારણ કે પતિએ દાવો કર્યો હતો કે મંદિરમાં યોજાતો કાર્યક્રમ ફક્ત તેમની સગાઈ હતી.

ફેમિલી કોર્ટના આ ચુકાદાને મહિલાએ ગુજરાત હાઈ કોર્ટ પડકાર્યો હતો. વર્ષો સુધી ચાલેલી સુનાવણી બાદ હાઈ કોર્ટે ફેમિલી કોર્ટના આદેશને રદ કર્યો અને જૂન ૨૦૨૫ માં આ મુદ્દા પર નવેસરથી નિર્ણય લેવા ફેમિલી કોર્ટને નિર્દેશ આપ્યો હતો.

# શિકાગોમાં રહેતા પાટીદાર પિતાની પુત્રએ કરી હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકાના શિકાગોમાં રહેતા વડોદરાના વૃદ્ધની તેમના જ પુત્રએ માથામાં હથોડીના ફટકા મારી હત્યા કરતાં ચકચાર મચી ગઈ હતી. મળતી વિગત પ્રમાણે, શિકાગોના સ્કોમબર્ગ વિસ્તારમાં આ ઘટના બની હતી. ૬૭ વર્ષીય અનુપમ પટેલની હત્યા તેમના જ પુત્રએ કરી હતી.

આ ઘટનાની મળતી માહિતી અનુસાર લાંબા સમયથી પિતાને પુત્ર અભિજિત સાથે વિવાદ ચાલતો હતો. પિતાએ પુત્રના વર્તન અંગે પોલીસ ફરિયાદ કરી હતી. જેનાથી રોષે ભરાયેલા પુત્રએ ઘરમાં ઘૂસી પિતાને માથામાં હથોડીના ઘા માર્યા હતા, જેના કરાણે પિતા લોહીલુહાણ હાલતમાં સોફા પર ફસડાઈ પડ્યા હતા અને તેમનું મોત નિપજ્યું હતું. સૂત્રોના કહેવા પ્રમાણે, અમેરિકામાં અભ્યાસ દરમિયાન અભિજિતે આપત્તિજનક મેસેજ અન્યના મોબાઈલ પર મોકલ્યા હતા. જેથી બાપ-દીકરા વચ્ચે વિવાદ થયો હતો. પુત્રથી ખતરો લાગતા પિતાએ પોલીસને જાણ કરી હતી. પોલીસે અભિજિતની અટકાયત કરી હતી અને કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે તેને પિતાથી દૂર રહેવા આદેશ આપ્યો હતો.

પુત્રએ હત્યા કર્યા બાદ પોતે જ પોલીસને ફોન કરીને આ અંગેની જાણકારી આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ઘાતકી રીતે હત્યા કરવામાં આવી હોવાથી ફર્સ્ટ ડિગ્રી મર્ડર તરીકે ગુનો નોંધવામાં આવ્યો છે. આ કેસમાં આરોપીને ૨૦થી લઈ ૬૦ વર્ષ સુધી સજા થઈ શકે છે. હત્યાના પગલે શિકાગોમાં રહેતા ગુજરાતી પરિવારોમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# દક્ષિણ એશિયાની પહેલી ફુલ આયર્નમેન ટ્રાયથ્લોન ગુજરાતના ધરોઈમાં યોજાવાની સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉત્તર ગુજરાતનું ધરોઈ દક્ષિણ એશિયાની પહેલી ફૂલ આયર્નમેન ટ્રાયથ્લોન માટે સંભવિત સ્થળ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. એન્ડ્યુરન્સ સ્પોર્ટિંગ ઇવેન્ટ્સનું સંચાલન કરતી સંસ્થા, યોક્સાના અધિકારીઓ ગાંધીનગરમાં રાજ્યના પ્રતિનિધિઓને મળ્યા અને જાણીતી ટ્રાયથ્લોન માટેના સ્થળ અંગે ચર્ચા કરી હતી. ધરોઈ આ માટેની પ્રસ્તાવિત જગ્યા હોવાનું નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ પણ સોશ્યલ મીડિયા દ્વારા જણાવ્યું હતું. રાજ્ય સરકાર આ સ્થળને એડવેન્ચર ટૂરિઝમ સેન્ટર તરીકે વિકસાવા માગે છે, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

ગુજરાતને ૨૦૨૩ની કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળી છે. હવે તો આ પહેલી ફૂલ ટ્રાયથ્લોનનું આયોજન પણ ગુજરાતમાં થશે તો રમતગમતનાં મોટાં આયોજનો માટે ગુજરાત વિશ્વમાં એક મહત્ત્વનું સ્થળ બની જશે. નોંધનીય છે કે જો ધરોઈમાં આયોજનની મંજૂરી મળશે તો દક્ષિણ એશિયામાં પ્રથમ ફૂલ આયર્નમેન ટ્રાયથ્લોન ગુજરાતમાં યોજાઈ હોવાનું ગૌરવ પણ ગુજરાતને મળશે. અગાઉ હાફ આયર્નમેન ઇવેન્ટ્સ ગોવા, તમિળનાડુ અને કર્ણાટકમાં યોજાઈ ચૂક્યા છે.

ફૂલ આયર્નમેન ટ્રાયથ્લોન ત્રણ દિવસ સુધી ચાલે છે અને ૨૨૬ કિમી આવરી લે છે, જેમાં ૩.૮ કિમી સ્વિમિંગ, ૧૮૦ કિમી સાઇકલિંગ સેગમેન્ટ અને ૪૨.૨ કિમી મેરેથોનનો સમાવેશ થાય છે. એવું જાણવા મળ્યું છે કે યોક્સાના અધિકારીઓએ અન્ય વિકલ્પોની સમીક્ષા કર્યા પછી ધરોઈને શોર્ટલિસ્ટ કર્યું છે અને સંકેત આપ્યો છે કે તેમને રૂટ તૈયાર કરવા માટે ઓછામાં ઓછા એક વર્ષનો સમય લાગશે, એટલે કે આ ઇવેન્ટ ડિસેમ્બર ૨૦૨૬ અથવા ૨૦૨૭ ની શરૂઆતમાં યોજાઈ શકે છે, તેવી વિગતો એક અહેવાલ દ્વારા મળી હતી.

વધુમાં, સરકાર ધરોઈ ડેમ સાઇટ પર ૩૦ દિવસનો રમતોત્સવ યોજવાનું પણ વિચારી રહી છે.

# નલ સે જલ યોજના અંતર્ગત ગુજરાતમાં સો ટકા કામગીરીઃ કેન્દ્ર સરકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંસદના શિયાળુ સત્રના ચોથા દિવસે બનાસકાંઠાનાં સાંસદ ગેનીબેન ઠાકોરે નલ સે જલ યોજનાની સ્થિતિ અંગે માહિતી માગી હતી. જેમાં નલ સે જલ યોજનાની વિગત માગવામાં આવી હતી. તેમણે પૂછ્યું કે, શું જલ જીવન મિશન (જેજેએમ) અંતર્ગત હર ઘર નલ સે જલ યોજના દેશભરમાં ટાર્ગેટ પૂરો કરી શકી છે કે નહીં, ભ્રષ્ટાચાર સંબંધિત ફરિયાદ મળવા પર શું પગલાં લેવામાં આવ્યાં, ગુજરાતમાં આ મિશનની વર્તમાન સ્થિતિ શું છે અને અત્યાર સુધીમાં કેટલા ગ્રામીણ પરિવારોને નળ કનેક્શન મળી શક્યું છે.

જેના જવાબમાં સરકારે જણાવ્યું કે, ઓગસ્ટ ૨૦૧૯થી ભારત સરકાર રાજ્યોની ભાગીદારીથી દેશભરના તમામ ગામડામાં પ્રત્યેક પરિવારને નળથી પીવાનું પાણી મળી રહે તે માટે જલ જીવન મિશન કાર્યરત કર્યું છે. આ મિશનની જાહેરાત વખતે ૩.૨૩ કરોડ (૧૭ કરોડ) ગ્રામીણ પરિવારો પાસે નળ કનેકશન હોવાની માહિતી હતી. ૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં રાજ્યો-કેન્દ્ર શાસિત પ્રદેશો દ્વારા આપવામાં આવેલી સૂચના મુજબ ૧૯.૩૬ કરોડ ગ્રામીણ પરિવારોમાંથી ૧૫.૭૫ કરોડ (૮૧.૩૬ ટકા)થી વધારે પરિવારોના ઘરમાં નળથી પાણી પહોંચાડવામાં આવ્યું છે અને બાકીના ૩.૫૯ કરોડ પરિવારને પાણી આપવાનું કામ પ્રગતિમાં છે.

ગુજરાત રાજ્યમાં ૧૦૦ ટકા ગ્રામીણ પરિવારો પાસે નળથી જળ કનેકશન છે.

# ખેતરમાં જ ૧૦૮ની ટીમે મહિલાની પ્રસૂતિ કરાવી, માતા-બાળક બંને સ્વસ્થ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના પીપોદરા ગામમાં ૧૦૮ની ટીમે એક સરાહનીય કાર્ય કર્યું હતું. પીપોદરા ગામના ખેતરમાં એક મહિલાની ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમે પ્રસૂતિ કરાવી હતી. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે પ્રસૂતિ બાદ માતા અને નવજાત શિશુ બંને સ્વસ્થ છે. આ સાથે બંનેને વધારે સારવાર માટે હિંમતનગર સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં.

હિંમતનગર તાલુકાના હરિઓમ કંપા (પીપોદરા ગામમાં) કૂવા ઉપર એટલે કે ખેતરમાં રહેતા દીપીબેન પ્રવીણભાઈ પારઘીને પ્રસૂતિની પીડા ઉપડી હતી. જેથી પરિવારે સત્વરે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરીને જાણ કરી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક તબીબી સહાય માટે આવી પહોંચી હતી. હૉસ્પિટલ લઈ જવાનો સમય ના હોવાના કારણે એમ્બ્યુલન્સની ટીમે જ પ્રસૂતિ કરવાની ફરજ પડી હતી. જો કે, પ્રસૂતિ બાદ બંને જણ સુરક્ષિત અને સ્વસ્થય હોવાનું જાણવા મળતાં પરિવારે ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમનો ખાસ આભાર પણ વ્યક્ત કર્યો હતો.

# અમદાવાદના સહિતના ગુજરાતના ૭૭૭ સીસીટીવી કૅમેરા પર હૅકિંગનું જોખમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા સમય પહેલા રાજકોટની એક હોસ્પિટલના હેક થયેલા સીસીટીવી ફૂટેજ વાયરલ થયા હતા. ત્યારબાદ દેશભરમાં સીસીટીવી ફૂટેજને લઈ ચર્ચા શરૂ થઈ છે. રાજકોટની ઘટના બાદ ગુજરાતનાં ઘણાં શહેરોમાં સીસીટીવી હેક થવાનું જોખમ હોવાનું બહાર આવ્યું હતું. આઈઓટી ઉપકરણો પરના યુએસ-સ્થિત સાયબર-સિક્યોરિટી નિષ્ણાતના અહેવાલ મુજબ, ૭૭૭ આઈપી-આધારિત કેમેરા સંવેદનશીલ જણાયા છે. આ કેમેરામાં નબળા સ્પોટ્સ મળી આવ્યા હતા જેનાથી હેકર્સ આ વર્ષે ફેબ્રુઆરીમાં દેશભરના ૮૦ ખાનગી ઈન્ટરનેટ પ્રોટોકોલ આધારિત સીસીટીવી કેમેરા ડેશબોર્ડ્સમાંથી ૫૦,૦૦૦ ખાનગી ક્લિપ્સ ચોરી શક્યા હતા. આ વીડિયો ક્લિપ્સ બાદમાં ટેલિગ્રામ ગ્રૂપ અને પોર્ન નેટવર્ક્સ પર વેચવામાં આવી હતી.

સાયબર-સિક્યોરિટી ટ્રેકર્સ ચેતવણી આપે છે કે ગુજરાત તો એક મોટી સમસ્યાનો માત્ર એક ભાગ છે . સમગ્ર ભારતમાં ૨૧,૪૪૪ સીસીટીવી કેમેરા આવી જ રીતે સંવેદનશીલ છે, જેની ક્લિપ્સ ઇન્ટરનેટ પર ફરતી થઈ શકે છે. ગુજરાતમાં ઇન્ટરનેટ પર દેખાતા ૭૭૭ સંવેદનશીલ આઈપી કેમેરામાંથી, સૌથી વધુ જોખમ અમદાવાદમાં નોંધાયું છે જ્યાં ૩૯૯ કેમેરા જોખમમાં હોવાનું એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. ત્યારબાદ સુરતમાં ૧૬૬, વડોદરામાં ૮૭, રાજકોટમાં ૩૩, ભાવનગરમાં ૨૪ અને ગાંધીનગરમાં ૨૦નો સમાવેશ થાય છે.

# પ્રાંતિજમાં લૂંટારાઓ બેફામ, માઈક્રો ફાઈનાન્સ એજન્ટ પર હુમલો કરી ૭.૮૮ લાખ લૂંટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રાંતિજ તાલુકાના દલપુર ગામ નજીક નેશનલ હાઈવે પર કેટલાક અજાણ્યા ઇસમો દ્વારા માઈક્રો ફાઈનાન્સ એજન્ટ પર હુમલો કરવામાં આવ્યો હતો અને રૂ. ૭.૮૮ લાખની લૂંટ આચરી હતી. એજન્ટ ધર્મેન્દ્રભાઈ સુતરિયા પ્રાંતિજથી હિંમતનગર તરફ જઈ રહ્યો હતો તે દરમિયાન તેની સાથે આ ઘટના બની હતી.

આ ઘટના અંગે પ્રાંતિજ પોલીસ સ્ટેશનના અધિકારીએ વિગતો આપતા જણાવ્યું હતું કે રાત્રે ૧૦:૩૦ વાગ્યા આસપાસ દલપુર પાસે એક બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ ધર્મેન્દ્રભાઈના મોઢા પર મરચાની ભૂકી નાખી હતી. જ્યારે તેઓ મોઢું સાફ કરવા ઊભા રહ્યા, ત્યારે બીજી બાઈક પર આવેલા અન્ય બે શખ્સોએ તેમના માથામાં બોથડ પદાર્થ વડે હુમલો કર્યો હતો. માથામાં વધારે વાગ્યું હોવાથી ધર્મેન્દ્રભાઈ નીચે પડી ગયાં હતાં. આ દરમિયાન જ લૂંટારાઓ રૂપિયા ભરેલો થેલો છીનવીને ફરાર થઈ ગયાં હતાં.

સૂત્રો દ્વારા મળતી વિગતો પ્રમાણે આ હુમલામાં ધર્મેન્દ્રભાઈને માથાના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઘાયલ ધર્મેન્દ્રભાઈ સત્વરે હિંમતનગર સિવિલ હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન ત્રણથી ચાર ટાંકા આવ્યાં હોવાનું જાણવા મળ્યું છે.

# વડગામમાં લાઈબ્રેરી, પાલનપુરમાં મલ્ટિપર્પઝ ઈન્ડોર હોલ અને ડીસામાં રમત સંકુલનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લામાં અંદાજે રૂપિયા ૨૭.૫૬ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન હર્ષ સંઘવી વડગામ ખાતે તાલુકા કક્ષાની આધુનિક લાઇબ્રેરી, પાલનપુર જિલ્લા રમત સંકુલ ખાતે નિર્માણ પામેલ મલ્ટિ પર્પઝ ઇન્ડોર હોલ તથા ડીસા ખાતે તાલુકા કક્ષાના રમત સંકુલનું લોકાર્પણ કર્યું હતું.

ઉત્તર ગુજરાતમાં મોટી સંખ્યામાં અત્યારે વિદ્યાર્થીઓ સરકારી નોકરી માટે તૈયારી કરી રહ્યાં છે, જેથી તેમના માટે વડગામમાં ૬૯૮.૦૫ ચો.મી. જમીન પર રૂપિયા ૪ કરોડના ખર્ચે તાલુકા કક્ષાની આધુનિક લાઇબ્રેરી તૈયાર કરવામાં આવી છે. જેમાં એક સાથે કુલ ૧૬૯ વિદ્યાર્થીઓ બેસી શકે છે. આ સાથે વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને બાળકો માટે અલગ જગ્યાઓ, કોન્ફરન્સ રૂમ તથા ૨૦ હજાર જેટલા પુસ્તકો રાખી શકાય તેવી આધુનિક સુવિધાઓ પણ આ લાઇબ્રેરીમાં છે.

બનાસકાંઠામાં જિલ્લામાંથી અનેક મોટા રમતવીરો પણ નીકળ્યાં છે. આ ક્ષેત્રમાં હજી વધારે લોકો જોડાય અને તાલિમ મેળવે તે માટે સરકાર દ્વારા જિલ્લા રમત સંકુલ, પાલનપુર ખાતે રૂપિયા ૯.૨૦ કરોડના ખર્ચે મલ્ટિ પર્પઝ ઇન્ડોર હોલ તૈયાર કરવામાં આવ્યો છે. આ મલ્ટિ પર્પઝ ઇન્ડોર હોલમાં બેડમિન્ટન, વોલીબોલ, બાસ્કેટબોલ, ટેબલ ટેનિસ, જુડો, જીમ, શૂટિંગ રેન્જ તેમજ બોર્ડ ગેમ્સ જેવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સાથે ટોઇલેટ બ્લોક, લોકર રૂમ, ફર્સ્ટ એઇડ રૂમ, સ્ટાફ રૂમ, સ્ટોર રૂમ, ફાયર સિસ્ટમ અને સીસીટીવી જેવી જરૂરી સુવિધાઓ થકી જિલ્લાના રમતવીરોને ઘરઆંગણે સુવિધાઓ મળી રહેવાની છે.

# રાજયમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો વ્યાપ વધ્યો, એક વર્ષમાં ૧.૨૦ લાખ હેક્ટર વિસ્તાર આવરી લેવાયો

અમદાવાદઃ આજના કૃષિ વૈશ્વિકરણ અને વૈવિધ્યતાના સમયમાં કૃષિને વધુ નફાકારક બનાવવા માટે સિંચાઈમાં પાણીનો અસરકારક ઉપયોગ અને વ્યવસ્થાપન થવું ખૂબ જ જરૂરી છે. વર્ષ ૨૦૦૫માં ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપનીના માધ્યમથી સૂક્ષ્મ સિંચાઈ યોજના અમલમાં મૂકવામાં આવી હતી. ખેડૂતો પાણીના મર્યાદિત ઉપયોગથી વધુમાં વધુ ખેત ઉત્પાદન મેળવી શકે તે માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ શ્રેષ્ઠ વિકલ્પ છે. રાજ્યના મહત્તમ ખેડૂતો ટપક, ફૂવારા, રેઈન-ગન અને પોરસ પાઈપ જેવી અદ્યતન સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરી શકે તે માટે સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ ખેડૂતોને ખાસ પ્રોત્સાહન આપવામાં આવે છે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

આ અંગે સરકારે આપેલી માહિતી અનુસાર વર્ષ ૨૦૦૫થી નવેમ્બર-૨૦૨૫ સુધીમાં ગુજરાતના ૧૬.૨૮ લાખથી વધુ ખેડૂતોએ આશરે ૨૫.૦૫ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે. આ ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ રૂ. ૯૨૨૪.૨૭ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. આમાં ગુજરાત સરકારે ૫૭૪૦.૭૧ કરોડ અને ભારત સરકારે ૩૪૮૩.૫૬ કરોડનો ફાળો આપ્યો છે. સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયેલા વિસ્તારની દૃષ્ટિએ ૪.૬૬ લાખ હેક્ટર વિસ્તાર સાથે બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં મોખરે છે, ત્યારબાદ, ૧.૮૫ લાખ હેક્ટર વિસ્તાર સાથે જૂનાગઢ દ્વિતીય સ્થાને અને ૧.૩૫ લાખ હેક્ટર વિસ્તાર સાથે રાજકોટ ત્રીજા સ્થાને રહ્યો છે. ગુજરાતમાં સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવાયેલા ૨૦.૫૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખેતી પાકો અને ૦૪.૫૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં બાગાયતી પાકોમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવવામાં આવી છે.

# શ્વાન પકડવાની કામગીરીનો તલાટી-કમ-મંત્રીઓ દ્વારા સખત વિરોધ, મુખ્ય પ્રધાનને પત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તલાટી-મંત્રી મહામંડળે રાજ્ય સરકારના ગામડાઓમાં રખડતા શ્વાન પકડવાના આદેશનો સખત વિરોધ કર્યો હતો, આ આદેશને અપમાનજનક અને અવ્યવહારુ કહ્યો હતો. તલાટી-મંત્રી મહામંડળે મુખ્ય પ્રધાનને પત્ર લખી આ આદેશ પાછો ખેંચવાની માગણી કરી હતી. મહામંડળના પ્રમુખ પંકજ મોદીએ જણાવ્યું હતું કે વન અધિકારીઓને તાલીમ મળેલી હોય છે, તેમની પાસે સંસાધનો અને મનુષ્યબળ હોય છે તો પણ તેઓ દીપડાને પકડી શકતા નથી અને અમારી પાસે શેરીમાં રખડતા શ્વાન પકડવાની અપેક્ષા રાખવામાં આવે, તે શરમજનક છે.

મુખ્ય પ્રધાનને લખેલા પત્રમાં, પંકજ મોદી અને મહામંત્રી રામ દેસાઈએ લખ્યું હતું કે ગુજરાતભરમાં ૧૦,૬૦૦ થી વધુ તલાટી-કમ-મંત્રીઓ પહેલાથી જ બિન-પંચાયત મહેસૂલ વિભાગના કામ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સાથે જોડાયેલી ડ્યૂટીઝ, જન્મ અને મૃત્યુની નોંધણી, લગ્ન નોંધણી, સેંકડો સરકારી યોજનાઓનો અમલ અને સહાયક બીએલઓ તરીકે સેવા આપવા સહિત ચૂંટણી સંબંધિત કાર્યોનું સંચાલન કરી રહ્યા છે.

# હવે કૉંગ્રેસ ચલાવશે નશામુક્ત ગુજરાત અભિયાન, મહિલાઓ ઊતરશે રસ્તા પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કૉંગ્રેસ પાર્ટીએ સત્તા પક્ષને અનેક મુદ્દે ઘેરવાનો પ્રયત્ન કર્યો છે. ખાસ તો દારૂ અને ડ્રગ્સ મામલે ગુજરાત સરકાર પર કૉંગ્રેસે આકરા પ્રહારો કરી રહી છે. કૉંગ્રેસનો આરોપ છે કે, ગુજરાત પોલીસ દારૂ અને ડ્રગ્સના દૂષણ સામે કડક કાર્યવાહી કરતી નથી. જેથી કૉંગ્રેસ 'નશા મુક્ત ગુજરાત' અભિયાનની શરૂઆત કરી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ દ્વારા આ અભિયાન અંતર્ગત લોકોની મદદ કરવા માટે એક વિશેષ હેલ્પલાઇન નંબર પણ જાહેર કરાયો હતો. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિએ ખુલાસો કર્યો હતો કે, કોઈ પણ વ્યક્તિ આ નંબર પર મિસ્ડ કોલ કરીને જનતા અભિયાનને સમર્થન આપી શકે છે, તેમજ વોટ્સએપ મેસેજથી દારૂ કે ડ્રગ્સ અંગેની ફરિયાદો આપી શકે છે, તેમની માહિતી ગુપ્ત રાખવામાં આવશે તેવું પણ જણાવ્યું હતું. પહેલા તો ડ્રગ્સ કે ચરસ-ગાંજાના અડ્ડા મામલે પોલીસને જાણ કરવામાં આવશે, જો પોલીસ પોતાના ફરજ નહીં બજાવે તો મહિલા કાર્યકર્તાઓ રસ્તા પર ઉતરીને ડ્રગ્સ કે ચરસ-ગાંજાના અડ્ડાઓ પર રેડ પાડશે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સંસ્થા સમાચાર

### આચાર્ય પૂ. શિવમુનિ મ. સા. અને પૂ. ધીરગુરુદેવ તથા તેરાપંથના પૂ. આનંદકુમારજી મ. સા. તપાગચ્છના આચાર્ય પૂ. વિજય જયપ્રભુસુરીશ્વરજીનું મંગલ મિલન



સુરતકામરેજ નજીક બલેશ્વર તીર્થ પાસે અવધ શાંગ્રીલા રિસોર્ટમાં છેલ્લા પાંચેક વર્ષથી બિરાજીત શ્રમણ સંઘના આચાર્ય પૂ. ધ્યાનયોગી શિવમુનિ મ. સા. ઠાણા ૭ તથા ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી ધીરુગુરુદેવ એવં તેરાપંથના પૂ. અનંતકુમારજી મ. સા. એવં સાધ્વીજી પૂ. વૈભવશ્રીજી મહાસતીજીના મંગલ મિલનથી હર્ષોલ્લાસ છવાયો હતો. જૈન પંચાંગ સંબંધી પૂ. શિરીષમુનિ મ. સા. સાથે વિચાર વિમર્શ કરાયેલ. ખડસૂપામાં ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્રમાં તપાગચ્છીય નવોદિત આચાર્ય પૂ. વિજય જયપ્રભુ સુરિશ્વરજી (જે.પી. ગુરુજી)નું મિલન થયેલ.

### ડૉ. મનોહર જોશીની જન્મજયંતીની ઉજવણી કરાઇ



કેન્દ્ર સરકારના ભૂતપૂર્વ સ્પીકર અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન તેમજ મરાઠી ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના ભૂતપૂર્વ અધ્યક્ષ મનોહર જોશીની જન્મજયંતી નિમિત્તે ગ્લોબલ મરાઠી ચેમ્બરના પૂર્વ ડિરેક્ટર સુરેશ મહાજન, પૂર્વ ડિરેક્ટર પ્રકાશ ચિખલીકર અને ચેમ્બરના પૂર્વ જનરલ સેક્રેટરી પ્રવીણ શેટ્યે તેમજ ટ્રેઝરર મનોહર સાળવી, પટવર્ધન અને અન્ય પદાધિકારીઓએ સેનાપતિ બાપટ માર્ગ પર કોહિનૂર ખાતે આવેલી ઓફિસમાં જઈને મનોહર જોશીની પ્રતિમાને ફૂલો અર્પણ કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ઘણા શિવસૈનિકોએ અને તેમના ચાહકોએ પણ પ્રતિમાને શ્રદ્ધાંજલિ આપી હતી.

# ઘોડબંદરથી મુસાફરી કરવી ખરાબ સ્વપ્નઃ હાઇ કોર્ટ

મુંબઈઃ થાણેમાં જાન્યુઆરીથી ઓક્ટોબર દરમિયાન ખાડાઓને કારણે ૧૮ લોકોના મૃત્યુ થયા હોવાના દાવાની

નોંધ લઈ હાઈ કોર્ટે મંગળવારે રાજ્ય સરકાર, થાણે મહાનગરપાલિકા, જાહેર બાંધકામ વિભાગ, થાણે ટ્રાફિક પોલીસ અને એમએમઆરડીએને નોટિસ મોકલીને આ બાબતે સ્પષ્ટતા રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. સાથે જ કોર્ટે એમ પણ કહ્યું કે હંમેશા ટ્રાફિક જામનો સામનો કરતા ઘોડબંદરથી મુસાફરી કરવી એક ખરાબ સ્વપ્ન સમાન છે. થાણે ઘોડબંદર અને ગાયમુખ ઘાટમાં સાંકડા રસ્તાઓને કારણે લાંબા સમયથી સર્જાતી ટ્રાફિકની સમસ્યાને થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન ગંભીરતાથી કેમ નથી લઈ રહી? એવો પ્રશ્ન ન્યાયાધીશ રેવતી મોહિતે-ડેરે અને ન્યાયાધીશ સંદેશ પાટીલની બેન્ચે ઉઠાવ્યો હતો. બીજી તરફ થાણેને ઉત્તર મુંબઈ, વસઈ-વિરાર, ભિવંડી, નાસિક અને ગુજરાત સાથે જોડતો ઘોડબંદર રોડ વેપાર અને વ્યવસાયના દૃષ્ટિકોણથી એક મહત્વપૂર્ણ છે. છતાં, વહીવટીતંત્ર તેને અવગણી રહ્યું છે, જસ્ટિસ પાટીલે ટિપ્પણી કરી હતી.

## મહારાષ્ટ્રના મહત્ત્વના ત્રણ માર્ગ માટે નીતિન ગડકરીનો એક્શન પ્લાન

મુંબઈઃ અનેક વર્ષોથી તૈયાર થઈ રહેલા મુંબઈ - ગોવા હાઈવે અંગે કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ મહત્ત્વની જાહેરાત કરી છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના સંસદ સભ્ય અરવિંદ સાવંતે ગુરુવારે સંસદના શિયાળુ સત્ર દરમિયાન લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન આ અંગે પ્રશ્ન પૂછતાં નીતિન ગડકરીએ જાહેરાત કરી હતી. એજ સમયે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી એસપી)નાં સંસદ સભ્ય સુપ્રિયા સુળેએ પુણે-કોલ્હાપુરના મહત્વપૂર્ણ માર્ગ વિશે પૂછ્યું ત્યારે પણ નીતિન ગડકરીએ વિગતવાર જવાબ આપ્યો.

મુંબઈ-ગોવા હાઈવે વિશે ગડકરીએ જણાવ્યું હતું કે '૨૦૦૯થી બાંધકામ ચાલી રહ્યું છે. કેટલીક સમસ્યા આવી પણ હવે ૮૯.૨૯ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. વિના વિલંબે આ રસ્તો એપ્રિલ ૨૦૨૬ સુધીમાં તૈયાર થઈ જશે.

સુપ્રિયા સુળેના પુણે - કોલ્હાપુર માર્ગ વિશેના પ્રશ્ન પર ગડકરીએ સ્પષ્ટતા કરી હતી કે 'પુણે - સાતારા રોડનું કામ પાસે હતું, પણ હવે તે રદ કરી નવેસરથી સમીક્ષા થઈ રહી છે. વિભાગે પુણેમાં કેટલુંક કામ શરૂ પણ કરી દીધું છે. આ માર્ગ એક વર્ષમાં તૈયાર થઈ જશે.

કોંગ્રેસ એમપીના ધુળે - પિંપળગાંવ માર્ગ વિશેના મુદ્દાનો જવાબ આપતા કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ ૨૦૧૦માં પૂર્ણ થયો હતો. ૨૦૧૬માં પ્રથમ નવીકરણમાં એક વર્ષ વિલંબ થયો હતો. ૨૦૨૧માં બીજું નૂતનીકરણ ફરીથી એક વર્ષ મોડું થયું હતું. ત્રીજું નૂતનીકરણ હાલમાં ચાલી રહ્યું છે. જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. અંતિમ તારીખ એપ્રિલ ૨૦૨૬ છે.

## મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુ સત્ર ૮થી ૧૪ ડિસેમ્બર સુધી

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુ સત્ર ૮થી ૧૪ ડિસેમ્બર સુધી નાગપુરમાં યોજાશે, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. વિધાનસભાના બંને ગૃહોની કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, તેમના નાયબ એકનાથ શિંદે અને અજિત પવાર આ બેઠકમાં હાજર હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે વિધાનસભા ૧૩ અને ૧૪ ડિસેમ્બરે શનિવાર અને રવિવારે બેઠક યોજશે. શિયાળુ સત્ર પરંપરાગત રીતે મહારાષ્ટ્રની બીજી રાજધાની નાગપુરમાં યોજાય છે. આ વખતે વિધાનસભાનું સત્ર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ વચ્ચે યોજાશે. મંગળવારે ૨૬૪ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજાઈ હતી, જ્યારે રાજ્ય ચૂંટણી પંચે અન્ય ૨૪ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ ૨૦ ડિસેમ્બર સુધી મુલતવી રાખી છે.

## એલ્ગાર કેસઃ દિલ્હી યુનિવર્સિટીના માજી પ્રોફેસરના જામીન મંજૂર

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે દિલ્હી યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રોફેસર હની બાબુને પાંચ વર્ષથી વધુ સમય સુધી સુનાવણી વિના કેદ કરવાના આધારે જામીન મંજૂર કર્યા હતા. ન્યાયમૂર્તિ એ. એસ. ગડકરી અને ન્યાયમૂર્તિ આર. આર. ભોસલેની ખંડપીઠે નવી મુંબઈની તળોજા જેલમાં કેદ હની બાબુને એક લાખ રૂપિયાના પર્સનલ બોન્ડ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. રાષ્ટ્રીય તપાસ એજન્સીએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા માટે જામીન આદેશના અમલ પર રોક લગાવવાની માગ કરી હતી, પરંતુ હાઈ કોર્ટે ભૂતપૂર્વ પ્રોફેસર પાંચ વર્ષથી જેલમાં છે એવી રજૂઆત સાથે આ વિનંતી નકારી કાઢી હતી. અદાલતે એમ પણ નોંધ્યું હતું કે આ કેસની સુનાવણી ટૂંક સમયમાં પૂર્ણ થવાની સંભાવના નથી.

## લેડર વૅન પરથી પડીને મૃત્યુ પામેલા કર્મચારીને ૨૩.૯૨ લાખ રૂપિયાનું વળતર

થાણેઃ ૨૦૧૯માં રસ્તા પરના ઈલેક્ટ્રિક વાયરના સમારકામ વખતે હાઈડ્રોલિક લેડર વૅન પરથી પડી જવાથી જીવ ગુમાવનારા કર્મચારીના વાલીઓને ૨૩.૯૨ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ થાણેની મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલે આપ્યો હતો.

ટ્રિબ્યુનલનાં પ્રમુખ અધિકારી રૂપાલી વી. મોહિતેએ આપેલા આદેશમાં વાહનના માલિકને જવાબદાર ઠરાવતાં અવલોકન કર્યું હતું કે સીડીનો સાંધ્યો તૂટ્યો તે દર્શાવે છે કે લેડર વૅન બરાબર કામ કરતી નહોતી અને તે બેદરકારીને કારણે જ દુર્ઘટના થઈ હતી.

આ ઘટના ૧૯ એપ્રિલ, ૨૦૧૯ના રોજ થઈ હતી. મૃતક સૈયદ સાહિલ અબ્બાસ શહેનશાહ હુસેન અને સહકર્મચારી મેહતાબ શેખ થાણેના રાબોડી વિસ્તારમાં લેડર વૅન સાથે જોડાયેલી લિફ્ટિંગ બકેટમાં ૨૦થી ૨૨ ફૂટ ઊંચાઈ પર ઈલેક્ટ્રિક વાયરોનું સમારકામ કરતા હતા.

સમારકામ દરમિયાન સીડીનો સાંધો અચાનક તૂટી ગયો હતો, જેને પગલે બન્ને કર્મચારી નીચે પટકાયા હતા. માથામાં ગંભીર ઇજા સાથે હુસેનને પ્રથમ થાણેની સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. ત્યાંથી વાશીની એમજીએમ હૉસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં ૨૧ એપ્રિલ, ૨૦૧૯ના રોજ તેનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે રાબોડી પોલીસે કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.વાહનની વીમા કંપનીએ દાવાનો વિરોધ કર્યો હતો. પૉલિસીની શરતોનું ઉલ્લંઘન કરાયું છે અને આ પ્રકરણ માટે યોગ્ય ફોરમ લેબર કોર્ટ છે. વાહનના ડ્રાઈવર પાસે પ્રમાણિત લાઈસન્સ નહોતું અને સુરક્ષાનાં પગલાંનું પાલન કરાયું નહોતું, એવી દલીલ પણ કરાઈ હતી.

જોકે ટ્રિબ્યુનલે આ બચાવને નકારી કાઢી અવલોકન કર્યું હતું કે વીમા કંપનીએ કોઈ સાક્ષીદારની તપાસ કરી નહીં કે પૉલિસીનું ઉલ્લંઘન થયું હોવાનું સિદ્ધ કરતા કોઈ દસ્તાવેજી પુરાવા પણ રજૂ કર્યા નથી.આવકના કોઈ પુરાવા ન હોવાથી ટ્રિબ્યુનલે હુસેનની મહિનાની આવક ૧૫ હજાર રૂપિયા ધ્યાનમાં લીધી હતી. (પીટીઆઈ)

પાંચમા પાનાનું ચાલુ

### રાણીબાગમાં

અંદર ભૂમિકા સ્પષ્ટ નહીં થાય તો તેમણે આંદોલન કરવાની ચેતવણી આપી છે.

વહીવટી તંત્રની બેદરકારી અને તેની સારવાર કરનાર પશુ ચિકિત્સા અધિકારીની બેદરકારીને કારણે વાઘનું મૃત્યુ થયું હોવાની ચર્ચા છે. શક્તિ ટાઇગરના મૃત્યુ અંગેની માહિતી જાહેર ન કરવા પાછળનું કારણ શું છે તે અંગે સવાલ ઉઠાવવામાં આવી રહ્યો છે.

### મીરા ભાયંદરમાં

પાસે ભંડોળના અભાવે આ કાર્યમાં વિલંબ થયો હતો. દરમિયાન, પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે આ કાર્ય માટે સરકાર તરફથી ૧૦ કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી આપી છે. આ માટે સલાહકારની નિમણૂક કરીને વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવશે, એવી માહિતી સરનાઇકે માહિતી આપી હતી.

### ગોરેગામમાં કોલેજમાં

તેમને વિરોધ પ્રદર્શન સમેટી લેવા માટે કહ્યું હતું.

અમે છ વિદ્યાર્થિની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, જેમાંથી ત્રણ અજાણી વિદ્યાર્થિની છે, એમ પણ અધિકારીએ જણાવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનનો વીડિયો દિવસ દરમિયાન સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. (પીટીઆઇ)

### શ્રીલંકામાં ફસાયેલા

વીજળી ગુલ થવી અને વૃક્ષો પડી જવાને કારણે હવાઈ તેમજ વાહનવ્યવહાર સંપૂર્ણપણે થંભી ગયો હતો. બીજી તરફ સેંકડો ફ્લાઈટ્સ રદ થવાને કારણે એરપોર્ટ પર સેંકડો મુસાફરોની કતારો લાગી ગઇ હતી. શ્રીલંકામાં ફસાયેલા મુસાફરોમાં સેંકડો ભારતીયોનો પણ હતા.

અંતે ઘણા કલાકો પછી ૧૬૦ મુસાફરો સી-૧૩૦ વિમાનમાં દિલ્હી જવા રવાના થયા હતા, બાકીના ૨૫૦ મુસાફરો ત્રિવેન્દ્રમ પહોંચ્યા હતા. મુંબઈની સોમૈયા યુનિવર્સિટીના ચાર મહિલા સંશોધકો અભિરૂચિ ઓક (સંશોધન સહાયક), રાધિકા સાવ, કવિતા પટેલ અને રિયા વેલિંગકર (પીએચડી સ્કોલર) શ્રીલંકા ખાતે આંતરરાષ્ટ્રીય માનવતા પરિષદ (કેલાનિયા યુનિવર્સિટી) માટે ગયા હતા.

### જોગેશ્વરીમાં હીરાવેપારીની

હતું કે હીરાવેપારી અમિત જૈનનાં લગ્ન સાત વર્ષ અગાઉ સૃષ્ટિ સાથે થયાં હતાં. જોકે લગ્નનાં આટલાં વર્ષ બાદ પણ દંપતી સંતાનવિહોણું હોવાથી આ બાબતને લઈ તેમની વચ્ચે વારંવાર તકરાર થઈ હતી, એમ હુંભેએ જણાવ્યું હતું.

દરમિયાન બુધવારની રાતે સૃષ્ટિ બેડરૂમમાં એકલી હતી અને તેણે દરવાજો અંદરથી લૉક કર્યો હતો. તેના સસરા બીજા બેડરૂમમાં હતા. સૃષ્ટિએ પોતાના બેડરૂમની બાલ્કનીમાંથી કૂદકો માર્યો હતો. જમીન પર પટકાયેલી સૃષ્ટિને લોહીલુહાણ હાલતમાં જોયા બાદ સોસાયટીના રહેવાસીઓએ તેના સસરાને જાણ કરી હતી.

બનાવની જાણ થતાં મેઘવાડી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. બેભાન સૃષ્ટિને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ મળી ન હોવાથી સૃષ્ટિના આવા પગલા લેવા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. વધુ માહિતી માટે તેનો આઈ ફોન અને લૅપટોપ તાબામાં લેવાયું છે. ફોન લૉક હોવાથી તેને ખોલવા નિષ્ણાતની મદદ લેવામાં આવશે, જ્યારે લૅપટોપ ખોલમાં આવ્યું હોવાથી તેની તપાસ કરવામાં આવી રહી છે. એ સિવાય પોલીસ સૃષ્ટિનાં માતા-પિતાનાં પણ નિવેદન નોંધી રહી છે.

### મહિને બે ટકા

પોલીસે આરોપીઓની શોધ હાથ ધરી હતી. જોકે આરોપી તેમના બોરીવલી સ્થિત નિવાસસ્થાને મળ્યા નહોતા. છેલ્લાં બે વર્ષથી આરોપી ગુજરાત, દમણ, મહારાષ્ટ્ર, તમિળનાડુ, ચેન્નઈ, કેરળ સહિત અન્ય ઠેકાણે પોતાની ઓળખ છુપાવી રહેતા હોવાનું તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું.

દરમિયાન પિતા-પુત્ર હાલમાં કેરળ રાજ્યમાં હોવાની માહિતી મળતાં પોલીસની એક ટીમ ત્યાં રવાના થઈ હતી. સ્થાનિક પોલીસની મદદથી બન્નેને પકડી પાડવામાં આવ્યા હતા. તેમની વિરુદ્ધ બોરીવલી, એમએચબી અને કસ્તુરબા માર્ગ પોલીસ સ્ટેશનમાં ૧૦ ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

### પગાર કપાત

બરબાદ થશે. મુંબઈ મરાઠી શિક્ષક સંઘના અધ્યક્ષ અનિલ બોરનારએ જણાવ્યું હતું કે એક દિવસ શું, એક મહિનાનો પગાર કાપશે તો પણ હવે કોઈ પીછેહઠ નહીં થાય, આંદોલન થશે જ. ગ્રામીણ વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણની તાતી જરૂર છે. સેટ અને ટીઇટી ફરજિયાત બનાવવાના નિર્ણય અંગે રાજ્ય સરકાર કોઈ નક્કર વલણ નથી અપનાવી રહી. એટલે કોઈ બાંધછોડ નહીં કરવામાં આવે.

આ સંદર્ભે મહા મુંબઈ ટીચર્સ એસોસિએશનના પ્રમુખ સદાનંદ રાવરાણેએ જણાવ્યું હતું કે શિક્ષણ નિયામકના પગાર કાપવાના આદેશ બાદ પણ જો શિક્ષકો પાંચમી ડિસેમ્બરે શાળામાં નહીં આવે તો અમે શાળા બંધ રાખીશું, પરંતુ જો તેઓ આવશે તો અમારે શાળા ચાલુ રાખવી પડશે. સરકાર તેમને પગાર આપતી હોવા છતાં તેઓ સંસ્થાના કર્મચારી હોવાથી અમે સંસ્થાના સંગઠન દ્વારા તેમને ટેકો આપ્યો છે.

### ડિજિટલ

છે. બાવનકુળેએ એક પોસ્ટમાં કહ્યું છે કે, મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસના માર્ગદર્શન હેઠળ મહારાષ્ટ્ર સરકારે ડિજિટલ ૭/૧૨, ૮-અ અને ફેરફાર ઉતારાને કાયદેસર રીતે માન્ય કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ નિર્ણયથી રાજ્યના લોકોને ઘણા ફાયદા થશે જેમ કે ડિજિટલ ૭/૧૨ ને સત્તાવાર માન્યતા, સત્તાવાર કોપી ફક્ત ૧૫ રૂપિયામાં ઉપલબ્ધ થશે, ઉપરાંત તલાટીની સહી અને સ્ટેમ્પની જરૂર રહેશે નહીં અને ડિજિટલ સહી, ક્યુઆર કોડ અને ૧૬-અંકના ચકાસણી નંબર સાથે ૭/૧૨, ૮-અ અને ફેરફાર ઉતારા સરળતાથી ઉપલબ્ધ થશે.

આ ડિજિટલ પ્રમાણપત્રો તમામ સરકારી, અર્ધ-સરકારી, બેંકિંગ અને ન્યાયિક કાર્યો માટે માન્ય રહેશે.

આ નિર્ણય ખેડૂતો જમીનમાલિકો અને સામાન્ય નાગરિકોને સુવિધા આપશે. અમારી સરકાર પારદર્શિતા અને ઝડપી સેવાનો એક નવો અધ્યાય લખી રહી છે. મને ખાતરી છે કે રાજ્યના લોકો આ નિર્ણયનું સ્વાગત કરશે.

### ગૅન્ગસ્ટર ઘાયવળના

સરવદે સાથે ઘાયવળના અન્ય એક સાથીની કર્ણાટકમાંથી ધરપકડ કરવામાં આવી હતી. સરવદેના કોથરુડ ખાતેના ઘરમાં સર્ચ હાથ ધરવામાં આવતાં ૪૦૦ કારતૂસ મળી આવી હતી, જેમાં ઉપયોગ કરાયેલી કારતૂસોનો પણ સમાવેશ થાય છે.

પુરાવા દર્શાવે છે કે સરવદેએ અમુક કારતૂસો ટાર્ગેટ પ્રેક્ટિસ માટે ઘાયવળને પૂરી પાડી હતી. અમારાં તારણો સૂચવે છે કે આમાંથી ૧૫૦ ગોળી ઘાયવળને આ વર્ષે અહિલ્યાનગર જિલ્લામાંના તેના વતનમાં હાથ ધરાયેલી તાલીમ કવાયતો માટે તેને આપવામાં આવી હતી, એમ કદમે જણાવ્યું હતું.

સરવદેએ પોતાના રહેઠાણના પુરાવાના દસ્તાવેજોમાં ચેડાં કરીને શસ્ત્રોનું લાઈસન્સ પ્રાપ્ત કર્યું હતું, એવું તપાસમાં સામે આવ્યું હતું. આ જ લાઈસન્સને આધારે પુણેના ખડકી વિસ્તારમાં આવેલા કારખાનામાંથી ૪૦૦ બૂલેટ્સ ખરીદવામાં આવી હતી. આ કારખાનામાંથી સામાન્ય નાગરિકો લાઈન્સને આધારે શસ્ત્રો ખરીદી શકે છે.

ઘાયવળ વિરુદ્ધ પચીસથી વધુ ગુના નોંધાયેલા છે, જેમાંથી ૧૦ ગુના તો આ વર્ષે ૧૭ સપ્ટેમ્બર સુધીમાં નોંધાયા છે. પ્રશાસન દ્વારા તેની વિરુદ્ધ લૂક આઉટ સર્ક્યુલર ઇશ્યુ કરાયું હતું અને ઈન્ટરપોલ થકી બ્લુ કૉર્નર નોટિસ પણ પ્રાપ્ત કરાઈ હતી. ઘાયવળ ગૅન્ગ હત્યા, હત્યાનો પ્રયાસ અને ખંડણી જેવા અનેક ગંભીર ગુનામાં સંડોવાયેલી હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઈ)

## હિન્દુ મરણ

કચ્છ ગામ જખૌ હાલ મુલુંડ સ્વ. લક્ષ્મીબેન પુરુષોતમ ઠક્કર/ચંદનનાં પૌત્ર. તે હસુમતી મિતેશ ઠક્કર-ચંદનના સુપુત્ર. નીરવનાં ધર્મપત્ની અ. સૌ. નેહા (ઉં. વ. ૨૮) તે કચ્છ ગામ ગુંદિયારી હાલ પરંડા (બારશી)ના સ્વ. માલતીબેન તથા દિનેશભાઇ ખીમજી હરિયાણીના પૌત્રી. તે આશાબેન જિતેન્દ્ર હરિયાણીના સુપુત્રી. વૈશાલીના મોટાબહેન બુધવાર, તા. ૨૬-૧૧-૨૫ના બાલી (ઇન્ડોશિયાના)માં અવસાન પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૫-૧૨-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, જ્ઞાનસરીતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), બૈરાંઓએ એજ દિવસે આવી જવું.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

સુશિલાબેન કાંતિલાલ ઠાકર (ઉં. વ. ૯૬) ટંકારા નિવાસી હાલ ચેમ્બુર તા. ૪-૧૨-૨૫ના ગુરુવારના રોજ દેવલોક પામ્યા છે. સ્વ. કાંતિલાલ ઠાકરના પત્ની. શાંતાબેન રેવાશંકર વ્યાસ (ભાવનગર)ના દીકરી. સુધીરભાઇ, દીલીપભાઇ, અ. સૌ. ભારતીબેન, અ. સૌ. મીનાબહેન, અ. સૌ. આરતીબેનની માતા. પુત્રવધૂ અ. સૌ. જયોતીબેન સુધીરભાઇ ઠાકર. અ. સૌ. માયાબેન દિલીપકુમાર ઠાકર, જમાઇ-કિર્તીકુમાર વ્યાસ, બકુલભાઇ રાવલ, મિલનકુમાર પંડયા, ક્રિષ્ણા અંકુર જોશી, સ્વાતિજીગર જોશી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૮-૧૨-૨૫ના બ્રાહ્મણ સમાજ, જોશી લેન, ઘાટકોપર (પૂર્વ) સાંજે ૫થી ૭.

**કચ્છી લોહાણા**

સ્વ. જેઠીબેન નારાયણજી મુલજી કતીરા ગામ કચ્છ માતાજીના નૈત્રાવાલાના પુત્ર સ્વ. પુરુષોતમ નારાયણજી કતીરા (દુલોભા) (ઉં. વ. ૯૪) તા. ૪-૧૨-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. તે સ્વ. રમાલક્ષ્મી (ભાગેરતીબેન)ના પતિ. સ્વ. કિશોર, મીના દિલિપ દાવડા, ઉષા, ભારતી, ગિરીશ કોઠારીના પિતા. દક્ષાબેન કિશોરના સસરા. નમ્રતાના દાદા. સ્વ. હિરજીભાઇ, સ્વ. મથુરાદાસ, સ્વ. છોટાલાલ, સ્વ. છગનલાલ, સ્વ. મધુસુદનના ભાઇ. સ્વ. જમનાદાસ હરીરામ રૂખાણા કચ્છ તેરાવાળાના જમાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

ભાવનગરવાળા હાલ મેંગ્લોર, ઇંદીરા રમેશચંદ્ર શેઠ (ઉં. વ. ૮૪) તે પંકજના માતા. તે હેમાના સાસુ. તે રોનકના દાદી. તે સ્વ. અનંતરાય, સ્વ. કિસનદાસ, સ્વ. શારદાબેન તથા દોલતરાયના નાનાભાઇના પત્ની. તે પિયર પક્ષે બગદાણાવાળા નંદલાલ પરમાણંદદાસ મહેતાના દીકરી તા. ૧-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે.

**મેઘવાળ / વણકર**

સ્વ. નાનુબેન જોગદિયા તા. ૩૦/૧૧/૨૫ના રામચરણ પામ્યા છે. સ્વ. અમરબેન પાલજી સોલંકીના દીકરી, કરસનભાઈ બિજલ જોગદિયાના પત્ની. ગામ ગુંદી કોળિયાક હાલ તાડવાડી મુંબઈ, સ્વ. નરેશભાઈ જોગદિયા, ભારતીબેન, ગીતાબેન, શીલાબેન, વિનોદભાઈના માતા, સ્વ. વસંતભાઈ બિજલ જોગદિયા, ભાણીબેન, પુષ્પાબેન અને રમાબેનના ભાભી, કિંજલ, સાગર, સ્વપિનલના નાની. બારમાની વિધિ તા. ૬/૧૨/૨૦૨૫ના શનિવારના ૫ કલાકે. નિવાસ સ્થાનેઃ તાડવાડી બી આઈ ટી ચાલ, ટ્રાન્સીટ કેમ્પ ૧ ૩બીના પટાંગલમાં રાખવામાં આવ્યું છે.

**ગુર્જર સુથાર**

ગામ પંચાસર હાલ કાંદિવલી, અ.સૌ. કીર્તિબેન અંબાસણા (ઉં. વ. ૬૭) તે પ્રવીણભાઈ પોપટલાલ અંબાસણાના ધર્મપત્ની. ગં.સ્વ. નિર્મળાબેન રણછોડભાઈ વડગામાના દીકરી. વિશાલ, હાર્દિક, મયુરીના માતુશ્રી. જિજ્ઞાસાના સાસુ. જીવી, જીયા, રાધેયના બા. ૩૦/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૫/૧૨/૨૫ના ૫ થી ૬ કલાકે. વિશ્વકર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે વેસ્ટ.

**હાલાઇ ભાટિયા**

પુષ્પા સંપટ (ઉં. વ. ૮૧) સ્વ. રણજિત (રણુભાઈ)ના પત્ની. સ્વ. વિરમતી ગિરધરદાસના પુત્રવધુ. તારા -રજની ત્રિકમદાસ દ્વારકાદાસ આશરના પુત્રી, આશિષ-કોમલ, કુમાર-કાનનના માતા, લલિતા (પન્ના) પ્રતાપસિંહ કાપડિયા, જયા નરોત્તમ મોરપરિયા, હરેશ -હર્ષાના ભાભી, દિનેશ, હરીશ, પન્ના, કીર્તિના બેન. મંગળવાર તા. ૨-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૬-૧૨-૨૫ શનીવારે સાંજે ૪ થી ૫:૩૦. લોહાણા મહાજનવાડી, ૨ જે માળે, ઍસ. વી.રોડ, શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**લોહાણા**

શ્રીમતી મંજુલાબેન મગનભાઈ કારિયા (ઉં. વ. ૮૩) તા. ૩/૧૨/૨૫ના ઈશ્વરચરણ પામ્યા છે. સ્વ. મગનભાઈ મધવજી કારિયાની ધર્મપત્ની, તે ઉમેશ મગનભાઈ કારિયા અને મીના તરુણકુમાર રાજાના માતુશ્રી. સ્વાતી ઉમેશ કારિયાના સાસુ. સ્વ. જેઠાલાલ અમરશી પૂજારા (રાજકોટ)ની પુત્રી. પ્રાર્થનાસભા તા. ૦૫/૧૨/૨૦૨૫, શુક્રવાર સાંજે ૫:૦૦ થી ૬:૦૦. સ્થળઃ આર.પી. વિદ્યાલય, પંચવટી, નાસિક.

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

ગામ મુડેટી નિવાસી હાલ મુંબઈ, કીરીટકુમાર જયંતિલાલ જોષી (ઉં. વ.૬૮) તે માલતીબેનના પતિ બુધવાર તા. ૩-૧૨-૨૫ના દેવલોક પામેલ છે. તે અંકીતના પિતા. તેજલના સસરા. વિયાનાના દાદા. હરિશભાઈ, કીર્તિભાઈ, વીણાબેન, જયશ્રીબેનના બનેવી, સ્વ. કમળાબેન નરોત્તમદાસ આચાર્યના જમાઈ, પ્રાર્થનાસભા શનિવાર તા. ૬-૧૨-૨૫ના સાંજના ૫ થી૭. ઠે. રાજસ્થાન હૉલ, આરે રોડ, જવાહરનગર, ગોરેગાંવ પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

મૂળ મહુવાના હાલ સાયન- માટુંગા, નિરંજનભાઈ જાની (ઉં. વ. ૭૯) તે જસુમતી ભૂપતરાય જાનીના પુત્ર. સ્વ. દેવયાનીના પતિ. ડૌલત, દીપા પ્રશાંત, જયના પિતા. જેસુરાજ આચારી અને રત્નાના સસરા. સ્વ. ઈન્દિરા ઘનશ્યામ જોશી, સ્વ. અરુણા પ્રમોદ દવે, ઝરણા હરીશ ભટ્ટ, નીલા, દ્રુપદ- કવિતા, હિમાંશુ, હિતેશ, ગીતા વિજય બધેકાના મોટાભાઈ. નિરંજન પ્રભુલાલ શુક્લના બનેવી. બુધવાર તા. ૩-૧૨-૨૫ના કૈલાસવાસી થયા છે. લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

વિલુ દારા ખુરશીગરા તે મરહુમ દારા ખુરશીગરાના વિધવા. તે મરહુમો નરગેશ તથા બેરામ એલાવ્યાના દીકરી. તે ટેમાસ્પ બેરામ એલાવ્યા, હુફરીશ રોહીન્ટન દોટીવાલા ને દીલનવાઝ કેરશી એન્જિનિયરના બહેન. તે ફરહાદ ટેમાસ્પ એલાવ્યાના ફૂઇજી. તે હોરમઝદ કેરશી એન્જિનિયર ને દાનેશ કેરસી એન્જિનિયરના માસી. (ઉં. વ. ૭૫) રે. ઠે. ફલેટ નં. ૧૬૦૧, એ વિંગ, ૧૬મે માળે, એનહટ ટાવર, લોઢા એન.સી.પી. ટ્રક ટરમીનસ રોડ, વડાવા (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૩૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૧૨-૨૫ને બપોરે ૩.૪૫ કલાકે ધોબીતળાવ મધ્યે વાડીયાજીના આતશબહેરામમાં.

## જૈન મરણ

**ક.દ.ઓ.જૈન**

ગામ જખૌ હાલ ડોમ્બીવલી, ગં.સ્વ. ધનલક્ષ્મીબેન ખોના (ઉં. વ. ૮૩) તા. ૨૮/૧૧/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. ડુંગરશી કુંવરજી પરબત ખોનાના ધર્મપત્ની. સ્વ. માતુશ્રી ઝમકુબાઈ કુંવરજી ખોનાના પુત્રવધુ તથા સ્વ. માતુશ્રી ગંગાબાઈ (કોરબાઈ) લધાભાઈ દેવરાજ મોમાયા સાંયરાના સુપુત્રી. પુત્રી- પુત્રવધુ શ્રીમતી ડિનાબેન જીતેન્દ્રકુમાર મોતા (કોઠારા), સૌ. લીલા સનત ખોના, પ.પૂ.સાધ્વી શ્રી અનંતયશાશ્રીજી મ.સા.ના સાંસારિક બહેન. અંતિમ વિધિ થઈ ગયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ભાવયાત્રા રવીવાર તા. ૭/૧૨/૨૫ના ૨.૩૦ થી ૫.૩૦. શ્રી જ્ઞાનેશ્વર મંગલ કાર્યાલય મ ફૂલે રોડ, સ્ટેશન નજીક ડોમ્બીવલી વેસ્ટ.

**પાટણ પોરવાલ જૈન**

પાટણ નિવાસી ઝવેરીવાડા, કોકીલાબેન જયંતિલાલ શાહના પુત્રવધૂ પ્રેરણાબેન (ઉં.વ.૭૬) તે સ્વ. યોગીનભાઈ જયંતિલાલના ધર્મપત્ની તા. ૨/૧૨/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. સ્વ. ભૂપેન્દ્રભાઇ, કલ્પનાબેન, મહેશભાઈ, બીનાબેન, મીનળબેન અનીલકુમારના ભાભી. ભવ્યા તથા મોસમીના મમ્મી, જીતેશકુમાર અને સૌરભકુમારના સાસુ. સ્વ કુમુદબેન ભાનુભાઇ (ભાભાનો પાડો) ના સુપુત્રી, લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

પ્રાર્થના સભા શુક્રવાર, તા. ૦૫.૧૨.૨૫ રાખેલ છે. ગામ આધોઈના હાલે પાર્લાના સ્વ. નવલબેન કુંભા ચરલાના પુત્રવધૂ. ગાંગજીના ધર્મપત્ની મણીબેન (ઉં. વ. ૭૧) સોમવાર, તા. ૦૧.૧૨.૨૫ના અવસાન પામેલ છે. અરવિંદ, ફોરમના માતુશ્રી. પ્રેમિલા, રાજેશના સાસુ. મોક્ષા, મોક્ષના દાદી. હલરાના લક્ષ્મી ભચુ લધા ગાલાની દીકરી. પ્રાર્થના સભા પિપલ્સ સ્કુલ, એસ.વી. રોડ, ખાર (વે), મુંબઈ. પ્રાર્થના સમય બપોરે ૨.૩૦ થી ૪.૦૦ કલાક. લૌકીક વ્યવહાર બંધ છે.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૦૫.૧૨.૨૫ રાખેલ છે. ગામ નવાગામ-ભચાઉના ચાંપુબેન ગાંગજી ગોપલ નીસરના પુત્રવધૂ. ગીરધરના ધર્મપત્ની દમયંતીબેન, (ઉં. વ. ૫૬) મંગળવાર, તા. ૦૨.૧૨.૨૫ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સિધ્ધાર્થ, હિરેન, ખ્યાતીના માતુશ્રી. હીદાનના નાની. ગામ મનફરાના નામાબેન ધનજી રાઘવજી સાવલાની દીકરી. પ્રાર્થનાસભા કરસન લધુ હોલ, દાદર (વે),મુંબઈ. પ્રાર્થના સમય બપોરે ૨.૦૦ થી ૩.૩૦. લૌકીક વ્યવહાર બંધ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાના રક્ષા ગાલા (ઉં. વ. ૬૧) તા. ૩-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ચંચલબેન પુનશી ગાંગજી ગાલા (સોઢા)ના સુપુત્રી. આધોઇ સપના શ્રીપાલ ગડા, લેનવીન ખેતશીના માતુશ્રી. પંકજના બેન. પ્રાર્થના રાખેલ નથી. ટેન્ડનનું દાન કરેલ છે. એડ્રેસ : પંકજ ગાલા, ૩૦૨, ગણેશ કૃપા, સીંપોલી ક્રોસ રોડ નં. ૨, રાજડા સ્કુલની બાજુમાં, બોરીવલી (પ.) મું.

નાના ભાડીયાના કિર્તી રવજી(મગન) વરજાંગ મારૂ (ઉં. વ. ૬૧) તા. ૨.૧૨.૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઇના સુપુત્ર. સ્વ. શોભાના પતિ. નીધિ રાહુલ સુદ અને ધ્વનીના પિતા. શાંતાબેન ભાણાભાઈ પટેલના જમાઈ. નેમજી, અરવિંદ, સ્વ. ભરત, ગોધરાના રંજન કાનજી, બિદડાના વસુંધરા હંસરાજ, રામાણીયાના સ્વ. કંચન નવીન, રાયણના ભારતી રમેશ, પત્રીના વનિતા પ્રકાશના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધ્વની મારૂ, જી/૩૦૩ બ્રીઝા બિલ્ડિંગ, એંકર પાર્ક, અચોલે રોડ, નાલાસોપારા (ઈસ્ટ).

બારોઇના ભુપેન્દ્ર ગાંગજી ધરોડ (ઉં. વ. ૬૧) ૩-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. ભાનુમતી ગાંગજીના સુપુત્ર. રક્ષાના પતિ. ખ્યાતિ, રાજવીના પિતા. પિયુષ, જ્યોત્સના, સરોજના ભાઇ. દેશલપુરના ગં.સ્વ. ધનલક્ષ્મી જાદવજી ગાગજી ગંગરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નેત્રદાન, ત્વચાદાન કરેલ છે. ઠે. રક્ષા ભુપેન્દ્ર ધરોડ, ૬૦૨, ઓમ મહાવીર એપાર્ટમેન્ટ, મામલતદારવાડી, મલાડ (વેસ્ટ).

ગેલડાના વાસંતી (નિર્મળા) વિસનજી વોરા (ઉં. વ. ૮૪) તા. ૨-૧૨ના અવસાન પામેલ છે. દેમુબેન રવજીના પુત્રવધૂ. વિસનજીના પત્ની. મનોજ, સંજયના માતુશ્રી. લાખાપુર ઉમરબાઈ કુંવરજી લાલજી સાવલાના પુત્રી. રાજેશ, ધર્મિષ્ઠા (જયવંતી), નીનાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. સંજય વોરા- ૧૪૦૧, લક્ષ્મી છાયા, બાભઈ નાકા, બોરીવલી (વે).

આધોઇના નેણશી રવજી નીસર (ઉં. વ. ૭૭) શનિવાર તા. ૨૯-૧૧-૨૫ ના અવસાન પામેલ છે. સ્વ. ભાવલબેન /સ્વ ચંચળબેન રવજી નીસરના સુપુત્ર. સ્વ. નિર્મળાબેનના પતિ. અનિલ, પ્રીતિ, કમલેશના પિતાશ્રી. સ્વ. મણીલાલ, સ્વ. મોતીલાલ,ચંપક, નીતિન, સ્વ. જ્યોતિ, સ્વ. મણી, સ્વ. લક્ષ્મીના ભાઈ. મનફરાના સ્વ દિવાળીબેન ખીમજી ગાલાના જમાઈ. પ્રાર્થનાસભા : તા.૫-૧૨-૨૫ શુક્રવાર, સમયઃ સવારે ૧૦.૩૦ થી ૧૨,૦૦. સ્થળ : શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. કરસન લધુભાઈ નિશર હોલ, દાદર (વે.)

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ‘તાત્કાલિક કાયદો બદલો’

## શુક્રવારે મહારાષ્ટ્રભરની બજાર સમિતિઓ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બજાર સમિતિના પડતર પ્રશ્નોના ઉકેલમાં સરકારની અવગણનાને કારણે રાજ્યના વેપારીઓમાં મોટા અસંતોષ ફેલાયો છે. વેપારીઓએ એવી માગણી કરી હતી કે બધા માટે એક સમાન કાયદો બનાવવામાં આવે, ૧૯૬૩ના જૂના કાયદામાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવે અથવા બજાર સમિતિ કાયદાને રદ કરવામાં આવે. આ માગણી માટે મુંબઈ સહિત રાજ્યની તમામ બજાર સમિતિઓ પાંચમી ડિસેમ્બરે એક દિવસ માટે બંધ રહેશે.

મહારાષ્ટ્ર રાજ્ય વેપારી કાર્યવાહી સમિતિએ બુધવારે વિરોધ પાછળનું વલણ સ્પષ્ટ કર્યું હતું. વેપારીઓના પ્રતિનિધિ મોહન ગુરનાની, ગ્રોમાના પ્રમુખ ભીમજી ભાનુશાલી, ફામના જીતેન્દ્ર શાહ, પ્રતેશ શાહ, ફળ વેપારી સંગઠનના ચંદ્રકાંત ઢોલેએ વિરોધ પર પોતાનું વલણ રજૂ કર્યું હતું.

નવી મુંબઈ બજાર સમિતિ સહિત રાજ્યમાં દરેક જગ્યાએ વેપારીઓને આવશ્યક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી નથી. સરકારે બજાર સમિતિનું કાર્યક્ષેત્ર બજાર પૂરતું મર્યાદિત રાખ્યું છે.

બધા નિયમો બજારમાં વેપાર કરનારાઓને લાગુ પડે છે. જોકે, બજારની બહાર વેપાર કરનારાઓને કોઈ નિયમો લાગુ પડતા નથી. રાષ્ટ્રીય બજાર સમિતિના નામે વેપારીઓનું પ્રતિનિધિત્વ સમાપ્ત કરવાની યોજના છે. એક વર્ષ સુધી સરકાર સાથે ફોલોઅપ કરવા છતાં, વેપારીઓના મુદ્દાઓનું નિરાકરણ આવતું નથી, આ બધા મુદ્દાઓને લઈને વેપારીઓ એક દિવસનો રાજ્યવ્યાપી બંધ પાળશે. ■

### દરેકને ખુલ્લા વેપારની મંજૂરી આપો

સરકારે ૧૯૬૩ના કાયદામાં સુધારો કરવો જોઈએ. રાષ્ટ્રીય બજારનું સંચાલન કરતી વખતે બજારવાર વેપારીઓને પ્રતિનિધિત્વ આપવું જોઈએ. બજાર સમિતિ કાયદાની મુદત પૂરી થઈ ગઈ હોવાથી, હવે એવી માગણી કરવામાં આવી છે કે બજાર સમિતિ કાયદાને જ રદ કરવામાં આવે અને દરેક માટે ખુલ્લા વેપારની મંજૂરી આપવામાં આવે.

આ માંગણી માટે પાંચમી ડિસેમ્બરે બજાર એક દિવસ માટે બંધ રહેશે. આ આંદોલનને કારણે ડુંગળી-બટાકા, ફળ બજાર, શાકભાજી બજાર, કઠોળ અને મસાલા બજારમાં લાખો રૂપિયાનું ટર્નઓવર બંધ રહેશે. પરિણામે, મુંબઈવાસીઓને અસર થશે.

### કોણે શું કહ્યું?

▶ બજાર સમિતિ કાયદો રદ કરવો જોઈએ અને દરેકને પ્રતિબંધ વિના વેપાર કરવાની મંજૂરી આપવી જોઈએ. -મોહન ગુરનાની, વેપારી પ્રતિનિધિ

▶ સરકારના ભેદભાવપુર્ણ વર્તનનો વિરોધ કરવા માટે અને રાષ્ટ્રીય બજારમાં એપીએમસીને સ્થાન અપાવવા માટે આ બંધ પાળવામાં આવી રહ્યો છે- જિતેન્દ્ર શાહ, ફામ

▶ રાષ્ટ્રીય બજાર સમિતિમાં વેપાર પ્રતિનિધિઓને સ્થાન આપવું જોઈએ. પડતર પ્રશ્નોના ઉકેલ માટે પ્રતીકાત્મક બંધ પાળવામાં આવી રહ્યો છે. - ભીમજી ભાનુશાલી, પ્રમુખ, ગ્રોમા. ■

# ડિજિટલ ૭/૧૨ ને કાનૂની માન્યતા

## તલાટીની સહી અને સ્ટેમ્પની જરૂર નથી, ફક્ત ૧૫ રૂપિયામાં ડાઉનલોડ કરો

મુંબઈ: સત્તાવાર ૭/૧૨ મેળવવા માટે લોકોને નાકે દમ આવે છે. ઘણી જગ્યાએ લાંચ આપ્યા વિના સત્તાવાર સાતબારા મળતા નથી. ક્યારેક, જો કોઈ વ્યક્તિ લાંચ આપવાનો ઇનકાર કરે છે, તો તેને તલાટી ઓફિસ ધક્કે ચઢાવે છે. જોકે હવે સરકારના નવા નિર્ણયને કારણે લોકોને તલાટી કચેરીમાં જવાની જરૂર રહેશે નહીં.

રાજ્યના મહેસૂલ વિભાગે એક મોટું પગલું ભર્યું છે. સરકારે જમીનના ૭/૧૨ અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણયથી સેંકડો રખડી પડેલા જમીન સંબંધિત વ્યવહારોનો તાત્કાલિક ધોરણે નિકાલ આવશે અને કરોડો લોકોને મોટો ફાયદો થશે. ડિજિટલ ૭/૧૨ ને હવે કાનૂની રક્ષણ આપવામાં આવ્યું છે. આ અંગે એક સરકારી પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ આ અંગે માહિતી આપી

(જુઓ પાનું ૪) ▶▶

# મીરા-ભાયંદરમાં જાહેરસ્થળોએ હવે મફત વાઈ-ફાઈ

ભાયંદર: મહાનગરપાલિકાએ મીરા ભાયંદરમાં જાહેર સ્થળોએ મફત વાઈ-ફાઈ સુવિધા પૂરી પાડવાનો નિર્ણય લીધો છે. આ સંદર્ભમાં સરકારે ૧૦ કરોડ રૂપિયાના ભંડોળને મંજૂરી આપી છે અને સલાહકારની નિમણૂક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મીરા ભાયંદર શહેર ઝડપથી વિકાસ કરી રહ્યું છે. તેથી અહીંના નાગરિકોને મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવા અને આધુનિક વસ્તુઓ બનાવવા તરફ વહીવટીતંત્રનું વલણ છે. કમિશનર રાધા બિનોદ શર્માએ જાહેર સ્થળોએ મફત વાઈ-ફાઈ સેવા પૂરી પાડવાનો ખ્યાલ રજૂ કર્યો હતો. મીરા ભાયંદરમાં મુખ્યત્વે ગાર્ડન, વાચનાલય, ઓડિટોરિયમ, શાળાઓ, બસ ડેપો, થિયેટર, સરકારી કચેરીઓ, મેદાન અને અન્ય મહત્વપૂર્ણ સ્થળોનો સમાવેશ થતો હતો. જોકે મહાનગરપાલિકા

(જુઓ પાનું ૪) ▶▶

# મહિને બે ટકા વ્યાજ અને ફ્લૅટની લાલચે છેતરનારા બિલ્ડર પિતા-પુત્રની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહિને બે ટકા વ્યાજ અને બોરીવલીના પ્રોજેક્ટમાં ફ્લૅટ આપવાની લાલચે રોકાણકારો પાસેથી નાણાં પડાવ્યા પછી કથિત છેતરપિંડી કરવાના કેસમાં પોલીસે બિલ્ડર પિતા-પુત્રની કેરળમાં ધરપકડ કરી હતી. આરોપીઓ વિરુદ્ધ ૧૦થી વધુ ગુના નોંધાયેલા હોવાથી છેલ્લાં બે વર્ષથી અલગ અલગ રાજ્યોમાં ઓળખ બદલીને રહેતા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

કસ્તુરબા માર્ગ પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ અશોક અરવિંદભાઈ જેઠવા અને મિહિર અશોક જેઠવા તરીકે થઈ હતી. બન્નેને કેરળના કોચી શહેરમાંથી તાબામાં લેવાયા હતા.

બોરીવલી પૂર્વમાં રહેતા નવીનચંદ્ર ભરખડા (૬૯)એ નોંધાવેલી ફરિયાદને આધારે કસ્તુરબા માર્ગ પોલીસે આ મામલે એપ્રિલ, ૨૦૨૫માં અશોક જેઠવા અને મિહિર જેઠવા તેમ જ તેમની પત્ની કવિતા અને રિશીના જેઠવા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ભરખડા એસ્ટેટ એજન્ટ તરીકે કામ કરતા હોવાથી જેઠવા બિલ્ડર સાથે તેની ઓળખ હતી. પોતાના પ્રોજેક્ટમાં રોકાણ કરવા પર મહિને બે ટકા વ્યાજની લાલચ આરોપીએ આપી હતી. એ સિવાય બોરીવલીના કુલુપવાડી ખાતેના પ્રોજેક્ટમાં ફ્લૅટ આપવાની પણ ખાતરી આપી હતી.

આરોપીના કહેવાથી ફરિયાદીએ ૧.૧૭ કરોડ રૂપિયા પ્રોજેક્ટમાં રોક્યા હતા. શરૂઆતમાં બધું બરાબર ચાલતું હતું, પણ પછી આરોપીએ ઉડાઉ જવાબ આપવા માંડ્યા હતા. ફરિયાદીને વ્યાજ તો ઠીક મૂળ રકમ પણ પાછી આપવામાં આવી નહોતી. માર્ચ, ૨૦૧૯થી માર્ચ, ૨૦૨૦ દરમિયાન ફરિયાદી સાથે આ કથિત છેતરપિંડી થઈ હતી. આરોપીઓએ આ રીતે અનેક લોકોને છેતર્યા હોવાનું જાણવા મળ્યું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ગુનો નોંધાયા પછી

(જુઓ પાનું ૪) ▶▶

# રાણીબાગમાં હવે ‘શક્તિ’ બાદ ‘રુદ્ર’ વાઘનું મૃત્યુ?

મુંબઈ: ભાયખલા સ્થિત વીરમાતા જીજાબાઈ ભોસલે પાર્ક અને પ્રાણી સંગ્રહાલયમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. રાણીબાગ તરીકે જાણીતા આ પ્રાણી સંગ્રહાલયમાં શક્તિ વાઘના શંકાસ્પદ મૃત્યુની માહિતી મળ્યા બાદ હવે રુદ્ર નામનો વાઘ પણ અવસાન પામ્યો હોવાના અહેવાલ મળ્યા છે. સૂત્રો અનુસાર રુદ્રનું મૃત્યુ શક્તિ વાઘના મૃત્યુના થોડા દિવસો પહેલા જ થઈ ગયું હતું. રાણીબાગમાં જન્મેલા ત્રણ વર્ષના રુદ્રનું મૃત્યુ ચેપ લાગવાથી થયું હોવાની પ્રાથમિક માહિતી મળી હતી. જોકે મૃત્યુ અંગેનો અહેવાલ હજુ આવ્યો ન હોવાથી કારણ નથી જાણી શકાયું.

મુંબઈ દક્ષિણ ભાજપના મહાસચિવ નીતિન બેન્કરે આ અંગે સવાલ ઉઠાવ્યો છે. વહીવટીતંત્રે રુદ્ર વાઘ અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ એવી માંગણી તેમણે કરી છે. જો સાત દિવસની

(જુઓ પાનું ૪) ▶▶

# શાળાના વિદ્યાર્થીઓ વચ્ચેના વિવાદમાં યુવકની હત્યા: ચારની ધરપકડ

થાણે: શાળામાં વિદ્યાર્થીઓ વચ્ચે થયેલો વિવાદ રસ્તા પરની મારમારીમાં પરિણમતાં એક યુવકે જીવ ગુમાવવો પડ્યો હોવાની ઘટના થાણે જિલ્લાના દીવા ખાતે બની હતી. પોલીસે ચાર સગીર સહિત આઠ જણ વિરુદ્ધ ગુનો નોંધી ચારની ધરપકડ કરી હતી.

મુંબ્રા પોલીસના જણાવ્યા મુજબ ઘટના પહેલી ડિસેમ્બરે દીવાના ગણેશ નગર વિસ્તારમાં બની હતી. એ જ પરિસરમાં રહેતા અભિજિત પાટીલ (૨૦), સુમિત ગાવડે (૨૧) અને એક સગીર પર છરાથી હુમલો થયો હતો. ગંભીર ઇજાને કારણે પાટીલનું મૃત્યુ થયું હતું, જ્યારે ગાવડે અને સગીરને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

અધિકારીએ જણાવ્યું હતું કે પ્રાથમિક તપાસ બાદ પ્રતીક સપકાળ (૧૮), સ્વયંમ પાટીલ (૧૮), ચેતન ગાયકવાડ (૨૦) અને સ્વતેજ જાધવ (૧૮)ની અટકાયત કરાઈ હતી. આ કેસમાં સંડોવાયેલા ચાર સગીરને પણ તાબામાં લેવાયા હતા. હુમલામાં વપરાયેલો છરો હસ્તગત કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ગણેશ નગરમાં રહેતા બે સગીર પહેલી ડિસેમ્બરે વાળ કપાવવા સલૂનમાં જઈ રહ્યા હતા. તે સમયે શાળામાં થયેલા વિવાદને મુદ્દે કેટલાક વિદ્યાર્થીઓએ બન્નેની મારપીટ કરી હતી. આ બાબતની જાણ અભિજિત પાટીલને થતાં બન્ને મિત્ર સાથે તે મારપીટ કરનારા સગીરોની પૂછપરછ કરવા ગયો હતો.

કહેવાય છે કે પૂછપરછ કરવા બદલ આરોપી સગીર અને તેના સાથીઓએ પાટીલ અને તેના બન્ને મિત્રોની મારપીટ કરવા માંડી હતી. એ વખતે એક સગીરે છરાથી હુમલો કર્યો હતો, જેમાં અભિજિતનું મૃત્યુ થયું હતું. ■

# જોગેશ્વરીમાં હીરાવેપારીની પત્નીએ બિલ્ડિંગના ૧૧મા માળેથી ઝંપલાવ્યું

## લગ્નનાં સાત વર્ષેય સંતાન ન હોવાથી દંપતી વચ્ચે ખટરાગ હતો: પોલીસે મોબાઈલ અને લૅપટોપ તપાસ માટે તાબામાં લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જોગેશ્વરીની પૉશ સોસાયટીમાં રહેતા હીરાવેપારીની પત્નીએ ૧૧મા માળે આવેલા ફ્લૅટની બાલ્કનીમાંથી કૂદકો મારી કથિત આત્મહત્યા કરી હતી. લગ્નનાં સાત વર્ષેય સંતાન ન હોવાથી દંપતી વચ્ચે ખટરાગ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવતાં આ જ કારણસર મહિલાએ આપઘાત કર્યો છે કે કેમ તેની તપાસ પોલીસ કરી રહી છે. વધુ તપાસ માટે પોલીસે પરિણીતાનો મોબાઈલ અને લૅપટોપ જપ્ત કર્યું હતું.

મેઘવાડી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સુધાકર હુંભેએ ‘મુંબઈ સમાચાર’ને જણાવ્યું હતું કે ઘટના બુધવારની રાતે ૧૧.૧૫ વાગ્યાની આસપાસ બની હતી. મૃતકની ઓળખ સૃષ્ટિ અમિત જૈન (૩૧) તરીકે થઈ હતી. સૃષ્ટિ પત્ની અને સાસરિયાં સાથે જોગેશ્વરી પૂર્વમાં મજાસવાડી ડેપો નજીકના ઑબેરોય સ્પ્લેન્ડર એપાર્ટમેન્ટમાં ૧૧મા માળે રહેતી હતી. આ પ્રકરણે એડીઆર નોંધી વધુ તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું

(જુઓ પાનું ૪) ▶▶




**નામાંતર:** દેશભરમાં રાજભવનોના નામ બદલીને લોકભવન રાખવાનો નિર્ણય લેવાયા બાદ મુંબઈમાં આવેલા મહારાષ્ટ્ર રાજભવનનું નામ સત્તાવાર બદલીને મહારાષ્ટ્ર લોકભવન કરવામાં આવ્યું છે. (અમય ખરાડે)

# પગાર કપાત છતાં શિક્ષક સંગઠન આજે ‘શાળા બંધ’ આંદોલન માટે મક્કમ

મુંબઈ: શિક્ષણ વિભાગે એક દિવસના પગારમાં કાપ મૂક્યો હોવા છતાં હવે પીછેહઠ નહીં કરવામાં આવે એવું વલણ રાજ્યના શિક્ષક સંગઠનોએ અપનાવ્યું છે. પરિણામે શુક્રવાર પાંચમી ડિસેમ્બરે રાજ્યની ૨૫ હજાર શાળાઓ કોઈપણ સંજોગોમાં બંધ જ રહેશે. એવો નિર્ધાર શિક્ષક સંગઠનોએ વ્યક્ત કર્યો છે. રાજ્યના આચાર્યો અને શિક્ષકોએ વિવિધ માંગણીઓ માટે પાંચમી ડિસેમ્બરે ‘શાળા બંધ’ કરવાની હાકલ કરી છે. દરમિયાન જો શાળાઓ બંધ રહેશે તો શિક્ષણ નિયામકે સંબંધિત આચાર્યો અને શિક્ષકોનો એક દિવસનો પગાર કાપવાનો નિર્ણય લીધો છે.

આ નિર્ણયથી શિક્ષક સંગઠનો વધુ આક્રમક બન્યા છે. શિક્ષકો સંદર્ભે કરવામાં આવેલા ફેરફારને કારણે ધોરણ ૯ અને ૧૦ની લગભગ ૧૮ હજાર શાળાઓ બંધ પડી જશે. શિક્ષકોની સાથે વિદ્યાર્થીઓનું જીવન પણ

(જુઓ પાનું ૪) ▶▶

# બોમ્બે હાઈ કોર્ટનું નામ મુંબઈ હાઈ કોર્ટ કરવા અંગેની અરજી કેન્દ્ર સરકાર પાસે વર્ષોથી પેન્ડિંગ

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટનું નામ બદલીને મુંબઈ હાઈ કોર્ટ કરવા અંગેનો પ્રસ્તાવ હજુ કેન્દ્ર સરકાર પાસે પેન્ડિંગ છે અને રાજ્ય સરકારે છેલ્લા કેટલાક વર્ષોમાં એ બાબતે કોઈ પગલાં નથી લીધા. મહારાષ્ટ્ર અને ગોવાની રાજ્ય સરકારો અને બોમ્બે હાઈ કોર્ટના ચીફ જસ્ટિસની મંજૂરી હોવા છતાં કેન્દ્ર સરકારની બેદરકારીને કારણે આ પ્રસ્તાવ અધ્ધર લટકી રહ્યો છે.

આઈઆઈટી-બોમ્બેનું નામ બદલીને આઈઆઈટી-મુંબઈ કરવાની માગણી થઈ રહી છે અને રાજ્ય સરકાર પણ તેની તરફેણમાં છે. જોકે, છેલ્લા ૧૯-૨૦ વર્ષથી બોમ્બે હાઈ કોર્ટનું નામ બદલી મુંબઈ હાઈ કોર્ટ કરવાની માગ થઈ રહી છે, પરંતુ કેન્દ્ર સરકારે આ અંગે કોઈ નિર્ણય લીધો નથી. રાજ્ય સરકારે ૧૭ જાન્યુઆરી ૨૦૦૫ના દિવસે કેન્દ્ર સરકારને નામ બદલવાની જાણ કરી હતી. ત્યારબાદ રાજ્ય સરકારે કેટલીક વખત કોશિશ કરી હતી. મુંબઈ, કલકત્તા અને મદ્રાસ બ્રિટિશ કાળની હાઈ કોર્ટ છે અને કલકત્તા તેમજ મદ્રાસ હાઈ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને રાજ્ય સરકાર કલકત્તા અને મદ્રાસ હાઈ કોર્ટના નામ બદલવા માટે સંમત નથી થયા. ■

# શ્રીલંકામાં ફસાયેલાં ચાર મહિલા સંશોધક સુરક્ષિત મુંબઈ પહોંચ્યાં



મુંબઈ: ભારતીય વાયુસેના અને સરકારના પ્રયાસો પછી શ્રીલંકામાં ફસાયેલા સેંકડો ભારતીયોને સુરક્ષિત ભારત લાવવામાં આવ્યા છે. વાયુસેનાના બે વિમાનો તેમની મદદ માટે રવાના કરવામાં આવ્યા હતા. તેમાં મુંબઈની સોમૈયા યુનિવર્સિટીના ચાર સંશોધકો સામેલ હતા. ૪૨ કલાકથી વધુ સમય સુધી એરપોર્ટ પર રહ્યા પછી ભારતીય મુસાફરો ‘ભારત માતા કી જય’ ના નારા લગાવતા પોતાના વતન પરત ફર્યા હતા. બંગાળની ખાડીમાં સર્જાયેલા દિત્વા વાવાઝોડાની શ્રીલંકા પર મોટી અસર થઈ હતી. તોફાની પવન,

(જુઓ પાનું ૪) ▶▶

# વસઈમાં ગેસ લીકેજ: તપાસ સમિતિની રચના

વસઈ: વસઈમાં થયેલા ક્લોરિન ગેસ સિલિન્ડર લીકેજના મામલે મ્યુનિસિપલ કમિશનરે તપાસ સમિતિની રચના કરી છે. આ દુર્ઘટનામાં ૧૯ લોકો પ્રભાવિત થયા હતા, જેમાંથી એકનું મૃત્યુ થયું હતું. ૧૫ વર્ષ જૂના સિલિન્ડર કઈ કંપનીના છે તેનો રેકોર્ડ નગરપાલિકા પાસે નથી, પરંતુ તે કંપનીની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

વસઈ વિરાર મ્યુનિસિપલ કોર્પોરેશનના પાણી પુરવઠા વિભાગ પાસે પાણી શુદ્ધિકરણ માટે ક્લોરિન ગેસ ધરાવતા ગેસ સિલિન્ડર હતા. આ સિલિન્ડર છેલ્લા ૧૫ વર્ષથી પડેલા હતા. ૨૫ નવેમ્બરના રોજ દિવાનમાન ખાતે પાણીની ટાંકી પાસે રાખેલા સિલિન્ડરમાંથી ઝેરી ક્લોરિન ગેસ લીક થયો. આ લીકેજથી ફાયર બ્રિગેડના કર્મચારીઓ, પાણી પુરવઠા કર્મચારીઓ અને આસપાસના વિસ્તારમાં રહેતા ૧૯ લોકો પ્રભાવિત થયા. તેમાંથી એકનું મોત નીપજ્યું.

રસપ્રદ વાત એ છે કે ૧૫ વર્ષથી ત્યાં સિલિન્ડર હોવાની જાણ નગરપાલિકાને નહોતી.

મ્યુનિસિપલ કમિશનર મનોજ કુમાર સૂર્યવંશીએ સમગ્ર મામલાની તપાસ માટે એક તપાસ સમિતિની નિમણૂક કરી છે. આ ઘટના કેવી રીતે બની? આ અકસ્માત માટે કોણ જવાબદાર છે? તેની તપાસ સમિતિ દ્વારા કરવામાં આવશે. ■

# ગૅન્ગસ્ટર ઘાયવળના સાગરીતે પુણેની ફૅક્ટરીમાંથી ૪૦૦ કારતૂસ ખરીદી હતી

પુણે: પુણેના ભાગેડુ ગૅન્ગસ્ટર નીલેશ ઘાયવળની ગૅન્ગના કથિત સભ્યએ બોગસ દસ્તાવેજને આધારે ઘાતક શસ્ત્રોનું લાઈસન્સ પ્રાપ્ત કરીને તેની મદદથી પુણેના દારૂગોળાના કારખાનામાંથી ૪૦૦ કારતૂસ ખરીદી હતી, જેને પગલે પોલીસે તપાસની ગતિ વધારી દીધી હોવાનું વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે ઘાયવળના સાગરીત અજય સરવદેની સોમવારે ધરપકડ કરી હતી. ગયા મહિને પુણેના કોથરુડ વિસ્તારમાં બનેલી ઘટનામાં સરવદેની કથિત સંડોવણી સામે આવી હતી. એ ઘટનામાં ઘાયવળ ગૅન્ગના કથિત સભ્યોએ એક યુવાનને ગોળીએ દીધો હતો.

દેશબહાર ફરાર થઈ ગયેલો ગૅન્ગસ્ટર ઘાયવળ હાલમાં યુકેમાં હોવાનું માનવામાં આવે છે. ઝોન-૩ના ડેપ્યુટી પોલીસ કમિશનર સંભાજી કદમે જણાવ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▶▶

# મહાપરિનિર્વાણ દિવસે મુંબઈ આવતાં વાહનોનો ટોલ માફ કરવાની માગણી

મુંબઈ: ભારતીય સંવિધાનના ઘડવૈયા ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસે ૬ ડિસેમ્બરે દેશભરમાંથી લાખો અનુયાયીઓ મુંબઈના દાદર સ્થિત ચૈત્યભૂમિની મુલાકાત લઈને બાબા સાહેબને શ્રદ્ધાંજલિ આપે છે. મુંબઈ બહારથી ચૈત્યભૂમિ આવનારા લાખો અનુયાયીઓના વાહનોને ટોલમાંથી મુક્તિ આપવી જોઈએ, એવી માગ કોંગ્રેસના મુંબઈ અધ્યક્ષ, સાંસદ વર્ષા ગાયકવાડે કરી હતી. સાંસદ વર્ષા ગાયકવાડે દિલ્હીમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીની મુલાકાત લઈને ટોલ માફી માટેનું આવેદનપત્ર આપ્યું હતું. ટોલ માફ કરીને ડૉ. બાબા સાહેબના અનુયાયીઓની ભાવનાઓ અને અસ્મિતાનું સન્માન કરવું જોઈએ, એવું ગાયકવાડે આવેદનપત્રમાં જણાવ્યું હતું. ■

# ગોરેગામમાં કોલેજમાં બુરખા-નકાબ પર પ્રતિબંધ સામે વિરોધ: છ વિદ્યાર્થિની સામે ગુનો

મુંબઈ: ગોરેગામ વિસ્તારમાં આવેલી કોલેજમાં બુરખા-નકાબ પર પ્રતિબંધ સામે વિરોધ કરવા બદલ છ વિદ્યાર્થિની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર વિવેક વિદ્યાલય એન્ડ જુનિયર કોલેજના મેનેજમેન્ટ દ્વારા ક્લાસરૂમમાં બુરખા અને નકાબ પર પ્રતિબંધ મૂકતો ડ્રેસ કોડ લાગુ કરાયા બાદ અમુક વિદ્યાર્થિની કોલેજની બહાર ભૂખ હડતાળ પર છે એવી માહિતી મળ્યા બાદ આ કાર્યવાહી કરાઇ હતી.


પોલીસની પરવાનગી વિના વિદ્યાર્થિનીઓ વિરોધ પ્રદર્શન કરી રહી હતી. તેણે પોલીસ કર્મચારીઓ સાથે પણ દલીલ કરી હતી, જેમણે

(જુઓ પાનું ૪) ▶▶

# રાયપુરમાં બે સેન્ચુરી ફટકારી છતાં આપણે હારી ગયા! હવે નબળી બોલિંગ ટીમ ઈન્ડિયાને બેહાલ કરી રહી છે

▶ બિનઅનુભવી બોલર્સ ૩૫૯ રનનો લક્ષ્યાંક કેવી રીતે ડિફેન્ડ કરી શકે?: વિરાટ-ઋતુરાજની ૧૯૫ રનની તોતિંગ ભાગીદારી ગઈ પાણીમાં

*અજય મોતીવાલા*


વિરાટ (વચ્ચે) અને ગાયકવાડ (જમણે)ની સેન્ચુરી ક્રિષ્ના (ડાબે) સહિતના બોલર્સની નિષ્ફળ બોલિંગને લીધે એળે ગઈ. જોકે ફીલ્ડિંગ પણ નબળી હતી.

મુંબઈ: ગયા મહિને ટેસ્ટના નવા વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝમાં ભારતે દિગ્ગજો અને અનુભવી ખેલાડીઓ વિનાની કંગાળ બૅટિંગ લાઇન-અપને કારણે ૦-૨થી હાર જોવી પડી હતી તેમ જ ખાસ કરીને સારા ટર્ન અપાવતી આપણી જ પિચો પર હરીફ ટીમની અસરદાર સ્પિન બોલિંગ સામે આપણા જ બૅટ્સમેનો ઝૂકી જતાં આપણી ટીમનો વાઇટવૉશ થયો હતો, પરંતુ હવે એ જ દેશ સામેની વન-ડે સિરીઝમાં આપણી વર્લ્ડ નંબર-વન ટીમ નબળી બોલિંગને કારણે બુધવારે છઠ્ઠા નંબરના સાઉથ આફ્રિકા સામે હારી ગઈ હતી.

હજી અઠવાડિયા પહેલાં ટેસ્ટ શ્રેણીમાં ખરાબ રીતે દાઝી ગયા હોઈએ તો એ પછીની વન-ડે શ્રેણી માટેની ટીમ ખૂબ સાવચેતીપૂર્વક સિલેક્ટ કરવી જોઈતી હતી. જસપ્રીત બુમરાહ તથા મોહમ્મદ સિરાજને આરામ આપો અને મહિનાઓથી ટીમ ઇન્ડિયામાં કમબૅક કરવા થનગની રહેલા મોહમ્મદ શમીને સતત અવગણ્યા કરો, ભુવનેશ્વર કુમાર જેવા એક સમયના ટોચના પેસ બોલરને પણ ભૂલી જાઓ તો પછી કેવી હાલત થાય એ સમજી શકાય એવી વાત છે. રાયપુરમાં બુધવારે ભારતીય ટીમે બબ્બે સેન્ચુરી થયા પછી પણ હાર જોવી પડી. એકમાત્ર એઇડન માર્કરમની સદી મૅચ-વિનિંગ સાબિત થઈ.

## વિરાટ-ઋતુરાજે છેવટે હાર જોવી પડી

વિરાટ કોહલી ૨૦૦૮માં ૨૦ વર્ષની યુવાન વયે ડેબ્યૂ વખતે જે જોશ, ઝનૂન અને સ્ફૂર્તિથી રમતો હતો એવું જ બુધવારે રાયપુરમાં ૩૭ વર્ષની ઉંમરે સાઉથ આફ્રિકા સામે રમ્યો હતો અને વન-ડેની ૫૩મી સદી તથા આંતરરાષ્ટ્રીય ક્રિકેટની ૮૪મી સદી ફટકારી હતી. ૧૪૩ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૯૩ બૉલમાં બે છગ્ગા તથા સાત ચોક્કાની મદદથી ૧૦૨ રન કર્યા ત્યાર પછી પણ છેવટે તેણે પરાજય જોવો પડ્યો હતો. ઋતુરાજ ગાયકવાડને માંડ-માંડ ટીમ ઇન્ડિયામાં કમબૅક કરવા મળ્યું અને તેણે બુધવારે ૧૦૨ મિનિટ તથા ૮૩ બૉલની ઇનિંગ્સમાં બે સિક્સર તથા બાર ફોર સાથે ૧૦૫ રન કર્યા અને વન-ડે ફૉર્મેટમાં પહેલી વાર સેન્ચુરી ફટકારી, ભાવુક થઈને વિરાટના ખભા પર માથું ટેકવીને રડ્યો હતો છતાં તેણે પણ છેવટે હાર જ જોવી પડી. કિંગ કોહલી સાથે ૧૫૬ બૉલમાં ગાયકવાડની ૧૯૫ રનની તોતિંગ ભાગીદારી થાય ત્યાર પછી પણ જો ભારતનો ચાર બૉલ બાકી રહી જતાં પરાજય થાય તો સેન્ચુરિયન બૅટ્સમેનો કેટલા હતાશ થાય એ આપણે સારી રીતે સમજી શકીએ છીએ.

## રાયપુરમાં ભારતીય બોલિંગની ધુલાઈ થઈ

અર્શદીપ સિંહ ટોચનો ફાસ્ટ બોલર છે એની ના નથી, પરંતુ બૅટિંગ પિચ પર યૉર્કર સહિત તેનો અસલ ટચ ન જોવા મળે તો શું થાય, હારી જ જવાયને! અનુભવી ફાસ્ટ બોલર્સને બદલે પ્રસિદ્ધ ક્રિષ્ના અને હર્ષિત રાણા જેવા ખૂબ ઓછા અનુભવવાળા પેસ બોલરને લઈને મેદાન પર ઊતરો તો શું થાય! ડેથ ઓવર્સમાં જિતાડી આપે એવા કાબેલ બોલર્સ સિલેક્ટરોએ કેમ ભારતીય ટીમને ન આપ્યા? ક્રિષ્નાએ એ દિવસે બે વિકેટ લીધી, પણ તેની ૮.૨ ઓવરમાં ૮૫ રન બન્યા હતા. હર્ષિતે પણ એક વિકેટ મેળવી, પરંતુ તેની ૧૦ ઓવરમાં ૭૦ રન થયા હતા. કુલદીપ યાદવ જેવા ટોચના સ્પિનરને પણ એક વિકેટ ૭૮ રનના ખર્ચે મળી હતી.

## સિલેક્ટરો, તમે ડોમેસ્ટિક મૅચોમાંથી ટૅલન્ટ શોધી કાઢો

સિલેક્ટર્સ (અહીં ખાસ કરીને ચીફ સિલેક્ટર અજિત આગરકરની વાત કરીએ છીએ) વિદેશમાં આંતરરાષ્ટ્રીય સિરીઝ દરમ્યાન મેદાન પર જોવા મળે તો કોઈને પણ શંકા થાય કે માત્ર ટીમ સિલેક્ટ કરવાની જવાબદારી સંભાળતા આ ભાઈ કેમ ગ્રાઉન્ડ પર વારંવાર જોવા મળે છે? તેમણે જ મેદાન પર આવી જવાનું હોય તો પછી હેડ-કોચ અને સિનિયર ખેલાડીઓ સહિતના ટીમ-મૅનેજમેન્ટની શું જરૂર છે? સિલેક્ટરોએ ટીમ પસંદ કર્યા પછી સિરીઝ કે મૅચ દરમ્યાન હાજરી આપીને ખેલાડીઓને માનસિક દબાણમાં લાવવા કરતાં ડોમેસ્ટિક મૅચોના સ્થળે જઈને નવી-નવી ટૅલન્ટ શોધવી જોઈએ. શું નવી ટૅલન્ટ ખોળી કાઢવા માટે માત્ર ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) જ એકમાત્ર માધ્યમ છે?

હેડ-કોચ ગૌતમ ગંભીરને તેમ જ નવી કૅપ્ટન્સી સંભાળી રહેલા સુકાનીઓ તેમ જ ટીમના બોલર્સને એક સલાહ છે કે તમે જ્યાં પણ રમો ત્યાં સ્ટેડિયમમાં (કે કૉમેન્ટરી બૉક્સમાં) ગાવસકર, સૌરવ ગાંગુલી, અનિલ કુંબલે, હરભજન સિંહ વગેરે દિગ્ગજો બેઠા જ હોય છે એટલે (અહમ બાજુ પર રાખીને) કોઈ પણ પ્રકારની જરૂરી સલાહ માટે તેમની પાસે પહોંચી જતા અચકાશો નહીં. ■

# હાર્દિક-પ્રેમી પ્રેક્ષકોનો ધાર્યા કરતાં વધુ ધસારો થતાં મૅચ બીજા મેદાન પર રાખવી પડી!



હૈદરાબાદ: સામાન્ય રીતે ક્રિકેટ મૅચ વખતે પ્રેક્ષકોનો ધસારો થાય તો એ સંબંધિત સ્ટેડિયમ માટે સારી વાત કહેવાય, કારણકે મોટી સંખ્યામાં લોકો મૅચ જોવા આવવાને લીધે આયોજકોને આવક થાય અને ક્રિકેટોત્સવને લીધે એ વિસ્તાર પણ ધમધમી ઊઠે, પરંતુ ગુરુવારે હૈદરાબાદમાં જે કંઈ બન્યું એ અનોખું જ હતું. પ્રેક્ષકોનો ધસારો થતાં બરોડા અને ગુજરાત વચ્ચેની સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની મૅચ બીજા મેદાન પર રાખવી પડી હતી. સૌથી મોટું કારણ એ છે કે આ મૅચમાં બરોડા વતી હાર્દિક પંડ્યા રમવાનો હતો.

આયોજકોએ આ મૅચ માટે ઓછું જાણીતું જિમખાના ગ્રાઉન્ડ નક્કી કર્યું હતું. જોકે આયોજકોએ ધાર્યું હતું એના કરતાં ઘણી મોટી સંખ્યામાં પ્રેક્ષકો હાર્દિકને જોવા આવી ગયા હતા, ટીમની હૉટેલની આસપાસ પણ ક્રિકેટપ્રેમીઓ ચક્કર લગાવવા લાગ્યા હતા, પ્રૅક્ટિસ વખતે પણ ઘણા લોકો સ્ટેડિયમમાં આવી પહોંચ્યા હતા અને ટિકિટ કાઉન્ટર્સ પર લાંબી લાઇનો લાગી ગઈ હતી.

આ બધું જોઈને આયોજકોએ બરોડા-ગુજરાત મૅચનું સ્થળ બદલીને ખેલાડીઓ માટે વધુ સલામત રાજીવ ગાંધી ઇન્ટરનૅશનલ સ્ટેડિયમમાં આ મૅચ રાખી દીધી હતી.

જોકે આ મૅચમાં પણ બરોડા જીત્યું હતું, પરંતુ હાર્દિક મંગળવાર જેવું પર્ફોર્મ નહોતો કરી શક્યો. મંગળવારે હાર્દિક પંજાબ સામે એક વિકેટ લીધા બાદ મૅચ-વિનિંગ ૭૭ રન કર્યા હતા. ગુરુવારે હાર્દિક એક જ વિકેટ લઈ શક્યો હતો અને પછીથી ૧૦ રનના પોતાના સ્કોર પર ગુજરાતના સ્પિનર રવિ બિશ્નોઈના બૉલમાં અર્ઝાન નાગવાસવાલાને કૅચ આપી બેઠો હતો અને હાર્દિક પોતાની વિકેટ લેનાર બોલર બિશ્નોઈને ભેટીને પાછો આવ્યો હતો. ■

# દિગ્ગજો, તમે પાછા દમદાર રમીને ટ્રોફી અપાવજો



ગઈ કાલે રાયપુરના ઍરપોર્ટ પર ટીમ ઈન્ડિયાના વિરાટ કોહલી, રોહિત શર્મા તથા અન્યો. તેઓ વિશાખાપટનમ જવા રવાના થયા હતા જ્યાં શનિવારે સાઉથ આફ્રિકા સામે સિરીઝની નિર્ણાયક વન-ડે રમાશે. બન્ને ટીમ ૧-૧ની બરાબરીમાં છે. (પીટીઆઇ)

# રૂટની ૪૦મી સેન્ચુરી, પણ ઑસ્ટ્રેલિયામાં પ્રથમ

▶ ૧૦મી વિકેટ માટે ૧૧મા નંબરના જોફ્રા આર્ચર સાથે ૬૧ રનની અતૂટ ભાગીદારી કરી



બ્રિસ્બેન: ઍશિઝ સિરીઝમાં પર્થની પ્રથમ ટેસ્ટ માત્ર બે દિવસમાં પૂરી થઈ ત્યાર બાદ લગભગ બે અઠવાડિયાના લાંબા બ્રેક બાદ બ્રિસ્બેનના ગૅબામાં ગુરુવારે શરૂ થયેલી પિન્ક બૉલ ડે-નાઇટ ટેસ્ટ (સવારે ૯.૩૦ વાગ્યાથી)નો પ્રથમ દિવસ પર્થની પહેલી ટેસ્ટના પ્રારંભિક દિવસની ૧૯ વિકેટની માફક ઢગલાબંધ વિકેટોવાળો બની ગયો હોત, પણ ઇંગ્લૅન્ડના પીઢ બૅટ્સમૅન જો રૂટે (૧૩૫ નૉટઆઉટ, ૨૦૨ બૉલ, એક સિક્સર, પંદર ફોર) પિચ પર એક છેડો સાચવી રાખ્યો હતો અને એક પછી એક નાની-મોટી ભાગીદારી કરીને ઑસ્ટ્રેલિયાના બોલર્સને ખૂબ હંફાવ્યા હતા અને ફીલ્ડર્સને દોડાવ્યા હતા. રમતના અંત સુધીમાં ઇંગ્લૅન્ડે નવ વિકેટે ૩૨૫ રન કર્યા હતા. રૂટે ૪૦મી ટેસ્ટ સદી ફટકારી હતી.

જો રૂટ ૨૦૧૩ની સાલથી ઑસ્ટ્રેલિયામાં રમવા આવે છે, પણ અગાઉ આ દેશમાં ૨૯ દાવમાં નિષ્ફળ રહ્યા બાદ ગુરુવારે છેક ૩૦મી ટેસ્ટ-ઇનિંગ્સમાં તે સદી ફટકારવામાં સફળ થયો હતો. તે ચોથા નંબરે બૅટિંગમાં આવ્યા પછી દિવસના અંત સુધી ક્રીઝમાં અડીખમ હતો. પ્રથમ દિવસની રમતના અંતે ઇંગ્લૅન્ડનો સ્કોર નવ વિકેટે ૩૨૫ રન હતો. રૂટ અને જોફ્રા આર્ચર (૩૨ નૉટઆઉટ, ૨૬ બૉલ, બે સિક્સર, એક ફોર) વચ્ચે છેલ્લી વિકેટ માટે ૬૧ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

જો રૂટે ઓપનર ઝૅક ક્રૉલી (૭૬ રન) સાથે ત્રીજી વિકેટ માટે ૧૧૭ રનની, હૅરી બ્રૂક (૩૧ રન) સાથે ૫૪ રનની, બેન સ્ટૉક્સ (૧૯ રન) સાથે ૩૪ રનની, વિલ જૅક્સ (૧૯ રન) સાથે ૪૦ રનની અને જોફ્રા આર્ચર (૩૨ નૉટઆઉટ) સાથે અતૂટ ૬૧ રનની પાર્ટનરશિપ કરી હતી.

બીજી ટેસ્ટનો પહેલો દિવસ માત્ર ઑસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્ક (૧૯-૦-૭૧-૬)નો જ બની રહે એવી સ્થિતિ હતી, પરંતુ જો રૂટે (૧૩૫ નૉટઆઉટ, ૨૦૨ બૉલ, એક સિક્સર, પંદર ફોર) ૪૦મી ટેસ્ટ સદી ફટકારીને કટ્ટર હરીફ ટીમને જડબાતોડ જવાબ આપ્યો હતો. ઑસ્ટ્રેલિયા સિરીઝમાં ૧-૦થી આગળ છે. ■

# હવે અકરમ નહીં, પણ સ્ટાર્ક વિશ્વનો નંબર વન લેફ્ટ આર્મ ફાસ્ટ બોલર



બ્રિસ્બેન: ઇંગ્લૅન્ડ સામે બ્રિસ્બેનના ગૅબામાં ગઈ કાલે શરૂ થયેલી પિન્ક બૉલ ડે-નાઈટ ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયાના મિચલ સ્ટાર્કને સૌથી વધુ ટેસ્ટ વિકેટની દ્રષ્ટિએ વિશ્વના સર્વશ્રેષ્ઠ લેફ્ટ આર્મ ફાસ્ટ બોલર તરીકેનો પાકિસ્તાનના વસીમ અકરમનો વર્લ્ડ રેકૉર્ડ તોડવા ફક્ત ત્રણ વિકેટની જરૂર હતી જે તેણે મેળવી લીધી છે. હવે આ લિસ્ટમાં સ્ટાર્ક ૪૧૫ વિકેટ સાથે મોખરે છે. અકરમની ૪૧૪ વિકેટ છે, જયારે શ્રીલંકાનો ચામિન્ડા વાસ (૩૫૫ વિકેટ) ત્રીજા સ્થાને છે.

ગઈ કાલના પ્રથમ દિવસે ઇંગ્લૅન્ડે પ્રથમ બૅટિંગ લીધા પછી ડિનરના બ્રેક સુધીમાં ચાર વિકેટે ૧૯૭ રન કર્યા હતા.

મિચલ સ્ટાર્કે બેન ડકેટ (૦) તથા ઑલી પૉપ (૦)ને શૂન્યમાં આઉટ કર્યા બાદ હૅરી બ્રુક (૩૧ રન)ની પણ વિકેટ લીધી હતી. ઝેક ક્રોવ્લી (૭૬ રન)ની ચોથી વિકેટ માઇકલ નેસરે મેળવી હતી. ત્યાર પછી સ્ટાર્કે દિવસની રમતના અંત સુધીમાં એ દાવમાં વધુ વિકેટો પણ લીધી હતી.

ઑસ્ટ્રેલિયા સિરીઝમાં ૧-૦થી આગળ છે. પર્થની પહેલી ટેસ્ટ બે જ દિવસમાં પૂરી થઈ ગઈ હતી.

બીજી ટેસ્ટમાં ઇંગ્લૅન્ડે પહેલા દિવસે નવ વિકેટે ૩૨૫ રન કર્યા હતા. હવે ઑસ્ટ્રેલિયાએ પણ બૅટિંગમાં કમાલ કરી દેખાડવી પડશે. આ ડે-નાઇટ પિન્ક બૉલ ટેસ્ટ છે. ઑસ્ટ્રેલિયા ફક્ત એક જ વખત પિન્ક બૉલ ટેસ્ટમાં હાર્યું છે.

## ટેસ્ટમાં ટોચના પાંચ લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર

(૧) મિચલ સ્ટાર્ક, ૧૦૨ ટેસ્ટમાં ૪૧૮ વિકેટ


(૨) વસીમ અકરમ, ૧૦૪ ટેસ્ટમાં ૪૧૪ વિકેટ

(૩) ચામિન્ડા વાસ, ૧૧૧ ટેસ્ટમાં ૩૫૫ વિકેટ

(૪) ટ્રેન્ટ બૉલ્ટ, ૭૮ ટેસ્ટમાં ૩૧૭ વિકેટ

(૫) ઝહીર ખાન, ૯૨ ટેસ્ટમાં ૩૧૧ વિકેટ ■

# સુનીલ નારાયણ ટી-૨૦ ફૉર્મેટમાં ૬૦૦મી વિકેટ લેનાર વિશ્વનો પહેલો બોલર બન્યો




નારાયણે સિદ્ધિ મેળવી ત્યાર બાદ અબુ ધાબી નાઇટ રાઇડર્સ ટીમે તેને ૬૦૦ નંબરવાળી સ્પેશ્યલ જર્સી ભેટ આપી હતી.

અબુ ધાબી: દાયકાઓથી મોટા ભાગે વેસ્ટ ઇન્ડિઝના ફાસ્ટ બોલર્સની જ બોલબાલા રહી છે, પણ એમાં જો તેમનો કોઈ સ્પિનર કોઈ વિરલ સિદ્ધિ મેળવે તો સોનામાં સુગંધ ભળી એમ કહેવું પડે અને સુનીલ નારાયણે આ કરી દેખાડ્યું છે. ભારતીય મૂળનો આ રાઇટ-આર્મ ઑફબ્રેક બોલર સમગ્ર સ્પર્ધાત્મક ટી-૨૦ ક્રિકેટમાં ૬૦૦ વિકેટ લેનાર વિશ્વનો પહેલો જ બોલર બન્યો છે.

૩૭ વર્ષના આ સ્પિનરે બુધવારે શારજાહમાં ઇન્ટરનૅશનલ લીગ ટી-૨૦ (આઇએલટી-૨૦) નામની ટૂર્નામેન્ટમાં મેળવી હતી. આ સ્પર્ધામાં તે અબુ ધાબી નાઇટ રાઇડર્સ ટીમમાં છે અને શારજાહ વૉરિયર્ઝ નામની ટીમ સામેની મૅચમાં તેણે ટૉમ ઍબેલ નામના બૅટસમૅનની જે વિકેટ લીધી એ નારાયણની ૬૦૦મી ટી-૨૦ વિકેટ હતી.

૨૧મી સદીની શરૂઆતમાં ટી-૨૦ ફૉર્મેટની શરૂઆત થઈ ત્યારે કહેવાતું હતું કે આ ટૂંકા ફૉર્મેટમાં સ્પિનર્સની બોલિંગ ચીંથરેહાલ થતી જોવા મળશે અને ફાસ્ટ બોલર્સની બોલબાલા રહેશે. જોકે ટી-૨૦ ક્રિકેટમાં સૌથી પહેલાં ૬૦૦ વિકેટની સિદ્ધિ ટ્રિનિદાદના સ્પિનરે (નારાયણે) મેળવી એ સાથે આ ફૉર્મેટની ક્રિકેટમાં નવું પ્રકરણ શરૂ થયું છે.

ઉલ્લેખનીય છે કે સુનીલ નારાયણ કુલ ૫૬૮ ટી-૨૦ મૅચ રમ્યો છે અને એમાં ૫૫૮ ઇનિંગ્સમાં તેણે બોલિંગ કરી છે.

આ ૫૫૮ ઇનિંગ્સમાં તેણે કુલ ૧૨,૮૯૯ બૉલ ફેંક્યા છે અને એમાં ૧૩,૨૫૫ રનના ખર્ચે ૬૦૦ વિકેટ લીધી છે. ૧૯ રનમાં પાંચ વિકેટ તેનો એક દાવમાં બેસ્ટ પર્ફોર્મન્સ છે. તેણે એક મૅચમાં ચાર કે ચારથી વધુ વિકેટ ૧૨ વખત લીધી છે. ■

# રિન્કુએ ટીમ ઇન્ડિયામાંથી બાદબાકી થયા પછી ૨૪૦.૦૦ના સ્ટ્રાઇક-રેટથી કરી ફટકાબાજી



રિન્કુ સિંહે નારાજ થવાની જરૂર નથી, કારણકે સાઉથ આફ્રિકા પછીની સિરીઝોમાં તેને રમવા મળી શકે અને ત્યાર બાદ આઇપીએલ તો છે જ.

ચંડીગઢ: જ્યારે કોઈ ભારતીય ખેલાડીને કોઈ કારણસર ટીમ ઇન્ડિયામાં સ્થાન ન મળે તો તે તરત જ આઇપીએલમાં કે ડોમેસ્ટિક મૅચમાં જોરદાર પર્ફોર્મ કરીને પોતાને આંતરરાષ્ટ્રીય ટીમની બહાર કરી દેનારાઓને પરચો બતાવી દેતો હોય છે અને એવું અમુક અંશે રિન્કુ સિંહે ગુરુવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં કર્યું.

વાત એવી છે કે આગામી નવમી ડિસેમ્બરે સાઉથ આફ્રિકા સામે પાંચ મૅચની જે ટી-૨૦ શ્રેણી રમાવાની છે એની ટીમમાં રિન્કુને સ્થાન નથી આપવામાં આવ્યું. બીજી રીતે કહીએ તો છેલ્લે તે ટીમ ઇન્ડિયાની જે ટી-૨૦ ટીમમાં હતો એમાં તેને જાળવી નથી રાખવામાં આવ્યો. જોકે રિન્કુએ કંઈ જ ટિપ્પણી કરવાને બદલે સિલેક્ટર્સને બૅટથી જવાબ આપી દીધો છે.

રિન્કુએ ૩૫ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મૅચમાં ૪૨.૦૦ની સરેરાશ અને ૧૬૧.૦૦ના સ્ટ્રાઇક-રેટથી રન કર્યા છે છતાં તેની અવગણના થઈ છે.

ગુરુવારે ઈડનમાં ઉત્તર પ્રદેશે ટી-૨૦ ફૉર્મેટની સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ચંડીગઢને જે મૅચમાં પરાજિત કર્યું એમાં રિન્કુ (૨૪ રન, ૧૦ બૉલ, બે સિક્સર, બે ફોર)એ ૨૪૦.૦૦ના સ્ટ્રાઇક-રેટથી રન કર્યા હતા. ભલે તેની ઇનિંગ્સ ૧૦ બૉલ પૂરતી સીમિત હતી, પરંતુ માધવ કૌશિક (૬૭ રન) અને સમીર રિઝવી (૭૦ રન)ની આક્રમક ઇનિંગ્સ પછી રિન્કુએ જ ટીમનો સ્કોર ૨૦૦ રનને પાર પહોંચાડ્યો હતો.

## ભુવનેશ્વરની ત્રણ વિકેટ

ચંડીગઢના સંદીપ શર્માની ચાર વિકેટ છતાં ઉત્તર પ્રદેશે સાત વિકેટે ૨૧૨ રન કર્યા હતા. ચંડીગઢની ટીમ જવાબમાં ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૭૨ રન કરી શકી હતી અને ઉત્તર પ્રદેશનો ૪૦ રનથી વિજય થયો હતો.

ચંડીગઢને પોણાબસો રન સુધી પણ ન પહોંચવા દેવામાં ઉત્તર પ્રદેશના ભુવનેશ્વર કુમાર (૨૩ રનમાં ત્રણ વિકેટ) અને વિપરાજ નિગમ (૩૪ રનમાં બે વિકેટ)ના પણ મહત્ત્વના યોગદાન હતા.

## એશિયા કપના ‘પ્રથમ’ બૉલમાં ચોક્કો

ઉલ્લેખનીય છે કે ૨૮મી સપ્ટેમ્બરે દુબઈમાં એશિયા કપમાં રિન્કુને એક પણ મૅચ નહોતી રમવા મળી, પણ છેક પાકિસ્તાન સામેની ફાઇનલમાં ભારતે ૨૦મી ઓવરમાં જીતવા ૧૦ રન કરવાના હતા ત્યારે ચોથા બૉલમાં રિન્કુ સિંહ (જેને એ ટૂર્નામેન્ટમાં એ પહેલો બૉલ રમવા મળ્યો જેમાં તેણે) વિનિંગ-ફોર ફટકારીને ભારતને યાદગાર વિજય અપાવ્યો હતો. ■

# રહાણે, સૂર્યા, દુબે, શાર્દુલ, સરફરાઝ જેવા સ્ટાર્સનું સૅમસનના કેરળ સામે કંઈ ન ચાલ્યું



લખનઊ: અહીં ગુરુવારે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં સંજુ સૅમસને (૨૮ બૉલમાં ૪૬ રન) મુંબઈ સામે ઓપનિંગમાં રમીને કેરળને જીતનો પાયો નાખી આપ્યો હતો. કેરળના ૫/૧૭૮ના સ્કોરમાં વિષ્ણુ વિનોદ (૪૩ અણનમ) અને શરાફુદ્દીન (૩૫ અણનમ)ના પણ યોગદાનો હતા. મુંબઈનો સુકાની શાર્દુલ ઠાકુર ૩૪ રનમાં એક વિકેટ લઈ શક્યો હતો. મુંબઈની ટીમ સરફરાઝ ખાન (૪૦ બૉલમાં બાવન રન), રહાણે (૧૮ બૉલમાં ૩૨ રન), સૂર્યકુમાર યાદવ (પચીસ બૉલમાં ૩૨ રન) તથા શિવમ દુબે (સાત બૉલમાં ૧૧ રન)ના યોગદાનો છતાં ૨૦મી ઓવરમાં ૧૬૩ રનના સ્કોર પર ઑલઆઉટ થતાં કેરળનો ૧૫ રનથી વિજય થયો હતો. કેરળના પેસ બોલર કેએમ આસિફે પાંચ વિકેટ લીધી હતી.


અન્ય કેટલીક મૅચોમાં સૌરાષ્ટ્ર સામે રાજસ્થાનનો, વિદર્ભ સામે આસામનો, ગુજરાત સામે બરોડાનો, બિહાર સામે ગોવાનો, સર્વિસીઝ સામે બેંગાલનો, કર્ણાટક સામે દિલ્હીનો, પોંડિચેરી સામે પંજાબનો અને મહારાષ્ટ્ર સામે મધ્ય પ્રદેશનો વિજય થયો હતો. ■

# મૅટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

# ‘અમિતજી મુક્તપણે અભિપ્રાય નથી આપી શકતા’

**સેલિબ્રિટી અને પાપારાઝીના સંબંધો ‘તારી સાથે ફાવે નહીં ને તારા વિના જામે નહીં’ પ્રકારના હોય છે અને એમની વચ્ચે અવારનવાર ઘર્ષણ થયા કરે છે**


અમિતાભ બચ્ચન


જયા બચ્ચન


રણબીર કપૂર

જયા બચ્ચન અને રણબીર કપૂર...

એક ગઈકાલનાં બેમિસાલ અભિનેત્રી અને એક આજનો અફલાતૂન એક્ટર. બંને નામ તાજેતરમાં ગાજ્યા છે સોશિયલ મીડિયામાંના , એમની કોઈ ફિલ્મના પરફોર્મન્સ માટે નહીં, પણ સોશ્યલ મીડિયામાં એક અત્યંત મહત્ત્વનું રસાયણ ગણાતા પાપારાઝીને કારણે. ‘પાપારાઝી’ એટલે એ ફોટોગ્રાફર, જે સેલેબ્સની તસવીરો ક્લિક કરવા એમની પાછળ પડી જાય...

અવસાન થયા પૂર્વે ધરમજીને હૉસ્પિટલમાં રાખવામાં આવ્યા હતા ત્યારે પાપારાઝી જે રીતે તેમના ઘર અને હૉસ્પિટલ પર મંડરાઈ રહ્યા હતા એ જોઈ સની દેઓલએ પણ ભડકીને ‘કુછ તો શર્મ કરો’ એમ કહી રોષ ઠાલવ્યો હતો.

પાપારાઝી અને સેલિબ્રિટી એક એવો નાતો છે જે ‘તારી સાથે ફાવે નહીં ને તારા વિના જામે નહીં’ પંક્તિમાં બિરાજે છે. જાવેદ અખ્તરના ‘સિલસિલા’ ગીતની પંક્તિ ‘તૂ બદન મૈંહૂં છાયા, તૂના હો તો મૈં કહાં હૂં’ જેવી આ રિલેશનશિપ છે.

સની દેઓલના રોષ ઉપરાંત તાજેતરમાં સંજય લીલા ભણસાલીની ઓફિસ નજીક એકઠા થયેલા પાપારાઝીને જોઈ રણબીર કપૂરની ટીમે એમને ચાલતી પકડવા કહ્યું હતું તો મહિલા સશક્તીકરણ અને સમાજ, સંસ્કૃતિ અને રાજકારણમાં બદલાવ લાવતી મહિલાઓ સાથેની વાતચીત માટેના ‘વી ધ વિમેન’ પોડકાસ્ટમાં જયાજીએ પાપારાઝી વિશે તેજાબી વિધાનો કર્યા તો છે જ, પણ આ વખતે તેમણે અમિતાભ બચ્ચન અને દોહિત્રી નવ્યા નવેલી સંબંધે કરેલા વિધાનો ઘણાને ચોંકાવી ગયા છે.

૧૭માં ઓસ્કર એવોર્ડ માટે નોમિનેશન મેળવનાર ઈટલીના વિશ્વવિખ્યાત ફિલ્મમેકર ફેડેરિકો ફેલિનીએ ૧૯૬૦માં La Dolce Vita (જેનો અર્થ મજાની લાઈફ થાય) નામની ફિલ્મ બનાવેલી. આ ફિલ્મમાં એક ફોટોગ્રાફરનું પાત્ર છે , જેનું નામ પાપારાઝો છે. ફેલિનીએ આ કેરેક્ટર ટાઝિયો સેકીરોલ નામના ઈટાલિયન ફોટોગ્રાફર પરથી વિકસાવ્યું હતું. ટાઝિયો પ્રસિદ્ધિ મેળવનાર પ્રથમ પાપારાઝો માનવામાં આવે છે. (પાપરાઝો - એક વચન અને એકથી વધુ એ પ્રકારના ફોટોગ્રાફર પાપારાઝી). પાપારાઝી એટલે સ્વતંત્ર રીતે કામ કરતા ફોટોગ્રાફર્સ ,જે એક્ટર્સ, સ્પોર્ટ્સમેન, રાજકારણી અને અન્ય સેલિબ્રિટીના તેમના દૈનિક જીવનની તસવીરો લેવાનું કામ કરતા હોય છે. La Dolce Vita ફિલ્મના પાપારાઝો પાત્ર પરથી ‘પાપારાઝી’ શબ્દ અસ્તિત્વમાં આવ્યો છે.

જયા બચ્ચનએ La Dolce Vita જોઈ હતી કે નહીં કે પછી તેમને ફેડેરિકો ફેલિનીની ફિલ્મો માટે આકર્ષણ - લગાવ હતા કે નહીં એ આપણે નથી જાણતા, પણ એક વાત બત્રીસ આના (ઘણી વાર ભાર દેવા ૨૦૦ ટકા બોલાય છે એમ) સાચી છે કે જયાજીને પાપારાઝી માટે ભયંકર નફરત છે.

૧૯૭૧માં આવેલી ‘ગુડ્ડી’થી ૧૯૮૧માં રિલીઝ થયેલી ’સિલસિલા’ દરમિયાનના દશકામાં અવ્વલ અભિનેત્રી તરીકે છવાઈ ગયેલાં જયાજીના નામ સામે છેલ્લા ૪૫ વર્ષમાં ગણીને ડઝન ફિલ્મ માંડ બોલે છે અને એમાંય ધ્યાનમાં રહી જાય એવા રોલવાળી ફિલ્મ ગણીએ તો ઈન મીન સાડે તીનમાં વાત પૂરી થાય એવી પરિસ્થિતિ છે. તેમ છતાં જયાજી મીડિયામાં - સોશ્યલ મીડિયામાં ગાજી રહ્યાં છે. અમુક વાર તો એમની ગર્જના સાંભળવામાં મળે છે. વાર તહેવારે એક સંસદ સભ્ય (૫ વખત રાજ્યસભામાં એમપી તરીકે ચૂંટાયા છે) તરીકે તેમના આકરા નિવેદનો (‘શ્રીમતી જયા અમિતાભ બચ્ચન’ તરીકે કરવામાં ઉલ્લેખ સામે તેમણે તીવ્ર વિરોધ નોંધાવ્યો હતો) ગાજે છે, પણ એથીય વિશેષ સોશ્યલ મીડિયા અને પાપારાઝી સામે તેમનો આક્રોશ - બળાપો વારંવાર વ્યક્ત થતો જોવા મળે છે.

સોશ્યલ મીડિયા પર ઈન્સ્ટાગ્રામ અને અન્ય પ્લેટફોર્મ પર સ્ક્રોલ કરવાથી એરપોર્ટ પર પહોંચેલી સેલિબ્રિટીઓને ક્લિક કરવા પાપારાઝીઓ- ફોટોગ્રાફરો હાજર હોય છે. કોઈને સવાલ થઈ શકે છે કે આ પાપારાઝીઓને કેવી રીતે ખબર પડતી હશે કે ફલાણી ફલાઈટમાં ફલાણો કે ફલાણી એક્ટ્રેસ ફલાય કરવાની છે? એમાં નવાઈ પામવા જેવું કશું નથી. સેલિબ્રિટીની પીઆર ટીમ જ આ પાપારાઝીઓને ‘સાડે દસ કી ફલાઈટ હૈ’ એવી જાણકારી આપે છે અને તસ્વીર ભૂખ્યા ફોટોગ્રાફરોને આપતા હોય છે. આ ફોટોગ્રાફસ કે વીડિયો મીડિયામાં વેચી તેમને કમાણી થતી હોય છે. અહીં સુધી તો સમજ્યા, પણ ક્યારેક મર્યાદાનું ઉલ્લંઘન થાય ત્યારે મોટેભાગે સેલિબ્રિટીનો જ રોષ ફાટી નીકળે છે.

રણબીર કપૂરનાકેસમાં પણ એની પીઆર ટીમેજ મેસેજ મોકલ્યો હતો એટલે પાપારાઝી પહોંચી ગયા હતા એવી રજૂઆત તેમનાપક્ષે કરવામાં આવી હતી.

જયા બચ્ચને આપેલો ઈન્ટરવ્યૂ ખાસ્સો લાંબો અને ઘણો તેજાબી છે. ‘ગુડ્ડી’, ‘અભિમાન’ કે ‘સિલસિલા’ની સહેજ ગભરાયેલી - દબાયેલી મહિલાના પાત્ર કરતા બીજા છેડાની રણચંડી - સાક્ષાત દુર્ગા માતાનું સ્વરૂપ છેલ્લા કેટલાક સમયથી સોશ્યલ મીડિયામાં જોવા મળ્યું છે. ‘વી ધ વિમેન’ કાર્યક્રમમાં મીડિયા - પાપારાઝીને નિશાન બનાવી જયા બચ્ચને ઘણી વાત વિગતે કરી છે. એમાંની ઉડીને આંખે વળગે એવી - ચોંકાવી દે એવી વાત પર નજર નાખીએ. જયાજીની ધારદાર વાણી એમના જ શબ્દોમાં પ્રસ્તુત છે :

‘મીડિયા સાથે મારા સંબંધો બહુ સારા છે. મીડિયાને કારણે જ હું સેલિબ્રિટી બની છું, પણ પાપારાઝી સાથે મારો સંબંધ ઝીરો છે. એ લોકો છે કોણ? એને મીડિયા કહી શકાય? હું મીડિયા પરિવારમાંથી આવું છું. મારા પિતાશ્રી પત્રકાર હતા. આ પ્રકારના લોકો માટે અનહદ આદર છે.’

અમિતાભ બચ્ચન વિશે જયા જણાવે છે કે એ બોલતા નથી. મારી જેમ મુક્તપણે એ અભિપ્રાય નથી આપી શકતા. અલબત્ત, પોતાને જે કહેવું છે એ યોગ્ય સમયે યોગ્ય રીતે કેમ પહોંચાડવું એની સુઝ એમનામાં છે. મારામાં એ આવડત નથી.

પાપારાઝીઓ વિશે જયાજીએ એમ પણ કહ્યું કે ‘એ લોકો બહુ ભદ્દા હોય છે. ચુસ્ત પેન્ટ પહેરી, હાથમાં મોબાઈલ લઈ આવે છે. હાથમાં મોબાઈલ હોય એટલે ગમે તે રીતે ફોટોગ્રાફ લેવાનો અને મન ફાવે એમ બોલવાનો પરવાનો તેમને મળી જાય છે? અને એ લોકોની કોમેન્ટ્સ પણ કેવી વિચિત્ર હોય છે. કોઈ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ સાથે સંકળાયેલા હોવાથી મનમાની કરવાની છૂટ થોડી મળે?’

આજની તારીખમાં લગ્ન જૂનવાણી પ્રથા કહેવાય એમ જણાવી જયાજીએ કહ્યું કે ‘નવ્યા લગ્ન કરે એવું હું નથી ઈચ્છતી!’ ■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

## ભારતપ્રેમી ઈન્ટરનેશનલ નાટ્યકારઃ જેર્ઝી ગ્રોટોવસ્કી

# કલાકાર શું કામ બનવું છે?



કલાકાર ઊંડી ખોજ કરે છે, પણ કંઈ ખોજ? ઈશ્વરની ખોજ?

*‘ના. આ યુગમાં એ શક્ય નથી’*

*‘તો કુદરતની ખોજ?’*

*‘ના!’*

*‘તો પછી શું?’*

*‘માણસ બીજાની હાજરીમાં, બીજા વડે પોતાને સમજી શકે, અનુભવી શકે એવી સંપૂર્ણતાની ખોજ!’*

★★★

*‘અભિનેતા કલાકારે હમેશાં બિનજરૂરી મુલાકાતો ટાળવી. ‘એકાંત’ એ કલાકારનો રિયાઝ છે. લોકોની ભીડમાં પોતાની જાતથી દૂર થઈ જવાય છે. સૌની પ્રતિક્રિયા જાણવાથી કલાકાર પોતે બંધ થઈ જાય છે. મૌન-એકાંત એ જરૂરી છે. ડોક્ટરો-વકીલો માટે જેમ નિયમો છે એમ કલાકારની આંતરખોજ એ પણ એક શરત છે.’*


★★★

વેલ , આવી વાતો કરનાર કોઇ નાટ્ય નિર્દેશક કલાકાર યુરોપના માત્ર ૬૦,૦૦૦ની વસતિવાળા શહેરમાં આપણી સંસ્કૃત ભાષાનું નાટક ‘અભિજ્ઞાન શાકુંતલ’ ભજવી શકે એવું કોઇ માને ?

હા, એ હતા આધુનિક રંગમંચના ઘડવૈયાઃ જેર્ઝીગ્રોટોવસ્કી. આપણા માટે ગર્વની વાત છે કે ગ્રોટોવસ્કી જેવા નિપુણ કલાકાર અભિનયની તાલીમમાં આપણી યોગવિદ્યા અજમાવવા માટે ભાર મૂકે છે કે ‘યોગશક્તિ સંપૂર્ણ ધ્યાન તરફ લઈ જાય છે. કલાકારને એકાગ્રતા આપે છે, પણ એ એકાગ્રતા

અંતર્મુખી હોય છે. આ એકાગ્રતા વ્યક્તિને બધા જ ભાવોથી વિમુખ કરે છે. એક એવી સ્થિરતા જ્યાં બધી ક્રિયાઓ સમાપ્ત થાય છે. યોગની શક્તિથી શ્વાસ, વિચાર અને વાચા વિરમે છે જે કલાકાર માટે જરા જોખમી પણ છે.’ છતાં યોગનાં અમુક પાસાઓ આવરી લઈને ગ્રોટોવસ્કીએ અભિનય વખતે શ્વાસોશ્વાસમાં યોગના ફાયદાઓ શીખવેલા, જે આજેય વિશ્વભરમાં અભિનયના કોર્સમાં ભણાવવામાં આવે છે.

ગ્રોટોવસ્કીએ એક વાર નવા કલાકારોની તાલીમ કેમ્પમાં આદેશ આપેલોઃ ‘રોર..રોર લાઇક અ લાયનગરજો, તમે સિંહની જેમ ગરજો’ અંધારું ઊતર્યું હોય ને વાતાવરણ શાંત થઈ ગયું હોય ત્યારે પોલેન્ડના ઓપોલ નામના નાનકડા શહેરમાં એક ઇમારતમાંથી એક સાથે સો દોઢસો વાઘ -સિંહની ગર્જના સંભળાતી! પછી ત્યાંના લોકોને ખબર પડી કે એમને ત્યાં વિશ્વની શ્રેષ્ઠ ‘નાટકોની પ્રયોગશાળા’ જન્મી રહી હતી. ૧૦૦-૧૫૦ માણસોની લાલઘૂમ આંખોને, એમના તેજ




ઉચ્છવાસોને, એક વ્યક્તિ રિંગમાસ્ટરની જેમ રમાડતી. એ માણસ એટલે ‘થિયેટર લેબોરેટરી’ જેવો વિચાર લાવનાર જેર્ઝી ગ્રોટોવસ્કી.

-તો આજે ફિલ્મી કલાકરોને બદલે, એવા ક્રાંતિકારી કલાકારની વાત કરીએ, જે નાટ્યલેખક દિગ્દર્શક, અભિનેતા અને વિચારક હતા. ગ્રોટોવસ્કીએ એક્ટિંગ અને રંગભૂમિ વિશેની જૂની માન્યતાઓને ખળભળાવી મૂકેલી. આપણે ત્યાં વાળ ઓળીને, જરા ફિગર બનાવીને રાતોરાત એક્ટર કે કલાકાર બનવા નીકળે છે એ બધાં છોકરા-છોકરીઓએ ગ્રોટોવસ્કીનું ‘ટુવર્ડઝ અ પુઅર થિયેટર’ ફરજિયાત વાંચવું જોઈએ. જો કે ‘બાબુલ કે અંગને મેં, બુલબુલ બોલે’ જેવી ટી.વી. સિરિયલો કે ‘પપ્પા, પાછા પરણો નહીં’ જેવા નાટકોમાં છવાઈ જવા માગતા કલાકારો માટે જરા અઘરો શિક્ષક છે. ગ્રોટોવસ્કી, માત્ર મનોરંજન માટે આવનારા પ્રેક્ષકોને ‘ ટોળું’ કહે છે. કલાકારને કે પ્રેક્ષકોને બેઉને પોતપોતાની ખોજ કરવા એ કહે છે. રંગભૂમિ, ગ્રોટોવસ્કીના મત મુજબ કલાકારો ને પ્રેક્ષકોને વચ્ચેનું

કોઈ એક અદ્રશ્ય બિંદુ છે. વેવલા શબ્દો અને સંસ્કારોની લાગણીઘેલી વૃત્તિને એ સર્જનાત્મક ‘નપુંસકતા’ કહે છે! એના માટે કલા એ અંધકારથી પ્રકાશ તરફ જવાની વાત નથી, પણ અંધકારમાંથી પારદર્શક તરફ જવાની વાત છે.

ગ્રોટોવસ્કી માને છે કે કલામાં આપણે આપણી રોજિંદી નબળાઈ સ્માર્ટલી છુપાવીએ છીએ.

સાચા કલાકાર માટે નિખાલસ થવું એ પહેલી ચેલેન્જ છે. જાતની મથામણને અંતે જ કલાકારમાં જાત વિશે સભાનતા જન્મે છે. ગ્રોટોવસ્કીના મતે આ કોઈ અઘરી વાત નથી, અભિનેતા બનવા માટે એ બેઝિક વ્યાવસાયિક ફરજ છે!

આપણાં મહાન ગ્રંથ ‘મહાભારત’ ને ૯૯ કલાકના લાંબા નાટકરૂપે પ્રસ્તુત કરનાર દિગ્દર્શક પીટર બ્રુકસ ગ્રોટોવસ્કી માટે કહેતા કે ‘ગ્રોટોવસ્કીના મતે અભિનય એક ‘વેહિકલ’ કે ‘વાહન’ છે. થિયેટર એ પલાયનવાદ નથી, માણસનું છેલ્લું શરણ છે. જીવન તરફ જવાની રીત છે!’

ગ્રોટોવસ્કી નવા કલાકારોને તાલીમ આપતા ત્યારે સૌપ્રથમ એ કલાકારને શોક કે આઘાત આપે.

કલાકારોને પોતાની સ્ટાઈલ કે અદાને ભૂંસી નાખવાની સલાહ આપે. એક્ટરને પોતાની જાત વિશે જાતજાતના સવાલો પૂછવા કહે. વળી સૌથી પાયાનો પ્રશ્ન પૂછેઃ ‘તમારે કલાકાર શા માટે બનવું છે?’

ગ્રોટોવસ્કી કહેતા કે કોઈ પણ કલાકાર પાસે બે જ વિકલ્પો છે.

એકઃ એ પ્રેક્ષકો માટે, પૈસો કે કીર્તિ માટે ભજવે.

બેઃ ફક્ત પોતાના સંતોષ માટે ભજવે.

ગ્રોટોવસ્કી કહે છેઃ ‘કલાકારે એક એવી વ્યક્તિને (પ્રેક્ષકને) ચાહવાની છે, જેને ક્યારેય જોઈ જ નથી!’

કલાકારો માટે ગ્રોટોવસ્કીએ પ્રેક્ટિકલ આચાર-સંહિતા કે સલાહસૂચી લખી છે, જેમકે...

‘ખોટી મૈત્રી-મુલાકાતો અને સામાજિક વહેવારનો અભિશાપ છે. જે કલાકારને બિકાઉ વસ્તુ બનાવી દે છે. મૂળ વાત એ છે કે માણસ માટે દુકાન છે, દુકાન માટે માણસ નહીં.’

ગ્રોટોવસ્કીએ રંગમંચ પર કમાલના પ્રયોગો કરેલા. એકવાર એણે એના એક નાટકનો પ્રયોગ ભોંયતળિયે રાખેલો અને પ્રેક્ષકો બીજે માળે હતા! પ્રેક્ષકો ઉપરથી ગેલેરીની રેલિંગ પર નીચે વાંકા વળીને નાટક જોઈ રહ્યા હતા! આની પાછળ નાટકના ઊંડાણમાં ઊતરવાની વાત હતી. વિશ્વનાં મોટા ભાગનાં નાટકો જે રીતે સભાગૃહમાં ભજવાય છે એને ગ્રોટોવસ્કી ‘રીચ થિએટર’ કહે છે. એના મત મુજબ રંગમંચને જીવાડવા ‘પૂઅર થિએટર’ની વધારે જરૂરત છે. અહીં ‘પૂઅર’ એટલે ગરીબ નહીં, પણ અલ્પ સાધનોનું નાટક , જેમાં માત્ર બે જ વસ્તુ જોઈએ, કલાકાર અને પ્રેક્ષક!


એક અમેરિકન પત્રકારને આપેલી મુલાકાતમાં એમણે કહેલુંઃ ‘આપણે આપણું સત્ય શોધવા, આપણો રોજબરોજનો મુખવટો ઉતારવા માટે સદાય લડીએ છીએ અને એ માટે થિયેટર એક ઉદ્દીપક છે- ઉશ્કેરણી છે- ચળવળ છે. સાચા કલાકાર પાસે બે જ વિકલ્પ છે : યા તો એ બોક્સ-ઓફિસ પર વેચાઈ જાય યા તો જાતને ઘસી નાખે!’ ■

---



સાત્વિકમ્ શિવમ્
અરવિંદ વેકરિયા

# શબ્દોની રેંજ સારી હોય તો માણસોનું નેટવર્ક ક્યારે’ય તૂટતું નથી...



નોકરનાં પાત્ર માટે કેટલી રઝળપાટ કરી. મારે પરફેક્ટ ટાઈમિંગ સાથે ઈમોશનલ સીન સારી રીતે ભજવી શકે એવો કલાકાર જોઈતો હતો. જોકે સાથી કલાકારો મને નામ સજેસ્ટ કરતા અને હું એમનો સંપર્ક કરતો પણ ત્યારે મેળ પડતો નહોતો. કદાચ પહેલીવાર હું આટલો ‘ચીકણો’ બન્યો હોઈશ. એક અજાણ્યો જણ, જેને ક્યારેક જ મળતો અને કોઈ જાતનો ‘ભાવ’ આપ્યા વગર માત્ર ‘હાય-હેલ્લો’ કરી ચાલતો થઇ જતો. એણે જ પાસાદાર કલાકાર શોધી આપ્યો. દરવાજો ન ખૂલવાનું કારણ હવે મને સમજાયું કે ખોલવાની હતી સાંકળ ને હું ટકોરા મારતો રહેલો. એ પાત્ર માટેના સંકટની સાંકળ બની એ વ્યક્તિ આવી. આજે તો એની સાથે સારો ઘરોબો છે. એ કલાકાર એટલે શેખર શુક્લ. કદાચ પાડેલું નામ ચંદ્રશેખર શુક્લ. અભિનેતા તરીકેનો ‘સૂરજ’ ઉગ્યો એટલે ‘ચંદ્ર’ને રજા આપી મતલબ કે નામ જરા મોટું લાગવાથી ટૂંકાવીને શેખર શુક્લ કર્યું હશે કદાચ. લાડમાં બધા એને ‘શેશું’ કહીને બોલાવે છે.આજની નંબર વન સિરિયલ ‘અનુપમા’માં અગત્યનો રોલ ભજવે છે. એમનો પુત્ર ક્રિશ્ના શુકલ પણ અચ્છો કલાકાર છે. ‘મોરનાં ઈંડાંને ચોતરવા ન પડે’ એ કથન પુરવાર કરી ચૂક્યો છે. શેખર સાથે એ પછી મેં મારા દિગ્દર્શનમાં બીજાં નાટકો પણ કર્યા, એ વાત ફરી ક્યારેક.

મારા આ નાટકનું કાસ્ટિંગ આમ તો પૂરું થયું પણ જયુકાકા (જયંત વ્યાસ)નો જવાબ બાકી હતો. જોકે એમની કદાચ ‘ના’આવે તો ચિંતા નહોતી કારણ મેં મારી જાતને ફ્રી રાખેલી. લોભ હતો કે જયંત વ્યાસનું નામ મળે તો નાટકનું વજન ચોક્કસ વધે. હવે તો સ્ક્રિપ્ટ પણ પૂરી થવાની તૈયારીમાં હતી. આ બધા વચ્ચે પેલા ૩૦૦૦૦ રૂપિયા યાદ આવ્યા કરતા પણ મહામહેનતે એ વિચાર કાઢવા પ્રયત્ન કરતો પણ ભૂલવું અઘરું તો હતું જ. સમય આવશે ત્યારે માગી લઈશ એમ મન મનાવતો રહેતો.

જયુકાકા (જયંત વ્યાસ) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા-નરીમાન પોઈન્ટ બ્રાન્ચમાં હતા. દૂરદર્શન પરથી પ્રસારિત થયેલ લોકપ્રિય સિરિયલ ‘ખાનદાન’માં મહત્તવની ભૂમિકા ભજવનાર મોહન ભંડારી પણ એ જ બ્રાન્ચમાં અને અમિત દિવેટિયા પણ ત્યાં જ. જયુકાકાનો ફોન આવ્યો નહીં એટલે હું એમની બ્રાન્ચમાં મળવા ગયો. મારાં વડીલ હતાં એટલે રૂબરૂ મળીએ તો વ્યવસ્થિત વાત થઈ શકે. હા, ઘણાં એવું માનતા હોય છે કે ‘ગરજ બંને પક્ષે હોવી જોઈએ’. તમે અભિનય કરો તો એ માટે મહેનતાણું નિર્માતા શો પૂરો થતાં આપી જ દેતા હોય છે. હું જોકે માત્ર જયુકાકા સાથે નહીં, બધા સાથે પ્રેમથી જ વાત કરું છું. હંમેશાં ધ્યાન રાખવાનો પ્રયત્ન કરું કે મારાં બોલવાથી સામેની વ્યક્તિનું સ્વમાન ન ઘવાય. માણસ ભલે ગરીબ હોય પણ એનું સ્વમાન ક્યારેય ગરીબ નથી હોતું. હું બધા સાથે શાંતિ અને પ્રેમથી વાત કરતો અને એટલે જ આજે પણ બધા સાથે સંબંધ હુંફાળા રહ્યા છે. શબ્દોની રેંજ સારી હોય તો માણસોનું નેટવર્ક ક્યારેય તૂટતું નથી.

જયુકાકાનો જવાબ જરા અવઢવભર્યો હતો. મને કહે ‘રાજેશ જોશીનું હજી પાટે ચડ્યું નથી. મારું એની સાથે પહેલું કમિટમેન્ટ છે. માત્ર કમિટ થઈને ઘરે તો હું ન બેસી શકું’ મને સમજાયું નહિ. મેં પૂછ્યું ‘તો આમાં હું શું સમજુ? તમે મારી સાથે કામ કરશો કે પછી..? મેં જવાબની અપેક્ષાએ સવાલ અડધો છોડી દીધો, એમના જવાબ રૂપે શું શબ્દો સરે છે એની રાહમાં. શબ્દો ચાવીના ઝૂમખાં જેવાં હોય છે. કોઈ ચાવીથી તમે કોઈનું મોઢું ખોલાવી શકો અથવા કોઈ ચાવીથી કોકની બોલતી બંધ કરી શકો. હવે એવો જવાબ ન આવે કે મારી બોલતી બંધ થઈ જાય. મારે સ્પષ્ટ જવાબ જોઈતો હતો. એમની ‘હા’ આવે તો સારું પણ જો ‘ના’ આવી

તો એ માટે હું તૈયાર હતો. એમણે ડિપ્લોમેટ જવાબ આપ્યો : ‘જો દીકરા, રાજેશનું કામ હજી શરુ નથી થયું તો હું તારું નાટક કરું છું. પણ જયારે શૉ થશે તો મારે એની સાથે નાટક કરવું પડે. આપણે થિયેટરની તારીખો એડજસ્ટ કરી લઈશું. બોલ, સાંજે કેટલા વાગે રિહર્સલમાં આવું?’

મારે સમય જણાવ્યાં સિવાયઝ છૂટકો નહોતો. મને સમજાયું નહી કે મારાં નાટક માટે ‘હા’ પાડી? રાજેશ જોશીનું નાટક શરૂ થતાં એ એમનું નાટક કરે તો મારાં પ્રોજેક્ટનું શું? મનોમન એક ધરપત હતી કે ‘હું આમ પણ ફ્રી છું,પણ આ ‘ફ્રી’ ક્યાં સુધી રહેવાનું?

મને કલાકાર તરીકે બીજા નાટકની ઓફર આવે તો હું કેમ લઉં? કદાચ બીજું નાટક લઉં અને જયુકાકાનાં કહ્યાં મુજબ એમનું રાજેશનું નાટક શરુ થઈ જાય તો?’ અંદરથી મને વિશ્વાસ હતો કે એવું નહિ બને.. વસંતમાં વિશ્વાસ રાખનાર ક્યારેય ખરી પડેલાં પાન પર રડતો નથી. જે થશે એ સારું જ થશે એવાં હકારાત્મક વિચાર સાથે મેં કહ્યું,’ ઠીક છે.. કાલે ૬.૩૦ વાગે શાંતિનિવાસ હોલમાં મળીએ.’

નીકળ્યો ત્યારે પગ ભારે થઈ ગયેલાં. એમણે થિયેટરની તારીખ એડજસ્ટ કરવા કહ્યું હતું પણ મારી પાસે તેજપાલ-સાંજ હોય અને એની પાસે સાંજનું જ કોઈ બીજું થિયેટર હોય તો હું કઈ રીતે એડજસ્ટ કરું? આ દ્વિધા મને કોરી ખાતી, પણ પછી ‘પડશે એવા દેવાશે’ મારી બા એ કહેલ વાક્ય મનમાં બોલી ત્યાંથી હું નીકળ્યો. ■

**ડબ્બલ રિચાર્જ**

*શિક્ષકઃ બોલ ભૂરા, હોસ્પિટલના + આ ચિન્હનો અર્થ શું?*

*ભૂરોઃ સહેલું છે સર, ઊભો લીટો એ ડોક્ટર અને આડો લીટો એ પેશન્ટ.*

# મિડલ-ક્લાસ સિનેમાની મેનસ્ટ્રીમ મોસમ

## શું રિયલ ઈન્ડિયા ઑન સ્ક્રીનની વેવ ટેમ્પરરી છે?

**શો-શરાબા**
**દિવ્યકાંત પંડ્યા**

આજકાલ ભારતીય સિનેમાને એમાંય ખાસ કરીને હિન્દી સિનેમા એક એવા ટર્નિંગ પોઇન્ટમાંથી પસાર થઈ રહ્યું છે, જ્યાં સ્ટોરીઝ કોઈ મહેલ, લક્ઝરી કાર કે ડિઝાઇનર લાઇફસ્ટાઇલથી વધુ ૨ઇઇંઊંના ટચુકડા રૂમમાંથી, ટીયર-૨ અને ટીયર-૩ શહેરના ધૂળ ભરેલા રોડ પરથી, બાઈકની પાછળ બેસીને ઑફિસ જતા પતિ-પત્નીમાંથી, ઊખર્ઈ ગણતાં દંપતીમાંથી, NEET/ UPSC ની તૈયારીમાં તૂટેલા યુવાનોમાંથી આવી રહી છે. હિન્દી સિનેમાનો નવો યુગ મધ્યવર્ગના જીવનને એના મૂળ સ્વરૂપે બતાવી રહ્યો છે.

વર્ષો સુધી બોલિવૂડે મિડલ-ક્લાસને સપોર્ટિંગ રોલમાં રાખ્યો હતો  હીરો અમીર, હીરોનું ઘર અમીર, અને કોમિક રિલીફ માટે મિડલ-ક્લાસ. હવે હીરો પોતે મિડલ-ક્લાસ  છે.

આ ફેરફાર એમ તો થોડાં વર્ષોમાં આવ્યો છે,  પણ એ ધીમે-ધીમે વધતો જ ચાલ્યો છે. આ બદલાવ માટે ‘બધાઈ હો’, ‘શુભ મંગલ સાવધાન’,  ‘બરેલી કી બર્ફી’ જેવી ફિલ્મ્સે રસ્તો તૈયાર કર્યો હતો.  એ પછી હમણાંના વર્ષોમાં આ ટ્રેન્ડે સાબિત

કરી દીધું કે રિયલ સ્ટોરીઝ હવે મેનસ્ટ્રીમ બની ગઈ છે. મિડલ ક્લાસ પરિવાર સાથે ગામડું પણ ફિલ્મી પડદે પાછું વધુ દેખાવા લાગ્યું છે અને જે  દર્શકોને પસંદ પણ  આવી રહ્યું છે. ‘લાપતા લેડીઝ’ આનું સચોટ ઉદાહરણ છે. આ ફિલ્મ નાનાં ગામડાં,  મર્યાદિત જીવન, ગરીબી, પરંપરાગત માન્યતાઓ અને ખાસ કરીને મહિલાઓની અવાજ વિનાની જીંદગી બતાવે છે.

હાસ્ય છે, પરંતુ એ હાસ્ય સાથે એ વાસ્તવિક ભારતની વાત  કરે છે.

‘ગુલમહોર’ (૨૦૨૩) જોઇએ તો લાગશે કે આ તો આપણાં ઘરની જ કહાણી છે. મોટા શહેરમાં એક જ છત નીચે જનરેશન ગેપ, જૂના ઘા, નવી ઈચ્છાઓ, વડીલોની અપેક્ષાઓ અને આ બધું જેટલું ફિલ્મમાં છે, એટલું દરેક મધ્યવર્ગિય ઘરમાં છે. ફિલ્મમાં કોઈ મસાલો નથી, માત્ર સંબંધોનો અસલ તણાવ છે.

‘ઝરા હટકે ઝરા બચકે’ (૨૦૨૩) પણ એક એવા મુદ્દા પર આધારિત છે , જે લાખો મધ્યવર્ગિય ભારતીયની રોજની ચિંતા છે- ઘર ખરીદવાનું સપનું. ફિલ્મ સાદી છે, પણ સત્ય એટલું જોરદાર છે કે પતિ-પત્ની વચ્ચેની લડાઈઓ, સમજણ, પૈસાની મૂંઝવણ અને સમાજની અપેક્ષા બધું જ આવરી લે  છે. બોલિવૂડ પહેલાં  ઘરના સેટ્સ પર કરોડો ખર્ચીને પરિવાર બતાવતું હતું, હવે તે વાસ્તવિક ઘર બતાવે છે, જ્યાં રસોડામાં જગ્યા ઓછી છે પણ સ્વપ્ન મોટાં  છે.

આ બધા વચ્ચે ઓટીટીની હાજરી આ નવા બદલાવને વધુ તેજ બનાવે છે. ‘કામ ચાલુ હૈ’ (૨૦૨૪) જેવી ફિલ્મ્સ ફક્ત મધ્યવર્ગીય પીડા  જ નહીં, પરંતુ સિસ્ટમ સામેની લાચારીને પણ દેખાડે છે. એક હીરો નહીં, પણ એક સામાન્ય પિતા સિસ્ટમ સામે લડે છે.  Mrs. (૨૦૨૪) પણ ઘરગથ્થુ સ્ત્રીના અજાણ્યા સંઘર્ષને આગળ લાવે છે. ‘વનવાસ’ (૨૦૨૪) પરિવારને તોડી પડતી  લાગણીઓ, ગેરસમજણો અને બંધનનો બદલાતો અર્થ દર્શકો સમક્ષ છે.


આ બધા જ એલિમેન્ટ્સ -મુદ્દાને લઈને ચર્ચા કરી શકાય એવાં  તો ઘણાં ઉદાહરણ છે. ૨૦૨૫માં પણ આ જ ટ્રેક પર ચાલતી અનેક ફિલ્મ્સ આવી છે.

‘ઘીચ પીચ’ (૨૦૨૫) ચંદીગઢના મધ્યવર્ગી છોકરાંઓની વાત કરે છે, જ્યાં સપનાં મોટાં છે, પણ પૈસા અને સમાજની મર્યાદા એ સપનાઓને ઘસડી નાખે છે. તેમનું જીવન ન તો ગ્લેમરસ છે, ન તો મોટું, પણ લાગણી ખરેખર મોટી છે. ‘બૈકેતી’ (૨૦૨૫) વેબ સિરીઝ તો એકદમ ઘર ઘરની વાર્તા જેવી લાગે છે, ઘરનો તણાવ, ભાડાનું ઘર, EMI, સંબંધોમાં ટકરાવ, નોકરીની ચિંતા, પ્રતિબિંબ જેવો પરિવાર.   આ બધા વચ્ચે ખૂબ સફળ થયેલી ફિલ્મ ‘12th Fail’ (૨૦૨૩) જેવું ઉદાહરણ ભૂલવું નહીં. એક મધ્યવર્ગીય યુવાન UPSC ની તૈયારી કરે છે, એની નિષ્ફળતા, એનું તૂટવું, એનું ફરી તૈયાર થવાનું જિગર, આ બધું એટલું વાસ્તવિક છે કે દેશભરમાં લાખો લોકો એમાં પોતાને જોઈ શક્યા.

‘ડ્રાય ડે’ (૨૦૨૩) નાનાં શહેરના નાના રાજકીય માણસની કહાની હતી તો ‘કડક સિંઘ’ (૨૦૨૩)માં મુખ્ય પાત્રની આખી લાઇફ બેંક, પરિવાર, ભૂતકાળ અને સિસ્ટમ વચ્ચે દબાયેલી દેખાય છે. ‘શર્માજી નમકીન’ હોય કે ‘શર્માજી કી બેટી’  કે પછી ‘શિવ શાસ્ત્રી બલ્બોઆ’, દરેકમાં દર્શકે મિડલ કે લોઅર મિડલ ક્લાસ પરિવારને પડદે ધબકતો જોયો છે. ગ્રાઉન્ડેડ અને લાગણીથી ભરપૂર હકીકતથી નજીક હોય એવી ફિલ્મ્સ પણ ભારતીય સિનેમા આપી રહ્યું છે. મધ્યવર્ગના દબાણો, પરીક્ષા, નોકરી, સમાજ, જાતિ અને જીવનની અસ્થિરતાને વાસ્તવિક રીતે દેખાડી રહ્યું છે.

મધ્યવર્ગ હવે ફક્ત ઓડિયન્સ નથી, પોતે જ નેરેટિવ બની ગયું છે. જે લોકો ગઈ કાલ સુધી મલ્ટિપ્લેક્સમાં ફક્ત મોટી ફિલ્મની ટિકિટ ખરીદતા હતા, એ લોકો આજે પોતાની જ જાતનું જીવન પડદે જોઈને હસે છે, રડે છે અને શાંતિ અનુભવે છે. આજકાલ હીરો ફક્ત એ નથી જે ૨૦ સ્ટંટ કરે, હીરો એ છે જે જીવનની ૨૦ સમસ્યા સામે હાર્યા વગર ટકી રહે છે.

અને લાગી રહ્યું છે કે આ હીરોઝ ને આ સ્ટોરીઝ હવે ટેમ્પરરી નથી, આ તો હિન્દી સિનેમાનો નવો આધાર છે. કારણ કે મધ્યવર્ગ આજે ફક્ત જીવી રહ્યો નથી, એના સંઘર્ષો, એનો પ્રેમ, એનું સ્મિત મનોરંજન દેવની કૃપાથી સિનેમાને નવો ઉજાસ આપી રહ્યું છે! ■



















**લાસ્ટ શોટ**

*ભારતમાં કુલ સિનેમા ઓડિયન્સનું ૬૫%થી વધુ પ્રમાણ મિડલ-ક્લાસ સેગમેન્ટનું છે.*

**મનોરંજનનું મેઘધનુષ**
**ઉમેશ ત્રિવેદી**

# સામંથા રૂથ પ્રભુ

## સાઉથની આ ‘નંબર વન’ હીરોઈને પોતાના બહુ ગાજેલા પ્રથમ પ્રેમલગ્ન આટોપી લઈ બીજીવાર ફરી લગ્ન કરી બધાને આંચકો આપ્યો!

ફરી એક વખત અફવા સાચી પડી છે. સામંથા રૂપ પ્રભુ અને ‘ફેમિલિ મેન’  જેવી લોકપ્રિય  સિરીઝને એની બે સિકવન બનાવનારા દિગ્દર્શક રાજ નિદિમોરુ વચ્ચે ‘અફેયર’ હોવાની વાતો ઘણા સમયથી ચગી હતી.

અંતે પહેલી ડિસેમ્બર - ૨૦૨૫નાં આ  બન્નીએ તેમનાં પ્રેમપ્રકરણને લગ્નમાં પલટી નાખ્યું . સામંથાના આ બીજાં લગ્ન છે  તો રાજ નિદિમોરુના પણ આ બીજાં લગ્ન છે. બંનેએ માત્ર ૩૦ મહેમાનોની હાજરીમાં મંદિરમાં લગ્ન કરી લીધા હતા.

સામંથા રૂથ પ્રભુ આ અગાઉ નાગાર્જુનના સ્ટાર -પુત્ર ચૈતન્ય સાથે ૨૦૧૭નાં લગ્ન કર્યાં હતા અને ૨૦૨૧માં તેણે છૂટાછેડા લીધા . જ્યારે રાજ નિદિમોરુએ શ્યામલી ડે સાથે લગ્ન કર્યાં હતા અને ૨૦૨૨માં તેનાં છૂટાછેડા થયા હતા.

અત્યારે ઓટીટી પર મનોજ બાજપાઈને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી સિરીઝ  ‘ફેમિલિ મેન’ની ત્રીજી સિઝન ચાલી રહી છે,   પણ ચોથી જૂન ૨૦૨૧ના આની  બીજી  સિઝન શરૂ થઈ હતી. રાજ (નિદિમોરુ) અને ડીકે દિગ્દર્શિત આ સિરીઝમાં મનોજ બાજપાઈની સાથે સામંથા રૂથ પ્રભુ એક અગત્યની  ભૂમિકામાં  હતી. આ સિરીઝના શૂટિંગ દરમિયાન જ રાજ અને સામંથા એકબીજા તરફ આકર્ષાયા હતા.

ત્યાર પછી રાજ  દિગ્દર્શિત ‘સિટાડેલ હની બની’માં પણ સામંથા રૂથ પ્રભુએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. ત્યારે રાજ સાથેના પ્રેમપ્રકરણની વાતો ખૂબ જ ચગી હતી. આ સિરીઝ ૨૦૨૪નાં નવેમ્બરમાં રજૂ થઈ હતી. ત્યાર પછી અચાનક જ સામંથા એકદમ અદ્રશ્ય થઈ હતી.

તેણે સોશ્યલ મીડિયાથી અને જાહેર જીવનથી દૂર રહેવાનો  નિર્ણય જાહેર પણ  કર્યો હતો. તેમાંય ૨૦૨૫ની શરૂઆતથી જ તેની તબિયત બરાબર ન હોવાથી, તે માનસિક બીમારીથી પીડાતી હોવાનું જણાવીને તે બધાંથી જાહેર જીવનથી સાવ અલિપ્ત થઈ ગઈ હતી અને અચાનક જ પહેલી ડિસેમ્બરે રાજ નિદિમોરુ સાથેનાં લગ્નની તસવીરો અને અહેવાલ પ્રગટ થતાં લોકોને  આશ્ચર્ય થયું હતું.





સામંથા - રાજ નિદિમોરુ

૩૮ વર્ષથી સામંથાનો જન્મ ૨૮ એપ્રિલ ૧૯૮૭નાં મદ્રાસમાં થયો છે. મોટેભાગે તેલુગુ અને તમિળ ફિલ્મોમાં વધુ ચમકતી  સામંથાએ  ૨૦૧૦થી અભિનય કારકિર્દીની શરૂઆત તેલુગુ ફિલ્મથી કરી છે અને પહેલી જ ફિલ્મમાં તેને દક્ષિણમાં  ‘ફિલ્મફેર એવોર્ડ’ મળ્યો હતો. તેણે એનટીઆર જુનિયર, મહેશ બાબુ, નાની, સુદીપ, વેંકટેશ, સિદ્ધાર્થ, પવન કલ્યાણ, સૂર્યા અને નાગા ચૈતન્ય સાથે ફિલ્મો કરીને અદ્ભુત સફળા મેળવી છે.

કારકિર્દીની શરૂઆતથી જ તેને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી ફિલ્મો મળવા લાગી હતી પણ પછી તેણે બીજી અભિનેત્રીઓની જેમ જ ‘બિગ બજેટ’ ફિલ્મોમાં ઝુકાવ્યું હતું. તેમાં પણ તેને લોકપ્રિયતા ખૂબ જ મળવા લાગી અને એક સફળ અને સૌથી વધારે ‘ફી’ મેળવતી અભિનેત્રી તરીકે તેની ગણના થવા લાગી હતી.

૨૦૧૯ પછી સામંથાએ ફરી એકવાર હિરોઈનલક્ષી ફિલ્મો કરવા માંડી હતી. ૨૦૧૦નાં તેની નાગા ચૈતન્ય સાથે ઓળખાણ થઈ હતી અને ૨૦૧૭માં તેણે નાગા ચૈતન્ય સાથે લગ્ન કર્યાં હતા. પણ, ચાર વર્ષ પછી એટલે કે બીજી ઓક્ટોબર - ૨૦૨૧નાં તેમણે છૂટાછેડાની જાહેરાત કરી હતી.

એ પછી અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની ‘પુષ્પાઃ ધ રાઈઝ’માં માત્ર એક આઈટમ સોંગમાં રજૂ  થઈને નોર્થ અને સાઉથ ફિલ્મઉદ્યોગમાં જબરી સનસનાટી બોલાવી દીધી હતી, તેની તમિળ અને તેલુગુમાં બનેલી પણ હિન્દીમાં ‘ડબ’ થયેલી ફિલ્મ ‘ઓહ બેબી’ જાનુ, યશોદા અને ખુશીથી તેને બોલિવૂડમાં લોકો પણ  ઓળખતા થઈ ગયા હતા.

ત્યારે જ તેણે ઓટીટી પર હિન્દી સિરીઝ ‘ફેમિલિ મેનઃ સિઝન ટુ’ અને ‘સિટાડેલ - હની બની’થી સફળતા મેળવી લીધી છે. સામંથા રૂથ પ્રભુ ટૂંક સમયમાં હવે બોલિવૂડમાં હિન્દી ફિલ્મોમાંય ધડબડાટી બોલાવે તો નવાઈ નહીં... ■

## છ ડિસેમ્બરથી ૧૨ ડિસેમ્બર સુધી  શું નવું જોવા મળશે?

**OTTનું હોટસ્પોટ**

સાતમી ડિસેમ્બર એટલે કે રવિવારે સલમાન ખાનના સંચાલન હેઠળના ‘બિગ બોસ’ની ફાઈનલ રજૂ થશે, જે તમને કલર્સ ચેનલ પર અને ઓટીટીમાં ‘જિયો હોટસ્ટાર’ પણ જોવા મળશે. ગૌરવ ખન્ના, ફરહાના ભટ્ટ, અમાલ મલિક, પ્રણિત મોરે અને તાન્યા મિતલમાંથી ‘બિગ બોસ’ની આ સિઝન કોણ જીતે છે અને તેને કેટલું ઈનામ મળે છે એ જોવું-જાણવું  રસપ્રદ સાબિત થશે.

‘જિય હોટસ્ટાર’ પર આજે પાંચમી ડિસેમ્બરે દક્ષિણના દિગ્ગજ અભિનેતા મોહનલાલના પુત્ર પ્રણવ મોહનલાલની ફિલ્મ ‘ડાયસ ઈરા’ રજૂ થશે.

ઝી ફાઈવઃ આ ઓટીટી ચેનલ પર આજે શુક્રવારે પાંચ ડિસેમ્બરે  સુપર નેચરલ કથાનકવાળી કોમેડી ફિલ્મ ‘ઘરવાલી પેડવાલી’ જોવા મળશે.

નેટફિલક્સઃ અહીં અત્યારે યશરાજ બેનર્સની ફિલ્મોનો ફેસ્ટિવલ ચાલે છે. તેમાં ૧૨મી ડિસેમ્બરથી ૨૮મી ડિસેમ્બર સુધી ‘ધ આઈકોનિક ૨૦૦૦’ હેઠળ યશરાજ બેનરની ૨૦૦૦ની સાલ પછીની ફિલ્મો માણવા મળશે. ૧૨  ડિસેમ્બરે ૨૦૦૨માં રજૂ થયેલી બે ફિલ્મ માણવા મળશે. પહેલી ફિલ્મ છે રોમાન્ટિક કોમેડી ફિલ્મ ‘મેરે યાર કી શાદી હૈ’. સંજય ગઢવી દિગ્દર્શિત આ ફિલ્મમાં ઉદય ચોપરા, જિમી શેરગીલ, તુલીપ જોશી અને બિપાશા બાસુ છે  અને બીજી ફિલ્મ ‘મુજસે દોસ્તી કરોગે’ રજૂ થશે. આ ફિલ્મનાં દિગ્દર્શક કુણાલ કોહલી છે અને ફિલ્મમાં હૃતિક રોશન, રાણી મુખરજી, કરીના કપૂર અને ઉદય ચોપરાની મુખ્ય ભૂમિકા છે.

આ જ ઓટીટી પ્લેટફોર્મ પર ૧૨  ડિસેમ્બરે કુણાલ ખેમુ, પ્રાજકતા કોળી, આયેશા રઝા અને મનોજ પાહવા અભિનીત કોમેડી ફિલ્મ ‘સિંગલ પાપા’ જોવા મળશે.

આ ઉપરાંત દક્ષિણ આફ્રિકા સામેની ટી-૨૦ સિરીઝની મેચ પણ ઓટીટી પર જોવા મળશે. ■

# ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

### ક્વિઝ (અ)

સાઈકલ પર ફિલ્માવામાં આવેલાં  આ  ગીતો કઈ ફિલ્મનાં  છે અને પરદા પર કલાકાર કોણ છે એ કહો...

૧) મૈં ચલી મૈં ચલી દેખો પ્યાર કી ગલી મુજે રોકે ના કોઈ  મૈં ચલી મૈં ચલી...

૨) ચાંદી કી સાઇકલ સોને કી સીટ આઓ ડાર્લિંગ ચલે ડબલ સીટ, ચાંદી કી...

૩) ગુઝર જાયે દિન દિન દિન કે હર પલ ગિન ગિન ગિન કિસી કી હાયે યાદો...

૪) જીવન ચલને કા નામ ચલતે રહો સુબહ શામ કે રસ્તા કટ જાયેગા...

૫) બનકે પંછી ગાયે પ્યાર કા તરાના મિલ જાયે અગર આજ કોઈ સાથી..

૬) ડાકીયા ડાક લાયા ખુશી કા પયામ કહી, કહી દર્દનાક લાયા ડાકીયા ડાક...

૭) દિલ મેરા ઍક આસ કા પંછી ઉડતા હૈ ઊંચે ગગન પર પહુંચેગા ઈક...

### ક્વિઝ (બ)

આ કલાકારોની કઈ ફિલ્મના નામમાં વરસના આંકડ  આવે છે?

૧) હરમન બવેજા

૨) અનિલ કપૂર


૩) મનોજ બાજપાઈ

૪) ગોવિંદા

૫) આમિર ખાન

૬) શરમન જોશી

૭) ગુરુ દત્ત




**જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’**

હેન્રી શાસ્ત્રી


## ફ્લેશ બેક

# ધરમજીના વિલન પણ હીરો બની ગયા...!

### નેગેટિવ રોલથી સ્ટારડમ મેળવનારા ધર્મેન્દ્ર હીરો હતા અને એમની ફિલ્મમાં વિલન બનેલા બે એક્ટરે પાછળથી હીરો તરીકે ખ્યાતિ મેળવી



'મેરા ગાંવ મેરા દેશ' માં વિનોદ ખન્ના



'બ્લેકમેલ' માં શત્રુઘ્ન સિંહા

૬૫ વર્ષ (૧૯૬૦થી ૨૦૨૫) દરમિયાન ધરમજીના સશક્ત પરફોર્મન્સની વાત કરવા બેસીએ તો જગ્યા ઓછી પડે. ધરમ પ્રાજીએ (અનિતા રાજ સાથેની ફિલ્મના શૂટિંગ વખતે ધરમજીએ સમજાવ્યું હતું કે સાચો શબ્દ 'પ્રાજી' છે પાજી નહીં. પંજાબીમાં ભાઈને 'પ્રા' કહી બોલાવાય છે અને એનું માનવાચક ' પ્રાજી' ) અનેક કલાકારો સાથે કામ કર્યું છે, પણ એમાં બે વિલન અને એક હીરોની વાત જરા નિરાળી છે.

રસપ્રદ વાત એ છે કે કારકિર્દીના પ્રારંભમાં નેગેટિવ રોલ કરી સ્ટારડમ મેળવનારા ધરમજીની ફિલ્મોમાં ખલનાયક તરીકે કામ કરનારા બે એક્ટરે રાતોરાત નાયક તરીકે ખ્યાતિ મેળવી હતી. ધરમજીના સંદર્ભમાં આ અભિનેતાઓ વચ્ચે રહેલું સામ્ય જાણવા - સમજવા જેવું છે. થોડા ભૂતકાળમાં સરી વાત વિગતે સમજવા જેવી છે...

અર્જુન હિંગોરાનીની 'દિલ ભી તેરા હમ ભી તેરે' પછી હેન્ડસમ હીરો તરીકે નામના મેળવનાર ધર્મેન્દ્ર શરૂઆતમાં રોમેન્ટિક હીરો તરીકે જામી રહ્યો હતો. 'શોલા ઔર શબનમ', 'સૂરત ઔર સિરત', 'અનપઢ', 'બંદિની'.... રૂપાળો અને કુમાશભર્યા ચહેરાવાળો ધર્મેન્દ્ર દર્શકોને પસંદ પડી રહ્યો હતો. જે. ઓમ પ્રકાશ નિર્મિત અને મોહન કુમાર દિગ્દર્શિત 'આઈ મિલન કી બેલા'માં નેગેટિવ રોલની છાંટ ધરાવતો રોલ કરવાની હિંમત ધર્મેન્દ્રએ દેખાડી હતી. ફિલ્મ સુપરહિટ થઈ અને એક્ટરની ગણતરી અગ્રણી હીરોમાં થવા લાગી.

અહીં દિલચસ્પ વાત એ છે કે ૧૯૭૦ના દાયકામાં ધરમજી હીરો હતા એમાં વિલનનો રોલ કરનારા બે અભિનેતાની કિસ્મત એવી ચમકી કે પછી બંનેએ હીરો તરીકે નામના મેળવી એક ઊંચાઈ હાંસલ કરી. આ બે કલાકાર છે શત્રુઘ્ન સિન્હા અને વિનોદ ખન્ના.

પંજાબી પિતાની ઈચ્છા વિરુદ્ધ ફિલ્મોમાં ભાગ્ય અજમાવવા આવેલા વિનોદ ખન્નાને બ્રેક મળ્યો સુનીલ દત્તની 'મનકા મીત' ફિલ્મથી અને ત્યારબાદ 'આન મિલો સજના', 'મેરે અપને' વગેરે ફિલ્મોથી દર્શકો અને ફિલ્મમેકરોની નજરે ચડ્યો. નેગેટિવ રોલ વધુ મળી રહ્યા હતા અને હીરો બનવાના ખ્વાબનું પોટલું બાંધી અભેરાઈ પર ચડાવી દેવું પડશે એવું લાગી રહ્યું હતું અને ૧૯૭૧માં આવી રાજ ખોસલાની 'મેરા ગાંવ મેરા દેશ'. ફિલ્મમાં હીરો હતા ધરમજી પણ વિનોદ ખન્નાએ ડાકુના રોલમાં હીરોને જોરદાર ટક્કર આપી અને અચાનક હીરોના રોલ ઓફર થવા લાગ્યા. એક સમય તો એવો હતો કે મિસ્ટર ખન્ના એક સાથે હીરો અને વિલનના રોલ કરી રહ્યા હતા. ટૂંકમાં ધરમજીની ફિલ્મમાં ખલનાયક બન્યા પછી વિનોદ ખન્નાનો નાયક તરીકે સિતારો ચમકી ગયો એ હકીકત છે. ૧૯૮૦ સુધીમાં તો અમિતાભ બચ્ચન જેટલી જ લોકપ્રિયતા વિનોદ ખન્નાને મળી ગઈ.

આવી જ કથા 'શોટગન' વિશેષણ મેળવનારા શત્રુઘ્ન સિન્હાની પણ છે. શત્રુજીનો ચહેરો જાણીતો બન્યો 'ખિલૌના' અને 'પ્રેમ પુજારી'થી. આ બંને ફિલ્મમાં એનો નેગેટિવ રોલ હતો. જોકે, આ બંને ફિલ્મો પહેલા અને પછી ધર્મેન્દ્ર સાથે શત્રુઘ્ન સિન્હાએ કરેલી ફિલ્મમાં વિલનનો રોલ કર્યો હતો , જે એમની કરિયરને પહેલા ધક્કો આપવામાં અને પછી હીરો બની જવામાં નિમિત્ત બન્યો હતો.

ભપ્પી સોની દિગ્દર્શિત ૧૯૬૯ની 'પ્યાર હી પ્યાર'માં ('મૈં કહીં કવિ ન બન જાઉં તેરે પ્યાર મેં અય કવિતા' ગીત યાદ છે?) હીરો ધરમજી હતા અને બ્લેકમેલરની નાનકડી ભૂમિકામાં શત્રુજીની હાજરી હતી. રોલ નાનો હતો પણ મિસ્ટર સિન્હાને વિલનના અન્ય રોલ અપાવવામાં મદદરૂપ થયો હતો.


'ફૂલ ઔર પત્થર'માં ધરમજી

૧૯૭૩માં વિજય આનંદ દિગ્દર્શિત 'બ્લેકમેલ' ('પલ પલ દિલ કે પાસ તુમ રહતી હો' યાદ હશે) ફિલ્મમાં ધર્મેન્દ્ર - રાખીની મુખ્ય જોડી હતી અને ફિલ્મમાં ખલનાયકનું પાત્ર શત્રુઘ્ન સિન્હાએ ભજવ્યું હતું. ચિત્રપટને વ્યાવસાયિક સફળતા નહોતી મળી, પણ શત્રુજીની કિસ્મતને કિક લાગી અને સુભાષ ઘઈની 'કાલીચરણ'માં હીરો બનવાનો મોકો મળ્યો. એ ફિલ્મને ફાંકડી સફળતા મળી અને એક વિલન હીરો બની ગયા.

ધરમજીના આવા યોગદાન વિશે પણ વાકેફ થવું જોઈએ. ધરમજીની ફિલ્મોના છાપ પાડી ગયા હોય એવા અનેક દ્રશ્ય છે, જેમાં એમની કારકિર્દીને વળાંક આપનારી 'ફૂલ ઔર પત્થર'ના એક સીનનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ. ફિલ્મમાં એક કલાક અને બાર મિનિટ પછી આવતા આ સીનમાં દારૂના નશામાં ચૂર શાકા (ધર્મેન્દ્ર) ઘરે પાછા ફરતી વખતે એનું ધ્યાન વૃક્ષ નીચે ઠંડીથી ઠૂંઠવાતી એક આધેડ વયની મહિલા પર પડે છે. માતા સમાન વૃદ્ધાને ઠંડીથી રક્ષણ મળે એ માટે શાકા શર્ટ ઉતારી એ મહિલાને ઓઢાડી દે છે. આ દ્રશ્ય અમર બની ગયું અને એમની કારકિર્દીને વેગ મળ્યો. એવું સાંભળ્યું હતું કે અંદાજે અઢી મિનિટ ભરાવદાર છાતી અને કસાયેલા બાવડાં ધરાવતો ધર્મેન્દ્ર જોવા ઘણા લોકોએ એકથી વધુ વખત આ ફિલ્મ જોઈ હતી. આ સીનથી ધરમજી હી - મેન બની ગયા. 'ફૂલ ઔર પત્થર' રિલીઝ થઈ હતી ૧૯૬૬માં અને ૧૯૯૮માં રજૂ થયેલી ફિલ્મ 'પ્યાર કિયા તો ડરના ક્યા'માં શર્ટ પહેર્યા વિના ઉઘાડી છાતીએ પડદા પર ગીત (ઓ ઓ જાને જાના) ગાઈને સલમાન ખાન મશહૂર થઈ ગયો હતો. રસપ્રદ વાત તો એ છે કે આ ફિલ્મમાં ધરમજીએ પણ કામ કર્યું છે !

આ ઈન્ડસ્ટ્રીમાં શિખર પર પહોંચ્યા પછી ક્યારે ગબડતા ગબડતા તળેટીમાં પહોંચી જવાય એનું અનુમાન નથી થઈ શકતું. ઢગલાબંધ હિટ ફિલ્મો આપનારા ધરમજીએ એવા માઠાં દિવસો જોવાનો વારો આવ્યો કે બી ગ્રેડ એક્શન હીરો તરીકે ઓળખાવા લાગ્યા. હેમંત બિરજે જેવા એક્ટર સાથે ૧૧ ફિલ્મ કરવાનો વખત આવ્યો હતો. જોકે, 'પ્યાર કિયા તો ડરના ક્યા'ની સફળતાને પગલે ધરમજીએ આ પ્રકારની ફિલ્મોમાં કામ કરવાનું બંધ કરી દીધું હતું. ■

---

ફિલ્મનામા

નરેશ શાહ

# ફોરેન્સિકઃ સાયન્સથી પણ ચડિયાતું હોય છે દિમાગ

### દર્શકોને અનુમાન કરવા મજબૂર કરે અને પછી એ ધારણાંને ખોટી પણ પાડી દે એ છે 'ફોરેન્કિ' વેબ ફિલ્મનો પ્લસ પોઈન્ટ !

સિરિયલ કિલરનો કોન્સેપ્ટ-વિષય આમ જુઓ તો હવે ચવાઈને ચુંથાઈ ગયેલો છે. એકને એક તરીકાથી, એક જ પ્રકારનું કથાતત્ત્વ ધરાવતી કથામાં લોકોની હત્યા પાછળનું પગેરું શોધવાની મથામણ અને માનસિક વિકૃતિ ધરાવતા હત્યારાની બેકગ્રાઉન્ડ ધરાવતી સ્ટોરી...

સિરિયલ કિલિંગની આવી કથામાં એક તબક્કા પછી રોમાંચનું સ્થાન કંટાળો લઈ લે એવું મોટાભાગની ફિલ્મો અને વેબસિરીઝમાં બનતું આવ્યું છે, પરંતુ 'ઝી ફાઈવ' પરસ્ટ્રીમ થયેલી વિક્રાંત મેસી, રાધિકા આપ્ટે, પ્રાચી દેસાઈ, અનંત મહાદેવન, વીંદુ દારાસિંગ, રોહિત રોય જેવી તગડી સ્ટારકાસ્ટ ધરાવતી 'ફોરેન્સિક', પણ સિરિયલ કિલરની વાત કરતી એક સસ્પેન્સ થ્રીલર ફિલ્મ છે, જે તમને આખી ફિલ્મ દરમિયાન સચોટ અનુમાનના ઠેબાં ખવડાવે છે અને છેલ્લે...

દહેરાદૂન, મસુરી અને ઋષિકેશના લોકાલ પર ચકરાવા લેતી 'ફોરેન્સિક' તેના શરૂઆતની દશ્યોથી જ ધારણાં બંધાવી દે છે કે, આ એક બાર-તેર વરસના બાળકને સિરિયલ કિલર દર્શાવતી ફિલ્મ હશે અને એ દિગ્દર્શક વિશાલ ફૂરિયા અને રાઈટિંગ ટીમના લેખકો અધિર ભટ્ટ, અજીત જગતાપ અને વિશાલ કપૂર સામે ચાલીને તમારા દિમાગમાં ઠસાવી દે છે અને ઘટનાઓ પણ એ જ રીતે બનતી રહી છે. મસૂરીમાં રહેતી ટીનએજ બાળકીઓની એકાએક હત્યા થવા માંડે છે. અનોખી વાત એ છે કે જે બાળકીનો જન્મદિવસ હોય, એ જ બાળકીની, એ જ દિવસે હત્યા થઈ રહી છે. મસૂરીના પોલીસ વડા આ કેસની તપાસ સબ ઈન્સ્પેક્ટર મેધા શર્મા




(રાધિકા આપ્ટે)ને સોંપે છે અને તેને મદદ મળી રહે એ વાસ્તે ફોરેન્સિક એક્સપર્ટ જોની ખન્ના (વિક્રાંત મેસી)ને પણ ઈન્વેસ્ટિગેશનમાં સામેલ કરે છે. મેધા અને જોની અલગ પડી ગયેલાં પ્રેમી છે, કારણ કે જોની ખન્નાના મોટાભાઈ રોહિત રોય અને મેધાની મોટી બહેનના જીવનમાં ચાર- પાંચ વરસ પહેલાં એક ભૂચાલ આવી ગયો છે. મેધાની મોટી બહેનની નાની દીકરીનું આકસ્મિક મૃત્યુ થતાં મોટી બહેન પણ આઘાતમાં આપઘાત કરી લે છે. બનેવીની આ બેકાળજીને કારણે સબ ઈન્સ્પેક્ટર મેધા શર્મા પોતાની મોટી ભાણેજ આલિયાને પોતાની સાથે રહેવા લઈ આવી છે અને... તેના પિતાને આલિયા મળે, એ મેધા શર્માને હરગિઝ મંજૂર નથી. સંબંધોના આવા ચકરાવા વચ્ચે જ નાની બાળકીઓની તેના જ જન્મદિવસે હત્યા થવા માંડે છે. ફોરેન્સિક એક્સપર્ટ જોની ખન્ના આધુનિક સાધનો તેમ જ પોતાની તીવ્ર વિચક્ષણ બુદ્ધિથી પ્રથમ હત્યાના બનાવનું ઈન્વેસ્ટિગેશન કરતાં એ તારણ પર આવે છે કે હત્યારો ચારેક ફૂટની હાઈટ અને ચાલીસ કિલો આસપાસનું વજન ધરાવનારો છે. સી.સી. ટીવી ફૂટેજ પરથી ખ્યાલ આવે છે કે એક ઠિંગણો (વામન કદ) માણસ પણ ઘટનાસ્થળે ઉપસ્થિત હતો. તેની શોધખોળ ચાલે છે અને 'ફોરન્સિક'ની આ એક ઈન્ટરેસ્ટિંગ સિક્વન્સ છે કારણ કે તેમાં એક સાથે અનેક વામન કદ (ઠીંગણા)ના લોકો દેખાડવામાં આવ્યા છે...

અહીં એક લેખકની સૌથી મોટી સફળતા એ છે કે, એ બધું એવી રીતે દર્શાવે છે કે દર્શકના મનમાં વાત સજ્જડ રીતે ચોંટી જાય અને એ પછી સચોટ રીતે જ એ ધારણાનું ખંડન થાય. 'ફોરન્સિક'માં આવું ત્રણથી ચાર વખત બને છે. દર્શક દર વખતે હત્યારા વિશેની પોતાની એક ધારણાંને સાચી પડતી હોવાનું માને, ત્યાં જ એ પડી ભાંગે અને શંકાનું ટ્રિગર અન્ય વ્યક્તિ તરફ ફંટાઈ થઈ જાય. આ લેખક ટીમની સફળતા છે.

બેશક, આ 'ફોરેન્સિક' માં એવી વાતો પણ છે, જે તરત ગળે ન ઊતરે. સાયકિયાટ્રિસ્ટ (અનંત મહાદેવન, પ્રાચી દેસાઈ)ની ટ્રિટમેન્ટ કે સેક્સ ચેન્જની વાત કદાચ, પહેલી વખત સિનેમામાં આવી છે અને એ ય પાછો મુખ્ય મુદ્દો નથી ફિલ્મનો.

એમ છતાં એટલું તો કહેવું પડે કે, 'ફોરેન્સિક' સિરિયલ કિલિંગની એક સસ્પેન્સ ફિલ્મ છે અને આ રહસ્યનું તત્ત્વ જ 'ફોરેન્સિક'નો પ્લસ પોઈન્ટ છે. આ ફિલ્મ એ વાત પણ પુરવાર કરે છે કે ફોરેન્સિક સાયન્સ ગમે તેટલું સચોટ પગેરું શોધે- અંગૂલિનિર્દેશ કરે પણ માનવ દિમાગનું શાતિરપણું તેનાથી વધુ ચડિયાતું હતું, છે અને રહેશે! ■

---

ફોકસ

રશ્મિ જૈન

# સાઉથનો સુપરસ્ટાર નાગા ચૈતન્ય બોલિવૂડમાં રહ્યો ફ્લોપ

આજે અમે તમને એક એવા અભિનેતાનો પરિચય કરાવવા જઈ રહ્યા છીએ જેણે દક્ષિણ ઉદ્યોગમાં નોંધપાત્ર ખ્યાતિ મેળવી હતી, પરંતુ બોલીવુડમાં પ્રવેશતાની સાથે જ નિષ્ફળ ગયા. શું તમે તેમને ઓળખો છો?

બોલિવૂડની જેમ દક્ષિણ સિનેમામાં પણ ઘણા સ્ટાર્સ છે જે ચાહકોના દિલ પર રાજ કરે છે. આવું જ એક નામ અભિનેતા નાગા ચૈતન્ય છે. નાગા ઘણી દક્ષિણ અને બોલિવૂડ ફિલ્મોમાં દેખાયા છે. નાગા લગભગ ૧૬ વર્ષથી અભિનય કરી રહ્યા છે, અને તેમણે કરોડોની સંપત્તિ ભેગી કરી છે. આજે અમે તમને તેમની કારકિર્દીથી લઈને તેમની કુલ સંપત્તિ સુધી બધું જ જણાવીશું.

નાગા ચૈતન્ય દક્ષિણ ઉદ્યોગના સુપરસ્ટાર નાગાર્જુનનો પુત્ર છે. નાગા ચૈતન્યએ ફિલ્મ 'જોશ' થી પોતાની ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી હતી. જે ૨૦૦૯ માં રિલીઝ થઈ હતી. ત્યારબાદ તેઓ 'યે માયા ચાસવે' માં દેખાયા જેમાં તેઓ તેમની ભૂતપૂર્વ પત્ની સામંથા રૂથ પ્રભુ સાથે દેખાયા.

આ ફિલ્મે અભિનેતાને રાતોરાત સ્ટાર બનાવી દીધો. ત્યારબાદ તેઓ ૧૦૦% લવ, મનમ, પ્રેમમ, માજિલી, વેન્કી મામા, લવ સ્ટોરી, રારાંડોઈ વેદુકા ચૂડમ અને બંગરાજુ જેવી જાણીતી દક્ષિણ ભારતીય ફિલ્મોમાં દેખાયા.

દક્ષિણમાં ખ્યાતિ મેળવ્યા પછી અભિનેતાએ બોલિવૂડમાં પ્રવેશ



કર્યો. નાગાએ આમિર ખાન સાથે લાલ સિંહ ચઢ્ઢા (૨૦૨૨) માં ડેબ્યૂ કર્યું.

પરંતુ આમિર અને નાગા અભિનીત આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ ગઈ. રૂ. ૨૦૦ કરોડના બજેટમાં બનેલી, તેણે ભારતમાં આશરે રૂ. ૬૧.૩૬ કરોડની કમાણી કરી. ત્યારથી નાગાએ હિન્દી સિનેમામાં કામ કર્યું નથી. અભિનેતાની નેટવર્થ વિશે વાત કરીએ તો, નાગા ચૈતન્યની નેટવર્થ રૂ. ૧૫૪ કરોડ છે.

નાગાના ગેરેજમાં પોર્શ ૯૧૧ GT૩ RS, ફેરારી ૪૮૮ GTB, રેન્જ રોવર ઓટોબાયોગ્રાફી અને મર્સિડીઝ-બેન્ઝ G6૩ AMG જેવી લક્ઝરી કારનો સમાવેશ થાય છે. ■

---

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## યે સબ દોગલાપન હૈ!


રસિકા દુગ્ગલ


એક વખત પ્રસિદ્ધ થઇ ગયા પછી આપણા 'સ્ટાર્સ' ભૂતકાળ લગભગ ભૂલી જાય છે. તેમણે પોતાનાં સંઘર્ષના કાળમાં કે પછી ઇન્ડસ્ટ્રીમાં સ્થાપિત થતાં સમયે કયા રોલ્સ ભજવ્યાં હતાં એ એમને યાદ નથી રહેતું. પરિણામ એવું આવે છે કે લોકપ્રિય થયાં બાદ 'ભાંગરો વાટવા' લાગે છે. આનું તાજું ઉદાહરણ છે રસિકા દુગ્ગલ. રસિકા આમ પણ 'એમેઝોન પ્રાઈમ'ની વેબસિરીઝ 'મિર્ઝાપુર'થી જાણીતી થઇ છે.

હવે આ જ રસિકા આ જ વેબસિરીઝમાં પોતે કઈ ભૂમિકા ભજવી હતી એ કદાચ ભૂલી ગઈ છે. એક પોડકાસ્ટમાં રસિકાને જ્યારે રણબીર કપૂરની 'એનિમલ' વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યું ત્યારે તેણે એ ફિલ્મને સ્ત્રી વિરોધી ગણાવી હતી. ટૂંકમાં કહીએ તો રસિકા દુગ્ગલનું એમ કહેવું હતું એક સ્ત્રીને આ રીતે નિમ્નસ્તરની ચીતરતી હોય એવી ફિલ્મમાં તો હું ક્યારેય કામ ન કરું. અચ્છા? તો પછી 'મિર્ઝાપુર'ની બીના ત્રિપાઠીનો રોલ કેવો હતો? બીના ત્રિપાઠીના પતિ તેને 'પુરુષનું સુખ' ન આપતાં હોવાથી એ નોકર સાથે પહેલાં તો ગમન કરે છે, પોતાનાં સાવકા દીકરા સાથે ફ્લર્ટ કરે છે અને છેવટે ગાદી મેળવવા સસરા સાથે પણ... તો અહીં એક સ્ત્રીને કશું પણ મેળવવા માટે આ સ્તરે નીચી ઉતરતી સુધીનું પાત્ર એણે નથી ભજવ્યું ?

વાહ દીદી વાહ! આવાં બેવડાં ધોરણો ક્યાંથી શોધી લાવ્યાં? ફક્ત એક ફિલ્મને નીચી ચીતરવા

માટે? અગાઉ પણ જાવેદ અખ્તર જેવાં 'બુદ્ધિજીવીઓ'એ પણ 'એનિમલ' ફિલ્મ ને જોયાં વગર એને સ્ત્રી વિરોધી ગણાવી દીધી હતી. યહ લોગ કહાં સે લાતે હૈ ઐસા દોગલાપન? બેવડા ધોરણની પણ કોઈ હદ ખરી ?

## સહુથી લાં... આઆઆ... બી ફિલ્મ!




આજે એક એવી ફિલ્મ રિલીઝ થઇ છે , જેની કાગડોળે રાહ જોવાઈ રહી હતી અને એ પણ છેલ્લાં ત્રણેક મહિનાથી. જી હા,

વાત કરી રહ્યાં છીએ 'ધુરંધર'ની. હમણાં આપણે 'એનિમલ'ની વાત કરી તો 'ધુરંધર'માં પણ એનાં જેટલી જ કે પછી એનાંથી પણ વધુ હિંસા દેખાડવામાં આવી છે. આવું ફિલ્મ જોયા વગર એટલાં માટે કહી શકાય , કારણકે તેનું ટ્રેલર એમ કહી રહ્યું છે. એનીવે, અહીં આપણો મુદ્દો હિંસા નથી. અમે 'ધુરંધર'ને બે ભાગમાં રીલીઝ કરવાનાં છીએ એવું ફિલ્મનાં ડાયરેક્ટર આદિત્ય ધર પહેલેથી જ કહી ચૂક્યા છે , પરંતુ

ફિલ્મનો પહેલો ભાગ જ ૨૧૪ મિનીટનો હોવાનું સામે આવ્યું છે. ઔર અભી તો રુકો! આ ૨૧૪ મિનિટ સેન્સર બોર્ડે કરેલી કાપકૂપ પછીની નેટ સમય છે. ૨૧૪ મિનિટ એટલે કે રોકડા ૩ કલાક ૩૪ મિનિટનો આ રનટાઈમ પણ જ એક રેકોર્ડ છે. સત્તર વર્ષ પહેલાં આશુતોષ ગોવારીકરની મેગ્નમ ઓપસ 'જોધા અકબર'નો રન ટાઈમ બોલિવૂડમાં અત્યારસુધીનો સહુથી લાંબો રનટાઈમ હોવાનું નોંધાયું હતું. હવે આ 'ધુરંધરે' તેનાં ૩ કલાક ૩૩ મિનિટનાં રનટાઈમને એક મિનીટથી પાછળ પાડી દીધો છે.

હવે વિચારવાનું એ છે કે આદિત્ય ધર પહેલેથી જ કહી ચૂક્યા છે કે ફિલ્મ બે ભાગમાં છે એટલે વિચારો કે કેટલું વિશાળ કન્ટેન્ટ આ ફિલ્મ ધરાવતું હશે? આજે ત્રીસ સેકન્ડની રીલ પણ પૂરી ન જોઈ શકતી પેઢીને ૩ કલાક ૩૪ મિનિટ થિયેટરની ખુરશી પર બેસાડી રાખવી એ આદિત્ય ધર માટે બહુ મોટી ચેલેન્જ છે એની ફિલ્મની લંબાઈ જેટલી જ!

## બાપ કરતાં બેટો સવાયો!


અભિષેક બચ્ચન

જ્યારે અમિતાભ બચ્ચને ABCL બનાવીને પોતાની મરણમૂડી પણ ગુમાવી દીધી હતી ત્યારે એમ કહેવાયું હતું કે 'જેને જે કામ આવડતું હોય એ જ કરાય'. અમિતાભે કદાચ આ સલાહને સ્વીકારીને ફક્ત એક્ટિંગ કરીને ફરીથી બે પગ ઉપર ઊભા થઈને એક ઐતિહાસિક કમબેક કર્યું હતું, પરંતુ, અમિતાભના દીકરા અભિષેક, જેણે આજ સુધી પોતાનાં પિતાના વિશાળકાય પડછાયામાં જ રહેવું પડ્યું છે તેણે બિઝનેસનાં ક્ષેત્રમાં તો પિતાથી સવાયા થઇ બતાવ્યું છે.

અભિષેક ખુદ જબરદસ્ત કલાકાર છે, પરંતુ હવે જાણવા મળ્યું છે કે એ બિઝનેસમેન પણ એટલો જબરદસ્ત છે. અભિષેક અને અમિતાભ બચ્ચન વર્ષોથી રિયલ એસ્ટેટમાં રોકાણ કરીને કરોડો કમાયા છે, પરંતુ અભિષેક બચ્ચને પોતાનું રોકાણ એક કબડી ટીમમાં કર્યું અને તેને બખ્ખાં થઇ ગયાં છે. અભિષેક બચ્ચનની 'પ્રો કબડ્ડી' લીગની ટીમ 'જયપુર પિંક પેન્થર્સ'ની નેટવર્થ અધધધ ૧૦૦ કરોડે પહોંચી ગઈ છે. જ્યારે દેશમાં આઈપીએલની તર્જ પર અન્ય સ્પોર્ટ્સમાં પણ લીગ્સ શરૂ થઇ ત્યારે આ કબડીની લીગ શરૂ થઇ હતી.

એ અભિષેકની બિઝનેસ બુદ્ધિમત્તા જ હતી જેણે જયપુરની ટીમ ખરીદવામાં રસ દેખાડ્યો અને આજે એણે એ વાતને ખોટી સાબિત કરી દીધી છે કે 'એક અભિનેતાએ ફક્ત એક્ટિંગ જ કરવી જોઈએ, બિઝનેસ નહીં.' ■

## કટ એન્ડ ઓકે...

*જ્યાં સુધી મને ખ્યાલ છે લગ્ન હજી પણ મુલતવી જ છે.*

*૭ ડિસેમ્બરે લેડી ક્રિકેટર સ્મૃતિ મંધાનાના લગ્ન ફરીથી નિર્ધારિત થયાં છે એ*

*અફવા પર સ્મ્રિતિનાં ભાઈ શ્રવણનું પૂર્ણવિરામ*

# -તો મહિલાનો સહમતી વિના વીડિયો કે ફોટો લેવો વોયરિઝમ નથીઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ મહિલા 'પ્રાઈવેટ ઍક્ટ' (વ્યક્તિગત ગતિવિધિ) ન કરી રહી હોય ત્યારે તેની સહમતી વિના તેનો મોબાઈલથી વીડિયો કે ફોટો લેવો એ ભારતીય દંડસહિતાની ૩૫૪-સી કલમ હેઠળ વૉયરિઝમ (અન્યોના પ્રાઈવેટ પાર્ટ્સ કે સંભોગ જોઈ લૈંગિક તૃપ્તિ મેળવવાનું કૃત્ય)નો અપરાધ નથી બનતો.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ એન. કોટિશ્વર સિંહ અને મનમોહનની બેન્ચે એક આરોપીને છોડી મુક્યો હતો. ફરિયાદી મહિલાએ પુરુષ પર તેના ફોટા ક્લિક કરીને અને તેના મોબાઇલ ફોન પર વીડિયો શૂટ કરીને ડરાવવાનો આરોપ મુક્યો હતો. કોલકાતાના સોલ્ટ લેકની એક મહિલાએ આરોપ લગાવ્યો હતો કે આરોપીની આ હરકતથી તેની પ્રાઈવસીને ખલેલ પહોંચી છે અને તેની માનહાનિ થઇ છે. આરોપી પુરુષ સામે વોયરિઝમના ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૦ ફરિયાદીએ આરોપી વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી હતી, જ્ઞ્ઈછ્માં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૪૧, ૩૫૪ઈ અને ૫૦૬ જોડવામાં આવી હતી. મહિલાએ આરોપ મુક્યો હતો કે તેના મિત્ર અને કેટલાક કામદારો સાથે હતી પ્રોપર્ટીમાં પ્રવેશ કરવાનો પ્રયાસ અક્યો હતો, ત્યારે આરોપીઓએ સંમતિ વિના તેના ફોટોગ્રાફ્સ અને વીડિયો લીધા હતા. તપાસ બાદ પોલીસે ચાર્જશીટ દાખલ કરી હતી. ■

# દેશભરમાં પેન્ડિંગ એસિડ હુમલાના કેસની વિગતો માગી સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ગુરુવારે દિલ્હીની એક કોર્ટમાં ચાલી રહેલા એક કેસના ૧૬ વર્ષના વિલંબને 'શરમજનક' ગણાવતા, દેશભરમાં એસિડ હુમલાના કેસ સંબંધિત પેન્ડિંગ કેસોની વિગતો ચાર અઠવાડિયામાં રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે એસિડ હુમલાથી બચી ગયેલી શાહીન મલિક દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલ પર કેન્દ્ર અને દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગને નોટિસ પણ જારી કરી હતી.

બેન્ચે મલિકના પોતાના કેસમાં લાંબા વિલંબને 'શરમજનક' ગણાવી હતી, જે ૨૦૦૯થી અહીંની રોહિણી કોર્ટમાં પેન્ડિંગ છે.

કાનૂની વ્યવસ્થાની કેટલી મજાક! આ ખૂબ જ શરમજનક છે. જો રાષ્ટ્રીય રાજધાની આને સંભાળી શકતી નથી, તો કોણ કરશે? આ શરમજનક છે, એમ બેન્ચે કહ્યું હતું.

સીજેઆઈએ મલિકને પીઆઈએલમાં જ એક અરજી દાખલ કરવા કહ્યું જેમાં સમજાવવામાં આવ્યું કે આ મામલો કેમ પૂર્ણ થયો નથી, અને તેમને ખાતરી આપી કે કોર્ટ આપમેળે પણ નોંધ લઈ શકે છે.

સુનાવણી દરમિયાન, મલિકે પીડિતોની દુર્દશા પર પ્રકાશ પાડ્યો હતો જેમને એસિડ પીવા માટે મજબૂર કરવામાં આવે છે, ઘણીવાર કૃત્રિમ ખોરાક નળીઓ અને ગંભીર અપંગતા સાથે જીવે છે. ■



**રાજ-સિમરન લંડનમાં કેમ ભૂલાં પડ્યાં?:** આઈકોનિક ફિલ્મ દિલવાલે દુલ્હિનયા લે જાયેંગેની રિલીઝ ડેટના 30 વર્ષ થાય છે અને યોગાનુયોગે ગઈ કાલે લંડનના લેસ્ટર સ્ક્વેરમાં ડીડીલેજેનો આ અદ્દ્ભુત શોટના કાંસ્યની પ્રતિમાની નકલ કરી ફોટો પડાવ્યો શાહરૂખ ખાન અને કાજોલે. જગતના વિખ્યાત મૂવીઝના યાદગાર શોટની પ્રતિમાઓ અહીં ગોઠવવામાં આવી છે. (એજન્સી)

# કૅશ ઇઝ નોટ કિંગઃ વર્ષ ૨૦૨૪માં ૯૯.૭ ટકા ટ્રાન્ઝેકશન્સ ડિજિટલી થયાં

નવી દિલ્હીઃ આજે આપણે બજાર, ફરવા, બિલ ચૂકવણી કે ફૂડ ઓર્ડર સહિતની પ્રવૃતિઓમાં રોકડ વ્યવહારને સ્થાને મહત્તમ ડિજિટલ ટ્રાન્ઝેક્શનનો ઉપયોગ કરીએ છીએ. આપણાં દેશમાં જ થોડા વર્ષો પહેલા ઓનલાઈન અથવા ડિજિટલ ટ્રાન્ઝેક્શનનો ખ્યાલ આપણને નહોતો પરંતુ આજે ભારતે આખા વિશ્વમાં કેશલેસ ટ્રાન્ઝેક્શનમાં ડંકો વગાડી દીધો છે. તાજેતરમાં જ ભારતીય રિઝર્વ બેંકના એક નવા રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે વર્ષ ૨૦૨૪માં દેશમાં જેટલા પણ ચૂકવણીઓ થઈ, તેમાંથી ૯૯.૭ ટકા લેવડદેવડ ડિજિટલ માધ્યમ દ્વારા કરવામાં આવી હતી.

આરબીઆઇના રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે ભારત ઝડપથી કેશલેસ અર્થવ્યવસ્થા તરફ આગળ વધી રહ્યું છે. વર્ષ ૨૦૨૪માં દેશમાં જેટલા પણ ચૂકવણીઓ થઈ, તેમાંથી ૯૯.૭ ટકા લેવડદેવડ ડિજિટલ માધ્યમ દ્વારા કરવામાં આવી હતી. જો રકમના સંદર્ભમાં જોઇએ તો, કુલ ચૂકવેલી રકમનો ૯૭.૫ ટકા હિસ્સો ડિજિટલ રીતે ટ્રાન્સફર થયો હતો. આ આંકડાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે લોકો હવે રોકડ અને ચેકનો ઉપયોગ ખૂબ ઓછો કરી રહ્યા છે અને ડિજિટલ પેમેન્ટ તરફ વળી રહ્યા છે. આ પરિવર્તન ભારતીય નાણાકીય લેન્ડસ્કેપમાં ડિજિટલ ક્રાંતિની સફળતા સૂચવે છે. ડિજિટલ પેમેન્ટ સિસ્ટમમાં યુપીઆઇનો દબદબો સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. ■

# તમાકુ પર વધુ એક્સાઈઝ ડ્યૂટી લાદતા ખરડાને લોકસભામાં મંજૂરી

નવી દિલ્હીઃ તમાકુ અને તેને સંબંધિત ઉત્પાદનો પર વધુ એક્સાઈઝ ડ્યૂટી લાદતા ખરડાને ગુરુવારે લોકસભામાં મંજૂરી આપવામાં આવી હતી. લોકસભાએ સેન્ટ્રલ એક્સાઈઝ (અમેન્ડમેન્ટ) ખરડા ૨૦૨૫ને બુધવારે મંજૂરી આપી હતી.

રાજ્યસભામાં થયેલી ચર્ચા અંગે પ્રતિક્રિયા આપતાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે કહ્યું હતું કે આ વધારાનો કરવેરો નથી. વર્તમાન જીએસટી કાયદા અતર્ગત આ કરવેરો ચાલુ રહેશે. (એજન્સી) ■

# મોદીજી, ગગડતા રૂપિયા વિષે મનમોહન-રાજમાં તમે શું બોલેલા અને હવે શું કહેશો?: પ્રિયંકા

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકાર તરફથી સતત દાવો કરવામાં આવી રહ્યો છે કે દેશનો આર્થિક વિકાસ નવી ઊંચાઈને આંબી રહ્યો છે અને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બીજા ત્રિમાસિક ગાળામાં ભારતનો વાસ્તવિક જીડીપી દર ૮.૨ ટકા રહ્યો છે. ત્યારે બીજી તરફ અમેરિકન ડોલર સામે રૂપિયો ૯૦ની નીચે ગયો છે.

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીએ ભારતીય રૂપિયાના ઘટતા મૂલ્યને લઈને સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે પૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના કાર્યકાળ દરમિયાન જ્યારે રૂપિયાનું મૂલ્ય ઘટ્યું હતું, ત્યારે ભાજપના નેતાઓના નિવેદનોને યાદ કરાવ્યા હતા અને વર્તમાન પરિસ્થિતિ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મૌન પર સવાલ ઉઠાવ્યો હતો.

મીડિયા દ્વારા પ્રિયંકા ગાંધીને પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં આપતા જણાવ્યું હતું કે, જ્યારે થોડા વર્ષો પહેલા પૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના સમયમાં રૂપિયાનું મૂલ્ય ઘટ્યું હતું, ત્યારે ભાજપે શું કહ્યું હતું, અને હવે તેમણે શું કહેવાનું છે? તમારે તેમને તે પૂછવું જોઈએ, મને શું કામે પૂછો છો. ■

# 'સર' સંબંધિત ઘટનાઓમાં જીવ ગુમાવનારાઓમાં અડધાથી વધુ હિન્દુઓઃ મમતા બેનરજીનો દાવો

કોલકાતા : પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ ગુરુવારે સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆઇ-'સર') મુદ્દે ભાજપ પર નિશાન સાધ્યું હતું. દેશભરમાં ગણતરી સંબંધિત ઘટનાઓમાં માર્યા ગયેલા અડધાથી વધુ લોકો હિન્દુ હોવાનો તેમણે દાવો કર્યો હતો.

મુખ્ય પ્રધાને ભાજપને ચેતવણી આપી હતી કે તે જે ડાળ પર બેઠી છે તેને જ કાપી રહી છે. લઘુમતી પ્રભુત્વ ધરાવતા મુર્શિદાબાદ જિલ્લામાં વિરુદ્ધ એક રેલીને સંબોધતા બેનરજીએ ભાજપ પર ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલા ધાર્મિક રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો હતો.

ટીએમસી સુપ્રીમોએ જણાવ્યું કે તેઓ બંગાળમાં ક્યારેય પણ એનઆરસી અથવા ડિટેન્શન કેમ્પને મંજૂરી આપશે નહીં, પછી ભલે મારું ગળું કાપી નાખવામાં આવે.

તેમણે કહ્યું કે ભાજપ 'સર' પર ધાર્મિક રાજકારણ કરી રહ્યું છે. સંબંધિત ઘટનાઓમાં માર્યા ગયેલા અડધાથી વધુ લોકો હિન્દુ હતા. જે ડાળી પર બેઠા છો તેને જ કાપશો નહીં. તેમણે વધુમાં જણાવ્યું કે હું બંગાળમાં એનઆરસી કે ડિટેન્શન કેમ્પને મંજૂરી આપીશ નહીં. ભલે તેઓ મારું ગળું કાપી નાખે, કોઇને પણ બહાર કાઢવામાં આવશે નહીં. ■

# 'સર' બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા માટે અમિત શાહનો પેંતરો

પશ્ચિમ બંગાળઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ ગુરુવારે આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના ઈશારે ચૂંટણી પંચ મતદારયાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર-'સર')ને આગળ વધારી રહ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે લોકોમાં ગભરાટ ફેલાવવા અમિત શાહ આ ટ્રિક અજમાવી રહ્યા છે, અમારી સરકારે આ કવાયત આડે અવરોધ ઊભો કર્યો છે એમ કહેવાત અને કેન્દ્ર સરકાર રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદી દેત. રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાવવાનો પણ કેન્દ્ર સરકારનો ઈરાદો હતો, એમ તેમણે કહ્યું હતું.

મુસ્લિમ બહુમતી ધરાવતા મુર્શીદાબાદમાં એક સભાને સંબોધન કરતાં મમતા બેનરજીએ કહ્યું હતું કે રાજ્ય કેન્દ્ર સરકારની આ જાળમાં ફસાઈ જાય એટલું મૂર્ખ નથી. (એજન્સી) ■

# હરિયાણામાં પકડાયેલી મહિલા સુંદર બાળક જોઇ તેની હત્યા કરી નાખતી

પાણીપતઃ હરિયાણાના પાણીપતમાં ૩૨ વર્ષીય મહિલાએ છેલ્લા બે વર્ષમાં પોતાના પુત્ર સહિત ત્રણ બાળકની હત્યા કરી હોવાનું કહેવાય છે કારણ કે તેને તેમની સુંદરતાને કારણે તેમના માટે નફરત થઈ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, ત્રણેય પીડિત પૂનમ નામની મહિલાની સંબંધી હતા અને શંકા ટાળવા માટે તેણે તેના ત્રણ વર્ષના પુત્રની પણ હત્યા કરી હતી. પાણીપતના એસપી ભૂપેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે આરોપી મનોરોગી હોય તેવું લાગે છે જેણે પોલીસને કહ્યું હતું કે તેને ડર હતો કે છોકરીઓ મોટી થઈને તેના કરતા વધુ સુંદર બનશે.

જો તેને સુંદર છોકરીઓ પ્રત્યે નફરત હતી, એસપીએ ખુલાસો કર્યો હતો. એસપીએ મહિલાને ટાંકીને કહ્યું કે જ્યારે તે કોઈ સુંદર છોકરી જોતી, ત્યારે તેને ઈર્ષ્યા થતી કે બાળકી મોટી થઈને તેના કરતા વધુ સુંદર બનશે. તેના લગ્ન પછી, તે આવી વસ્તુઓમાં વ્યસ્ત રહેતી. તે મનોરોગી પ્રકારની લાગે છે. તે બહુ શિક્ષિત નથી, એમ એસપીએ કહ્યું. બધા કિસ્સાઓમાં, મહિલા પીડિતોને પાણી ભરેલા ટબ અથવા ટાંકીમાં ડૂબાડી દેતી જેથી તેમને આકસ્મિક મૃત્યુ તરીકે બતાવી શકાય. સૂત્રો અનુસાર, પૂનમે પોલીસને જણાવ્યું હતું કે ૨૦૨૩માં, તેણે સોનીપતના ભવાર ગામમાં તેની ભાભીની નવ વર્ષની પુત્રીને ઘરની પાણીની ટાંકીમાં ડૂબાડી દીધી હતી. તેના પરિવારને તેના પર શંકા જશે તે ડરથી, તેણે તેના જ ૩ વર્ષના પુત્ર શુભમની પણ હત્યા કરી હતી. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી-ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| बिक्री | વચ્ચે |
| बिख | વિના |
| बिगर | ઝેર |
| बिच | વીંછી |
| बिच्छू | વેચાણ |

### ઓળખાણ પડી?

ઝીનત અમાન, નીતુ સિંહ, વિજય અરોરા સાથેની ધર્મેન્દ્રજીની ૧૯૭૦ના દાયકાની સુપરહિટ સંગીત પ્રધાન ફિલ્મની ઓળખાણ પડી?

અ) જુગનુ
બ) દોસ્ત
ક) પોકેટમાર
ડ) યાદોં કી બારાત



### ગુજરાત મોરી મોરી રે

૨૦૧૫માં છેલ્લો દિવસથી ગુજરાતી ફિલ્મોમાં પદાર્પણ કરી '૫૩મું પાનું', 'નવા પપ્પા' અને 'ત્રણ એક્કા' ફિલ્મમાં કામ કરનારી અભિનેત્રી કોણ?

અ) પૂજા જોશી બ) જાનકી બોડીવાલા
ક) એશા કંસારા ડ) કિંજલ રાજપ્રિયા

### જાણવા જેવું

ધરમજીની કારકિર્દીમાં એવી ફિલ્મોની સંખ્યા ખાસ્સી વધારે છે જે એમણે સાઈન કર્યા પછી શરૂ જ ન થઈ હોય અથવા થોડું શૂટિંગ થયા પછી પડતી મૂકવામાં આવી હોય. ૨૦૧૨માં શૂજીત સરકાર દિગ્દર્શિત કરવાના હતા એ 'સેકન્ડ ટાઈમ લકી' પડતી મુકવામાં આવી હતી. ફિલ્મમાં સાથી કલાકારો હતા ગોવિંદા, શબાના આઝમી, અમરીશ પુરી, ગુલશન ગ્રોવર વગેરે.

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

૩૦૦થી વધુ ફિલ્મોમાં કામ કરનારા ધરમજીએ કઈ હિરોઈન સાથે સૌથી વધુ ફિલ્મો કરી એ વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) વૈજયંતી માલા બ) મુમતાઝ ક) આશા પારેખ ડ) હેમા માલિની

### નોંધી રાખો

ભોજનની સાથે ભૂખ હોય, પથારીની સાથે ઊંઘ હોય અને ધનની સાથે ધર્મ હોય એ દુનિયાની સૌથી સુખી વ્યક્તિ કહેવાય.

### માઈન્ડ ગેમ

રોમેન્ટિક, કોમેડી અને એક્શન ફિલ્મોમાં અભિનય કરનારા ધરમજીએ કઈ ફિલ્મમાં ડબલ રોલ કર્યો હતો એ જણાવો.

અ) યકીન બ) ફૂલ ઔર પત્થર
ક) શિકાર ડ) મેરે હમદમ મેરે દોસ્ત

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ તા | ત્કા | ૨ લિ | ૩ ક | ■ | ૪ જ | હાં | ૫ પ | ૬ ના | ૭ હ |
| ડ | ■ | ૮ હા | ડ | ૯ મા | રી | ■ | ૧૦ રા | જ | સી |
| ૧૧ ગો | ર | જ | ■ | ૧૨ હિ | ક | ૧૩ મ | ત | ■ | ન |
| ળો | ■ | ■ | ૧૪ અ | તી | ■ | જા | ■ | ૧૫ ના | ■ |
| ■ | ૧૬ શા | દી | ■ | ■ | ૧૭ ફો | ક | ■ | ૧૮ વિ | શ્વ |
| ૧૯ અ | શ્વ | ■ | ૨૦ સ | ખી | ■ | ■ | ૨૧ પ | ક | ■ |
| ■ | ત | ■ | વા | ■ | ૨૨ ડો | ળ | ■ | ■ | ૨૩ અ |
| ૨૪ ઉ | ■ | ૨૫ આ | લ | ૨૬ બે | લ | ■ | ૨૭ પા | ર | ધી |
| ૨૮ મં | ૨૯ ગ | લ | ■ | ૩૦ હા | ર | ૩૧ દો | ર | ■ | કા |
| ૩૨ ગ | ડ | મ | થ | લ | ■ | ૩૩ ત | કે | દા | રી |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ■ |
| ૬ | | | ■ | | ■ | | ■ | ૭ | ૮ |
| ■ | | ■ | ૯ | | ૧૦ | | ■ | ■ | |
| ૧૧ | | | ■ | ૧૨ | | | ■ | ૧૩ | |
| | ■ | ■ | ૧૪ | | ■ | ■ | ૧૫ | | ■ |
| ■ | ૧૬ | | ■ | ■ | ૧૭ | | ■ | ■ | ૧૮ |
| ૧૯ | | ■ | ૨૦ | ૨૧ | | ■ | ૨૨ | ૨૩ | |
| | ■ | ■ | ૨૪ | | | | ■ | | ■ |
| ૨૫ | ૨૬ | ■ | | ■ | | ■ | ૨૭ | | |
| ■ | ૨૮ | | | ■ | ૨૯ | | | | ■ |

**આડી ચાવી**

૧. સ્વમાન (૪)
૪. --- વહાણ ચાલે (૩)
૬. બેબાકળું, ગભરાયેલું (૩)
૭. ત્રાજવું (૨)
૯. આદર સત્કાર, સેવાચાકરી (૪)
૧૧. વૈદ, હકીમ (૩)
૧૨. ફક્ત, માત્ર (૩)
૧૩. વાચા, બોલી (૨)
૧૪. શોક, દિલગીરી (૨)
૧૫. ખિસ્સા ---ને ભભકા ભારી (૨)
૧૬. ફરિયાદ (૨)
૧૭. ખરાબ, અશુભ (૨)
૧૯. લેણાદેણીનું લખાણ (૨)
૨૦. જીવ વિનાનું (૩)
૨૨. ચર્ચા, મતભેદ (૩)
૨૪. એક નાનકડું ફળ (૪)
૨૫. ઔષધ (૨)
૨૭. દુઃખ, આફત (૩)
૨૮. અદબ, વિવેક (૩)
૨૯. જબરદસ્તી, બળજબરી (૪)

**ઊભી ચાવી**

૧. સ્વાશ્રયી (૪)
૨. બીકણ, ડરપોક (૨)
૩. નજર આગળથી ખસે નહીં તેટલા પૂરતી કેદ (૫)
૪. ડરામણું, ભયાનક (૪)
૫. પુલ (૨)
૮. મહારાષ્ટ્રનો એક નૃત્યુનો પ્રકાર (૩)
૧૦. જન્મારો (૨)
૧૧. કાંઠો, કિનારો (૨)
૧૩. પાલક, મુરબ્બી (૨)
૧૬. લાલ (૨)
૧૭. અદબ, વિવેક (૫)
૧૮. તફાવત, જુદાપણું (૨)
૧૯. પતિ, ધણી (૩)
૨૦. કદર વિનાનું (૪)
૨૧. જુવાર (૨)
૨૩. મહારાષ્ટ્રનો એક ભક્તિ સંપ્રદાય (૪)
૨૬. ઊલટું, પ્રતિકુળ (૨)
૨૭. સોબતી (૨)

### સુડોકુ-૯૧૬૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૬ | | ૯ | | ૨ | | ૮ | ૩ |
| | ૨ | ૩ | ૮ | | ૪ | ૭ | ૬ | |
| | | | | ૬ | | | | |
| ૨ | ૯ | | | | | | ૩ | ૭ |
| | | ૪ | | | ૨ | | | |
| ૧ | ૮ | | | | | | ૪ | ૯ |
| | | | | ૭ | | | | |
| | ૫ | ૯ | ૩ | | ૬ | ૪ | ૭ | |
| ૭ | ૩ | | ૪ | | ૯ | | ૫ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૬ | ૨ | ૮ | ૪ | ૫ | ૩ | ૧ |
| ૩ | ૧ | ૪ | ૭ | ૫ | ૯ | ૬ | ૨ | ૮ |
| ૮ | ૨ | ૫ | ૧ | ૬ | ૩ | ૯ | ૭ | ૪ |
| ૬ | ૮ | ૯ | ૩ | ૧ | ૭ | ૨ | ૪ | ૫ |
| ૫ | ૩ | ૭ | ૬ | ૪ | ૨ | ૧ | ૮ | ૯ |
| ૧ | ૪ | ૨ | ૮ | ૯ | ૫ | ૩ | ૬ | ૭ |
| ૭ | ૫ | ૧ | ૪ | ૨ | ૬ | ૮ | ૯ | ૩ |
| ૪ | ૬ | ૮ | ૯ | ૩ | ૧ | ૭ | ૫ | ૨ |
| ૨ | ૯ | ૩ | ૫ | ૭ | ૮ | ૪ | ૧ | ૬ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| बाखुदा | પુણ્યાત્મા |
| बाँका | છેલબટાઉ |
| बाँगडू | બેવકૂફ |
| बाँझ | વાંઝણી |
| बाँह | બાંય |

ઓળખાણ પડી? — કિમી કાટકર
માઈન્ડ ગેમ — ગુલશન બાવરા
ગુજરાત મોરી મોરી રે — ગોળકેરી
ચતુર આપો જવાબ માથું ખંજવાળો — બંડલબાજ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) શ્રદ્ધા આશર (૮) ખુશરૂ કાપડિયા (૯) હર્ષ મહેતા (૧૦) પુષ્પા પટેલ (૧૧) વિપીન શાહ (૧૨) નૂતન વિપીન શાહ (૧૩) મહેશ સંઘવી (૧૪) મીનળ કાપડિયા (૧૫) લજીતા ખોના (૧૬) ભરત કજરીયા (૧૭) કિરીટી છેડા (૧૮) મહેશ સંઘવી (૧૯) મહેન્દ્ર લોઢાવિયા (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) ભાવના કર્વે (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) કમલ માતલીયા (૨૫) અંજુ ટોલિયા (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) વીણા સંપટ (૨૮) ડાયના સંતોકે (૨૯) અલકા વાણી (૩૦) નિતીન બજરીયા (૩૧) વિજય આસર (૩૨) પુષ્પા ખોના (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) ડો. પ્રકાશ કટકિયા (૩૭) ભામિની સંપટ (૩૮) પ્રતિમા પમાણી (૩૯) ધીરેન્દ્ર મુલરાજ (૪૦) ગીતા ઉદેશી (૪૧) મહેશ દોશી (૪૨) ગરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૪) અરવિંદ કામદાર (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ઈનાક્ષી દલાલ (૪૭) હીના દલાલ (૪૮) રમેશ દલાલ (૪૯) તાહેર આરંગાબાદવાલા (૫૦) શીરીન ઔરંગાબાદવાલા (૫૧) જાગૃતી નિતીન બજરીયા (૫૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૫૩) ચેતના છેડા (૫૪) હિંમત ખોલીયા (૫૫) પ્રિતી ખત્રી (૫૬) વેદાશી ખત્રી (તાઈપી તાઈવાન) (૫૭) હિતેષભાઈ ખત્રી (૫૮) હીરા મિલન પરમાર (હેનોઈ, વિયેતનામ) (૫૯) પ્રવીણ વોરા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) પાડોસન - સાઇરા બાનુ, ૨) ભાભી - ગોવિંદા જુહી ચાવલા, ૩) અન્નદાતા - અનિલ ધવન, ૪) શોર - મનોજ કુમાર, જયા ભાદુરી, ૫) અનારી - નૂતન, ૬) પલકો કી છાઉં મેં - રાજેશ ખન્ના, હેમા માલિની, ૭) આસ કા પંછી - રાજેન્દ્ર કુમાર

ક્વિઝ (બ) ૧) લવ સ્ટોરી ૨૦૫૦, ૨) ૧૯૪૨ એ લવ સ્ટોરી, ૩) ૧૯૭૧, ૪) લવ ૮૬, ૫) ૧૯૪૭ અર્થ, ૬) ૧૯૨૦ લંડન, ૭) મિસ્ટર એન્ડ મિસિસ ૫૫

# ચાર દિવસની પીછેહઠ પછી શૅરબજારમાં તેજી; સેન્સેક્સે ૩૮૦ પોઇન્ટ ઊછળીને અંતે ૧૫૮ પોઈન્ટનો સુધારો નોંધાવ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિદેશી સંસ્થાકીય રોકાણકારોના એકધારા બાહ્યપ્રવાહ સાથે ઇન્વેસ્ટર્સના પ્રોફિટ બુકિંગ વચ્ચે ખાસ કરીને બેન્કિંગ શેરોની આગેવાનીએ વેચવાલીનું દબાણ વધવાને કારણે બુધવારે શેરબજારના બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી સત્ર દરમિયાન સાંકડી વધઘટે અથડાઇને અંતે નેગેટીવ ઝોનમાં સરકી ગયા હતા. ફોરેક્સ માર્કેટમાં રૂપિયો સતત નબળો પડી રહ્યો હોવાથી પણ બજારમાં સાવચેતીનું માનસ હતું. ડોલર સામે રૂપિયો ૯૦ની સપાટી બુધવારે વટાવી ગયો છે.

સેન્સેક્સ ૧૫૮.૫૧ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકા વધીને ૮૫,૨૬૫.૩૨ પર સ્થિર થયા પહેલા, દિવસ દરમિયાન ૩૮૦.૪ પોઈન્ટ અથવા ૦.૪૪ ટકા વધીને ૮૫,૪૮૭.૨૧ની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૪૭.૭૫ પોઈન્ટ અથવા ૦.૧૮ ટકા વધીને ૨૬,૦૩૩.૭૫ પર બંધ થયો હતો. બુધવાર સુધી સતત ચાર સત્રોમાં સેન્સેક્સ ૬૧૩ પોઈન્ટ અથવા ૦.૭૨ ટકા ઘટી ગયો હતો, જ્યારે નિફ્ટી લગભગ ૨૩૦ પોઈન્ટ અથવા ૦.૮ ટકા ઘટ્યો હતો.

સેન્સેક્સના શેરોમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, એચસીએલ ટેક, ભારતી એરટેલ, સન ફાર્મા, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને ટ્રેન્ટ મુખ્ય વધનારા શેરમાં સામેલ હતા, જ્યારે, મારુતિ, ઇટર્નલ, કોટક મહિન્દ્રા બેંક અને ટાઇટન ટોપ લુઝર શેરોમાં સામેલ હતા.

પ્રાઇમરી માર્કેટમાં ડાયાલિસિસ સર્વિસ પ્રોવાઇડર નેફ્રોકેર હેલ્થ સર્વિસિસનો રૂ. ૮૭૧.૦૫ કરોડના બુક બિલ્ડ આઇપીઓ ૧૦ ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ ડિસેમ્બરના રોજ બંધ થશે. શેર ફાળવણીને ૧૫ ડિસેમ્બરના રોજ અંતિમ સ્વરૂપ અપાશે અને બીએસઇ તથા એનએસઇ પર લિસ્ટિંગ ૧૭ ડિસેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૪૩૮થી રૂ. ૪૬૦ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઈઝ ૩૨ શેરની છે.

કોરોના રેમેડીઝનો રૂ.૬૫૫.૩૭ કરોડનો બુક બિલ્ડ આઇપીઓ આઠમી ડિસેમ્બરના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૦ ડિસેમ્બરના રોજ બંધ થશે. ફ્લાયવિંગ્સ સિમ્યુલેટર પાંચમી ડિસેમ્બરના રોજ પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. વેકફિટ ઇનોવેશન્સ લિમિટેડ રૂ. ૧૨૮૯ કરોડના આઇપીઓ સાથે આઠમી ડિસેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. મીશો લિમિટેડનો આઇપીઓ બીજા દિવસે લગભગ આઠગણો ભરાઇ ગયો હતો અને રિટેલ પોર્શન લગભગ નવ ગણો ભરાયો હતો. અને એક્વસ લિમિટેડનો આઇપીઓ ગુરુવારે બીજા દિવસે ૧૧.૧૦ ગણો ભરાઇ ગયો છે. વિદ્યા વાયર્સ લિમિટેડનો આઇપીઓ પણ પહેલા જ દિવસે બુધવારે કલાકોની ગણતરીમાં સંપૂર્ણ ભરાઇ ગયા હતા. ઇન્ડિયન ગેસ એક્સચેન્જના બૉર્ડે આઇપીઓ માટે મંજૂરી આપી છે. શેરબજારમાં ગુરુવારે કામકાજનો પ્રારંભ નીચા મથાળે થયો હતો પરંતુ થોડા સમયમાં બજાર ઘટાડો પચાવીને ઊંચા મથાળે પહોંચ્યું હતું. જોકે, એફઆઇઆઇની ભારે વેચવાલી ચાલુ રહેવા સાથે રૂપિયાના વિક્રમી નીચા ભાવને કારણે તેજી મર્યાદિત રહી હતી. વૈશ્વિક સંકેતો મિશ્ર વલણો દર્શાવતા હોવા છતાં વ્યાપક બજારો હકારાત્મક રહ્યા હતા.




સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ટાટા કન્સલ્ટન્સી ૧.૫૪%, ટેક મહિન્દ્ર ૧.૨૮%, ઈન્ફોસિસ ૧.૨૪%, એચસીએલ ટેકનોલોજી ૦.૮૯%, ભારતી એરટેલ ૦.૮૩%, સન ફાર્મા ૦.૭૧%, બીઈએલ ૦.૬૮%, ટ્રેન્ટ ૦.૬૩%, આઈટીસી ૦.૬૨%, બજાજ ફાઈનાન્સ ૦.૬૧%, અને મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૫૭% વધ્યા હતા, જ્યારે મારુતિ ૦.૭૧%, ઈટર્નલ ૦.૬૯%, કોટક બેન્ક ૦.૫૩%, ટાઈટન ૦.૪૪%, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૩૫%, સ્ટેટ બેન્ક૦.૩૫%, એચડીએફસી બેન્ક ૦.૩૨ ટકા અને ટાટા સ્ટીલ ૦.૦૮% ઘટ્યા હતા.

નિફ્ટી ક્ષેત્રીય ઇન્ડેક્સમાં સવારના સત્રમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં મીડિયા અને ફાર્મા શેરો નેગેટીવ ઝોનમાં ગબડ્યા હતા. તેનાથી વિપરીત, નિફ્ટી આઇટી ઇન્ડેક્સમાં ઉછાળો જોવા મળ્યો હતો, જેમાં તમામ ઘટકો ગ્રીન જોનમાં આગળ વધ્યા હતા. મેટલ, રિયલ્ટી, ઓટો અને નાણાકીય શેરો પણ ઊંચા બંધ થયા હતા, જેના કારણે વ્યાપક બજારના સાધારણ વધારાને ટેકો મળ્યો હતો.

આરબીઆઇ નીતિ પહેલા મિશ્ર વૈશ્વિક સંકેત અને સાવચેતી વચ્ચે સ્થાનિક બજારો સપાટ બંધ થયા હતા. પ્રારંભિક મૂલ્ય-આધારિત લાભો રેકોર્ડ-નીચા રૂપિયા અને સતત એફઆઇઆઇ આઉટફ્લો દ્વારા નિયંત્રિત હતા. જોકે, ડીઆઇઆઇ દ્વારા દર ઘટાડાની ઓછી અપેક્ષાઓએ ચલણમાં હળવા સુધારાને ટેકો આપ્યો હતો, જેનાથી સૂચકાંકો બંધ થવા તરફ સ્થિર થવામાં મદદ મળી હોવાનું રિસર્ચ એનાલિસ્ટે જણાવ્યું હતું.

મિડકેપ્સ અને સ્મોલકેપ્સમાં સુસ્ત વલણ રહેતા વ્યાપક બજારો મંદ રહ્યા હતા. મિડકેપ્સ અને સ્મોલકેપ્સમાં સુસ્ત વલણ રહેતા વ્યાપક બજારો મંદ રહ્યા હતા. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ બુધવારે રૂ. ૩,૨૦૬.૯૨ કરોડના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૪,૭૩૦.૪૧ કરોડના શેર ખરીદ્યા હતા. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચો રહ્યો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ સકારાત્મક ક્ષેત્રમાં બંધ થયો હતો. યુરોપમાં ઇક્વિટી બજારો ઊંચા ટ્રેડિંગમાં હતા. બુધવારે યુએસ બજારો ઊંચા ટ્રેડિંગમાં બંધ થયા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૩૮ ટકા વધીને ૬૨.૯૧ ડોલર પર પહોંચ્યો હતો. સ્થિર વિદેશી આઉટફ્લો વચ્ચે રૂપિયો નવા ઓલટાઇમ નીચા સ્તરે પહોંચ્યો હતો, જોકે પાછળથી તે રિકવર થઇ ૧૯ પૈસાના સુધારા સાથે ડોલરદીઠ ૮૯.૯૬ બોલાયો હતો. બુધવારે, સેન્સેક્સ ૩૧.૪૬ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકા ઘટીને ૮૫,૧૦૬.૮૧ પર બંધ થયો. નિફ્ટી ૪૬.૨૦ પોઈન્ટ અથવા ૦.૧૮ ટકા ઘટીને ૨૫,૯૮૬ પર બંધ થયો.

વિદેશી ફંડોએ નવેમ્બરમાં ભારતીય ઇક્વિટી બજારમાંથી રૂ. ૩,૭૬૫ કરોડ પાછા ખેંચી લીધા છે. ઓક્ટોબરમાં રૂ. ૧૪,૬૧૦ કરોડના ચોખ્ખા આંતર પ્રવાહ પછી નવેમ્બરમાં આ ઘટાડો થયો છે. વિદેશી ફંડોએ સપ્ટેમ્બરમાં રૂ. ૨૩,૮૮૫ કરોડ, ઓગસ્ટમાં રૂ. ૩૪,૯૯૦ કરોડ અને જુલાઈમાં રૂ.૧૭,૭૦૦ કરોડની ચોખ્ખી વેચવાલી નોંધાવી હતી. ૨૦૨૫માં અત્યાર સુધીમાં, એફઆઇઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૧.૪૩ લાખ કરોડથી વધુ નાણાં ઉપાડી લીધા છે. દરમિયાન, ડેટ માર્કેટમાં, એફઆઇઆઇએ સામાન્ય મર્યાદા હેઠળ રૂ. ૮,૧૧૪ કરોડનું રોકાણ કર્યું હતું જ્યારે તે જ સમયગાળા દરમિયાન સ્વૈચ્છિક રીટેન્શન રૂટ દ્વારા રૂ. ૫,૦૫૩ કરોડ ઉપાડ્યા હતા.

## ડૉલરમાં નબળાઈ અને સંભવિત રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપે રૂપિયામાં ૨૬ પૈસાનું બાઉન્સબૅક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાના ગઈકાલે જાહેર થયેલા રોજગારીના ડેટા બજારની અપેક્ષા કરતાં નબળા આવ્યાના અહેવાલો સાથે આજે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ અને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ રૂપિયાના ધોવાણને ખાળવા માટે કરેલા બજારમાં હસ્તક્ષેપના નિર્દેશો સાથે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલની ઐતિહાસિક નીચી સપાટીના બંધ સામે ૨૬ પૈસાના બાઉન્સબૅક સાથે ફરી ૯૦ની સપાટીની અંદર ઊતરીને ૮૯.૮૯ના મથાળે બંધ રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૧૫ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૦.૩૬ના મથાળે ખૂલ્યા બાદ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં વધારો અને વિલંબિત થઈ રહેલી અમેરિકા-ભારતની ટ્રેડ ડીલ જેવાં કારણોસર વધુ ૯૦.૪૩ સુધી ગબડ્યા બાદ સંભવિતપણે રિઝર્વ બૅન્કનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં સત્ર દરમિયાન ઉપરમાં ૮૯.૮૮ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૬ પૈસાના સુધારા સાથે ૮૯.૮૯ના મથાળે બંધ રહ્યો હતો. ગઈકાલે ચીફ ઈકોનોમિક એડ્વાઈઝર વી અનંથા નાગેશ્વરને જણાવ્યું હતું કે ગબડતા રૂપિયાને કારણે ફુગાવા અને નિકાસ પર માઠી અસર નથી પડતી. નબળા રૂપિયાથી આયાત મોંઘી થાય છે. આથી આયાત નિર્ભર હોય તેવા જેમ્સ અને જ્વેલરી, પેટ્રોલિયમ અને ઈલેક્ટ્રોનિક્સ જેવાં ક્ષેત્રો છે જેને આયાત પડતર વધવાથી ઓછો લાભ મળે છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે વધુ ૦.૦૧ ટકા ઘટીને ૯૮.૮૪ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૨૨ ટકા વધીને બેરલદીઠ ૬૨.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હતો. જોકે, મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું કે હાલમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ અને ક્રૂડતેલના વાયદામાં વધતા ભાવ રૂપિયાને દબાણ હેઠળ રાખે તેમ જણાય છે. તેમ છતાં ડૉલર ઈન્ડેક્સની નરમાઈ ગબડતાં રૂપિયાને અમુક અંશે ટેકો આપશે. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૫૮.૫૧ પૉઈન્ટનો અને ૪૭.૭૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાનો કરંટ આવતા સોનાચાંદીમાં નરમાઈ સ્થાનિકમાં ચાંદી ₹ ૧૫૬૫ તૂટી અને સોનામાં ₹ ૩૬૯નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકામાં ગઈકાલે જાહેર થયેલા નવેમ્બરનાં ખાનગી રોજગારીના ડેટામાં અઢી વર્ષ કરતાં વધુ સમયગાળાનો ઘટાડો નોંધાયાના નિર્દેશો પશ્ચાત્ વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં સુધારાનો કરંટ આવ્યાના નિર્દેશો સાથે રોકાણકારોની સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગમાં ઘટાડો થતાં આજે લંડન ખાતે સત્રના આરંભે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું. જોકે, આવતીકાલે મોડી સાંજે અમેરિકાના બેરોજગારીના ડેટાની જાહેરાત પર રોકાણકારોની નજર હોવાથી અમુક અંશે બજારમાં સાવચેતીનું વલણ પણ જોવા મળ્યું હતું. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૬૮થી ૩૬૯નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૫૬૫નો ઘટાડો આવ્યો હતો.

આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૫૬૫ના ઘટાડા સાથે રૂ. ૧,૭૬,૬૨૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ



નરમાઈતરફી વલણ રહ્યું હતું. તેમ જ છૂટીછવાઈ વેચવાલી જોવા મળી હતી. તેમ છતાં તાજેતરમાં ડૉલર સામે રૂપિયામાં નોંધપાત્ર ધોવાણ થયું હોવાથી આયાત પડતરો વધવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહેતા વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૬૮ ઘટીને રૂ. ૧,૨૭,૩૩૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૬૯ ઘટીને રૂ. ૧,૨૭,૮૪૫ના મથાળે રહ્યા હતા. જોકે, જ્વેલરી ઉત્પાદકો તેમ જ રિટેલ સ્તરની અપેક્ષિત લગ્નસરાની માગનો વસવસો રહ્યો હતો. ગત નવેમ્બર મહિનામાં અમેરિકામાં ખાનગી રોજગારીમાં ૩૨,૦૦૦નો ઘટાડો થયો હતો, જે અઢી વર્ષના સમયગાળાનો મોટો ઘટાડો રહ્યો હતો, જે રોજગાર ક્ષેત્રની નરમાઈ દર્શાવી રહી હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બનતાં ગઈકાલે અમેરિકી ઈક્વિટી માર્કેટમાં અને આજે યુરોપની ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાચાંદીમાં સલામતી માટેની માગ નબળી પડતાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૯૯.૦૬ ડૉલર અને ફેબ્રુઆરી વાયદામાં ભાવ ૦.૧ ટકા ઘટીને ૪૨૨૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૭ ટકા ગબડીને ઔંસદીઠ ૫૭.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આવતીકાલે અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટાની જાહેરાત અને ઈક્વિટી માર્કેટના સુધારાને કારણે રોકાણકારો સોનામાં નવી લેવાલીથી દૂર રહ્યા હોવાથી સુધારો અટક્યો હોવાનું એક્ટિવ ટ્રેડર્સના વિશ્લેષક રિકાર્ડો ઈવાંન્જેલિસ્ટાએ જણાવ્યું હતું. જોકે, બજારમાં મુખ્યત્વે ચાંદીમાં પ્રવાહિતાની ચિંતા અને પુરવઠાખેંચની સ્થિતિ વચ્ચે આ વર્ષમાં અત્યાર સુધીમાં ભાવમાં ૧૦૧ ટકાનો ઉછાળો આવ્યો હોવાનું ઓએએનડીએના વિશ્લેષક ઝેઈન વાવદાએ જણાવ્યું હતું કે ભવિષ્યમાં ચાંદીમાં એઆઈ અને ડેટા સેન્ટર સહિતની ઔદ્યોગિક માગમાં વધારો થવાથી વર્ષ ૨૦૨૬માં માગ અને પુરવઠા વચ્ચેનો ખાંચરો વધવાથી ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા પ્રબળ છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આગામી ૯-૧૦ ડિસેમ્બરની અમેરિકી ફેડરલ રિઝર્વની બેઠક પૂર્વે આવતીકાલે અમેરિકાના રોજગારી અને ફુગાવાનાં જાહેર થનારા ડેટા મહત્ત્વની ભૂમિકા ભજવે તેમ હોવાથી રોકાણકારોની મીટ આ ડેટા પર મંડાયેલી છે. જોકે, આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો રેટકટની ૮૯ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે.

## કોપરમાં ઊંચા ટૅરિફને કારણે પુરવઠાખેંચની ભીતિ વિશ્વ બજાર પાછળ કોપરની આગેવાનીમાં ધાતુમાં ઉછાળા



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે કોપર સહિતની ધાતુઓનાં થતાં શિપમેન્ટમાં અમેરિકા ખાતેનાં શિપમેન્ટનું પ્રમાણ વધુ હોય છે અને અમેરિકાની ટૅરિફની ચિંતા વચ્ચે વૈશ્વિક કોપરમાં પુરવઠાખેંચની ચિંતા સપાટી પર આવતાં ગઈકાલે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપરનાં ભાવ આગલા બંધ સામે ૨.૪ ટકાની તેજી સાથે ટનદીઠ ૧૧,૪૧૧.૫૦ ડૉલર આસપાસ રહ્યા હતા. જોકે, સત્ર દરમિયાન એક તબક્કે ભાવ વધીને ૧૧,૪૮૫ ડૉલર સુધી પહોંચ્યાના તેમ જ આ વર્ષમાં અત્યાર સુધીમાં ૩૦ ટકા ભાવ વધી આવ્યાના અહેવાલો હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ સુધારાતરફી વલણ રહ્યું હતું.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એલ્યુમિનિયમ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં તેજીનું વલણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. પાંચથી ૬૫ સુધીના ઉછાળા જોવા મળ્યાં હતાં.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની વધુ ભાવવધારાની ભીતિ હેઠળ માગ પ્રબળ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૬૫ વધીને રૂ. ૩૭૩૫, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૨૭ વધીને રૂ. ૧૧૨૨, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૯૯૦, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૨૧ વધીને રૂ. ૯૯૯, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૯૦૩, કોપર કેબલ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૧૦૧૨ અને રૂ. ૭૦૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૬૨૩ અને નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૩૫૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં કામકાજો પાંખાં રહ્યા હોવાથી ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧૪, રૂ. ૨૮૩, રૂ. ૩૨૦ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હતા.

### વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને નિરસ કામકાજે દેશી-આયાતી તેલમાં નરમાઈ

## મથકો પાછળ સિંગતેલમાં ₹ ૪૦નો કડાકો



મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૦૦ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૪૭ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને ભાવમાં વધુ ઘટાડાના આશાવાદ વચ્ચે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૫ અને સોયા રિફાઈન્ડ તથા સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૧૦૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૭૫ ઘટી આવ્યાના અહેવાલે સ્થાનિકમાં સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૪૦નો અને કપાસિયા રિફાઈન્ડ તથા સરસવમાં અનુક્રમે રૂ. ૨૦ અને રૂ. ૧૦ ઘટી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૦૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૩૬ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૬ તથા ગોકુલ એગ્રોના જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૭૦, રૂ. ૧૨૭૫ અને રૂ. ૧૨૮૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર નિરસ રહ્યા હતા અને માત્ર છૂટાછવાયા રવાનગીના કામકાજ થયા હતા.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૩૫,૦૦૦ ગૂણી અને ગઈકાલની શેષ ૬૦,૦૦૦ ગૂણી મળી કુલ ૯૫,૦૦૦ ગૂણીની આવક અને રાજકોટ મથકે ગઈકાલની શેષ ૬૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૫૦માં થયા હતા.

દરમિયાન હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૫૦૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૦૦ ઘટીને રૂ. ૨૩૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૭૫ ઘટીને રૂ. ૧૪૩૫માં થયાના અહેવાલ હતા.

## પાંખાં કામકાજે સ્મોલ ગ્રેડની ખાંડમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં મહારાષ્ટ્રની સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૬૦થી ૩૭૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ પાંખી રહેતાં હાજરમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ની પીછેહઠ જોવા મળી હતી, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં કામકાજો છૂટાછવાયાં રહ્યાં હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૮૨થી ૩૯૭૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં એકંદર માગ જળવાઈ રહેતાં તેના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૭૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૩૦થી ૩૯૨૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.





**ચક દે :** પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાયની અધ્યક્ષતામાં ગુજરાત માટે ગૌરવ સમાન ૭૪મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬નો રંગારંગ શુભારંભ કાર્યક્રમ યોજાયો હતો. રાજકોટના રેસકોર્સ સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે વિભિન્ન પ્રાંતમાંથી આવેલા પોલીસ જવાનો અને સુરક્ષા દળોના ખેલાડીઓની માર્ચ પાસ્ટ, પોલીસ બેન્ડની સુરાવલી, અને ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો વચ્ચે આજથી તા. ૧૪ ડિસેમ્બર સુધી ૫૬ જેટલી મેચ રાજકોટ ખાતે યોજાશે. (પ્રવિણ સેદાની)

# અંજારમાં ટ્રક અને મિની ટેમ્પો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ત્રણનાં મોત, આઠને ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગત બુધવારે વહેલી સવારે અંજારના વરસાણા અને ભચાઉના નંદગામ નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ટ્રક અને મિની ટેમ્પો વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં સારવાર હેઠળ રહેલા ત્રણ પૈકી એક શ્રમિકનું મોત નીપજતાં આ દુર્ઘટનામાં કુલ મૃત્યુઆંક ત્રણ પર પહોંચ્યો છે. હજુ પણ આઠ શ્રમિકો સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે જેમાં બેની હાલત ગંભીર બતાવાઈ રહી છે.

આ અંગે પી.એસ.આઇ. ડી.ઝેડ.ઝાલાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ભચાઉ તાલુકાના ચીરઇ નજીક આવેલી કંપનીમાં કોન્ટ્રાક્ટ પર મજૂરી કામ કરતા ૧૧ જેટલા શ્રમિકો રાતપાળી કરીને સવારે પડાણા ખાતે આવેલી તેમની વસાહત પર પહોંચવા માટે મિની ટેમ્પોમાં બેઠા હતા. આ વાહન નંદગામ અને વરસાણા ખાતેના ઓવરબ્રિજ પાસે પહોંચ્યું હતું, તેવામાં પાછળથી પાઇપ ભરીને આવી રહેલી ટ્રકે આ મિની ટેમ્પોને પાછળથી ટક્કર મારી દેતાં અંદર બેઠેલા શ્રમિકો રસ્તા પર ફંગોળાયા હતા, જેમાં નીચે પટકાયેલા મૂળ ઝારખંડના નિર્મલ અમર બાવરી (ઉં.વ.૨૦), રમેશ કિરણ ડોમ (ઉં.વ.૩૪)ના માથા પરથી તોતિંગ વાહનના પૈડાં ફરી વળતા બંનેના તત્કાળ મોત નીપજ્યાં હતા જ્યારે પશ્ચિમ બંગાળના લક્ષ્મણ સંતોષ બાબરી (ઉં.વ.૪૮)નું સારવાર દરમ્યાન મોત થયું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં અન્ય આઠ મજૂરોને પણ ઇજાઓ પહોંચી હતી જે પૈકી બે શ્રમિકની હાલત તબીબો ગંભીર જણાવી રહ્યા છે.

ટ્રકચાલક વિરુદ્ધ ગુનો દર્જ કરવા સહિતની કાર્યવાહી ચાલુમાં હોવાનું તપાસકર્તા ડી.ઝેડ.ઝાલાએ ઉમેર્યું હતું. ■

# રાપરની બે પિતરાઈ બહેનોના ખાડામાં ડૂબી જતાં મોત

અમદાવાદઃ કચ્છના રાપર તાલુકાના જાટાવાડા પાસે ખોદવામાં આવેલા પાણી ભરેલા ખાડામાં ૩૬ કલાક અગાઉ ગરક થઇ ગયેલી દયા નાગજી કોળી (ઉં.વ.૧૨) અને આરતી રાણા કોળી (ઉં.વ.૧૩) નામની બાળકીઓના રેસ્ક્યુ ઓપરેશનના અંતે મૃતદેહ મળી આવતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ, જાટાવાડાની જીલારવાંઢમાં રહેનારા પારકરા કોળી પરિવારની પિતરાઈ બહેનો ગામ નજીક વરસાદી પાણીથી ભરેલા ખાડામાંથી પાણી ભરવા માટે ઘરેથી નીકળી હતી. ઘણા સમય સુધી બંને પરત ન આવતા પરિવારજનો અને ગ્રામજનોએ બંનેની વ્યાપક શોધખોળ હાથ ધરી હતી. લાપતા બાળકીઓની ભાળ ન મળતાં રાપર અને ભચાઉ પાલિકાના અગ્નિશમન દળને જાણ કરતા આ બંને ટુકડીઓ જાટાવાડા ખાતે દોડી આવી હતી. પાણી ભરેલા ખાડાની ઊંડાઈ વધારે હોવાથી હિટાચી મશીનની મદદ વડે હાઈ ડેફિનેશન કેમેરાથી સજ્જ બોટને બાળકીઓને શોધવા માટે પાણીમાં ઉતારવામાં આવી હતી. ■

# પોલીસ મથકના પ્રાંગણમાં કિન્નરોએ સામૂહિક રીતે ફિનાઇલ ગટગટાવી લેતાં પોલીસ બેડામાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છના આદિપુર શહેરના પોલીસ મથકના પ્રાંગણમાં અચાનક ધસી આવેલા પાંચ-સાત જેટલા કિન્નરોએ સામૂહિક રીતે પીવાના પાણીમાં ફિનાઇલ ભેળવીને પી લેતાં દોડતા થયેલા પોલીસ કર્મીઓ દ્વારા કિન્નરોને સારવાર અર્થે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ ચોંકાવનારા બનાવ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, અંજાર અને ગાંધીધામ વચ્ચે આવેલાં આદિપુર શહેરમાં થોડા સમય અગાઉ ભીક્ષાવૃત્તિ મુદ્દે કેટલાક કિન્નરોએ મારામારી, લૂંટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાવ્યો હતો. આ દરમ્યાન ગત બપોરના સમયે આદિપુર પોલીસ મથકના પ્રાંગણમાં રૂચાદે, રાધિકાદે, રવિનાદે, પ્રવીણાદે,કાજલદે આવ્યા હતા અને તેમણે અગાઉ નોંધાવેલી લૂંટ-મારામારીના પ્રકરણની ફરિયાદ અન્વયે પોલીસ ગુનેગારો વિરુદ્ધ પગલાં લેતી ન હોવાના આક્ષેપ કર્યા હતા. બાદમાં પાણીની બોટલમાં ફિનાઇલ ભેળવીને આ પાંચેય કિન્નરોએ પોલીસ કર્મીઓની નજર સમક્ષ ફિનાઇલ ગટગટાવી લીધું હતું. તમામની તબિયત લથડતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રામબાગ હોસ્પિટલ લઇ જવાયા હતા અને સારવારમાં રખાયા હતા.

પોલીસ મથકના પ્રાંગણમાં જ કિન્નરોએ આરોપીઓને પકડી પાડવાની માગ સાથે ફિનાઇલ પી લેવાનો બનાવ પ્રકાશમાં આવતાં કચ્છ સહિત રાજ્યભરના પોલીસ બેડામાં ભારે ચકચાર પ્રસરી હતી. ■

# સસ્તું ઈમ્પોર્ટેડ સોનું આપવાના બહાને જોધપુરના જ્વેલર્સ સાથે ભુજના શખ્સોએ કરી ૮૧ લાખની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બજારના ઊંચા ભાવ કરતાં ઓછા ભાવે શુદ્ધ સોનું આપવાના નામે લોકપ્રિય સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ પર લલચામણી જાહેરાતો આપીને લોકો સાથે છેતરપિંડી આચરતી રહેતી કચ્છની કુખ્યાત ટોળકીની જાળમાં સપડાયેલા રાજસ્થાનના જોધપુરના જ્વેલર્સ સાથે સસ્તાં સોનાના બહાને વિવિધ રીતે અલગ-અલગ સમયે કુલ રૂ.૮૧,૧૮,૪૦૦ની ઠગાઈ આચરતાં ચાર આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવાઈ હતી. ગત વર્ષના ડિસેમ્બરથી આજ સુધી બનેલા આ છેતરપિંડી અંગે ભુજના એ-ડિવિઝન પોલીસ મથકે જોધપુરના સોના-ચાંદીના વેપારી હીરાલાલ હપ્પારામજી ચૌધરીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, કૃણાલ જોશીનું નામ ધારણ કરનારા નવાબ હયાત કકલે કૃણાલ નામની ફેસબુકની ફેક આઇડી બનાવી સોનાનાં બિસ્કિટો વેચાણની પોસ્ટ જોતાં તેઓએ ગત તા. ૨૪-૧૨-૨૦૨૪ના રોજ વેપાર કરવાની ઇચ્છા દર્શાવતો ફેસબુક પર મેસેજ કર્યો હતો જેના જવાબમાં શખ્સે જણાવ્યું હતું કે, પોતે દુબઇથી ગોલ્ડ બિસ્કિટનો ધંધો કરે છે અને કસ્ટમ સાથે ઓળખાણ હોવાનું જણાવીને તેમને ભુજ બોલાવ્યો હતો.

આરોપી નવાબ જેનું સાચું નામ ઇકબાલ ઉર્ફે અક્કી મામદ ચૌહાણનાં મકાને આરોપી નવાબ અને ઇકબાલ ઉર્ફે મચ્છર કાસમ જત અને ઇમ્તિયાઝ ઇબ્રાહિમ જત સાથે બેઠક કરાવી હતી અને બે સાચા સોનાના બિસ્કિટને જાળમાં સપડાવવા માટે બજાર ભાવ કરતાં ૧૫ ટકા ઓછા ભાવે આપી આરોપી ઇમ્તિયાઝ જત પોતે કસ્ટમનો અધિકારી હોવાનું જણાવી વિશ્વાસ કેળવ્યો હતો. આ બાદ ફરિયાદીએ છ બિસ્કિટ દુબઈથી મગાવવા માટે ૪૦ લાખનું આંગડિયું કર્યું હતું. આરોપીએ જણાવ્યું કે, તમને છની સામે ૧૪ સોનાનાં બિસ્કિટ મોકલી આપીએ, જેના રૂ. ૧૧ લાખ આપવાનું કહેતાં તે પણ આપી દીધા હતા. આ બાદ ૧૦૦ ગ્રામનું બિસ્કિટ આપ્યા બાદ મુંબઇ એરપોર્ટમાં સોનું કસ્ટમ તંત્ર દ્વારા જપ્ત કરવામાં આવ્યું હોવાના બહાને પાંચ કિલો સોનાનાં બિસ્કિટ સસ્તામાં આપવાની લાલચ આપી ફરિયાદી પાસેથી ૨૫ લાખ બાદમાં પાંચ લાખ એમ અલગ-અલગ સમયે વિવિધ બહાના બતાવી કુલ રૂ. ૮૧,૧૮,૪૦૦ મેળવી લઈને સોનું કે નાણાં પરત ન આપી ઠગાઇ આચરી હતી.

પોલીસે આરોપીઓને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે અને લોકોને ઠગ ટોળકીથી સાવધાન રહેવાની અપીલ કરી છે. ■

## સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનો ચમકારો,

# ૧૧ ડિગ્રી સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે ફરી ઠંડીનો ચમકારો વધી શકે છે. ગુજરાતમાં ફરીથી ઠંડી વધી રહી છે, ધીમે ધીમે ઠંડીનો પારો નીચો ઊતરી રહ્યો છે. હવામાન વિભાગે આપેલા તાપમાનના આંકડા પ્રમાણે રાજ્યમાં લઘુતમ તાપમાન ૧૧ ડિગ્રી નોધાયું હતું. જ્યારે મોટાભાગના શહેરોમાં ૧૫ ડિગ્રીની આસપાસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. ૧૧ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું હતું. સૌરાષ્ટ્રના અમરેલીમાં ૧૬.૨, ભાવનગરમાં ૧૯.૧, જામનગરમાં ૧૯, રાજકોટમાં ૧૪.૩, વેરાવળમાં ૨૦ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

ઉત્તર ગુજરાતમાં પાટણ, સમી, હારીજ, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, ગાંધીનગરના ભાગોમાં ઠંડી વધી શકે તેવી આગાહી છે. માવઠાના કારણે ખેડૂતોને નુકસાન થઈ શકે છે. ખાસ કરીને જીરા જેવા પાક, મસાલાના પાકમાં રોગ આવવાની શક્યતા દેખાઈ રહી છે. તુવેર જેવા પાકમાં પણ અને કપાસ જેવા પાકમાં માવઠાની અસર થઈ શકે છે. ડિસેમ્બર મહિનાના શરૂઆતમાં ગુજરાતમાં વાવાઝોડાનો ખતરો હોવાનું હોવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું. આ સાથે નવેમ્બરે મહિનાના છેલ્લા દિવસોથી લઈને ડિસેમ્બરના શરૂઆતના દિવસોમાં શ્રીલંકામાં ભારે વરસાદ થયો હતો. દિત્વાહ વાવાઝોડાના કારણે તમિલનાડુ, પુડુચેરીના દરિયાકિનારાના વિસ્તારોમાં આગળ વધ્યું હતું.

ગુજરાતમાં અત્યારે બે ઋતુ અનુભવાઈ રહી છે. આ દરમિયાન હવે હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હતી કે તારીખ ૧૭ ડિસેમ્બરથી લઈને ૨૪ ડિસેમ્બર સુધીમાં ગુજરાતમાં માવઠું થઈ શકે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે, જેના કારણે રાજ્યમાં ફરી ઠંડીનો ચમકારો વધી શકે છે. આ સાથે દિત્વાહ વાવાઝોડાના કારણે પણ ગુજરાતમાં ઠંડી વધી શકે છે. ■

# કચ્છમાં ફરેલા કાળચક્રમાં પાંચનાં અકાળે મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છમાં ફરી વળેલા કાળચક્રમાં પાંચ લોકોના અકાળે મોત નીપજતાં પંથકમાં ગમગીની પ્રસરી હતી.

ભુજમાં નીરજરાજ હરિલાલ સોલંકી નામના ૪૦ વર્ષીય યુવક તેમજ રાપરના ચિત્રોડ નજીક આવેલા લાકડિયાના મોહમદ જાકીર શાહનવાઝ (ઉં.વ.૨૪) નામના યુવાને ગળેફાંસો ખાઇ જીવ દીધા હતા, જયારે ચોપડવા ઓવરબ્રિજ નીચે પસાર થતી ટ્રેન હેઠળ આવી ગયેલા અંદાજિત ૨૦-૨૨ વર્ષીય અજાણ્યા યુવાનનું મોત થયું હતું, બીજી તરફ મુંદરા તાલુકાના ગુંદાલા ગામમાં મોટરસાઇકલને અજાણ્યા વાહને ટક્કર મારતા પુલિયા ઉપરથી નીચેના સર્વિસ રોડ પર પટકાયેલા ગાંધીધામના ૩૪ વર્ષીય ભાવેશ ભીમજીભાઈ ગડા (મહેશ્વરી)નું માથામાં ગંભીર ઈજાના પગલે તત્કાળ મોત નીપજ્યું હતું, જયારે ગત ૩૦-૧૧ના રોજ નખત્રાણાના વિરાણી ફાટક પાસે ટેમ્પો અને મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ઘાયલ કોટડાના અરવિંદ ગોવિંદ મેરિયાએ સારવાર દરમ્યાન અંતિમ શ્વાસ લીધા હતા.

આ અંગે પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી મળતી વિગતો મુજબ, ભુજની અક્ષર રેસિડેન્સીમાં રહેનાર નીરજરાજ સોલંકીએ ગત બપોરના અરસામાં પંખામાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ લીધો હતો.

તેને સારવાર અર્થે જી.કે. જનરલ હૉસ્પિટલમાં ખસેડાતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરતાં ભુજ બી-ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, લાકડિયામાં રહેનાર મૂળ બિહારના મોહમદ જાકીરે ગત તા.૨૭-૧૧ના રોજ ચિત્રોડ નજીક ખટલાવાળી વાંઢ મેલડી માતાના મંદિર નજીક ગળેફાંસો ખાઇ લીધો હતો. યુવાનને વધુ સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં ગત સવારે સારવાર દરમ્યાન છેલ્લા શ્વાસ લીધા હતા.

અપમૃત્યુનો વધુ એક બનાવ ચોપડવા ઓવરબ્રિજ નીચેના રેલવે ફાટક પાસે ગઇકાલે રાત્રે બન્યો હતો જેમાં અહીં પાટા પરથી પસાર થતી કોઇ અજ્ઞાત ટ્રેનની હડફેટે ચડતાં અજાણ્યા યુવાનનું કમકમાટીભર્યું મોત થયું હતું. મૃતકની ઓળખ મેળવવા સહિતની તપાસ પી.એસ.આઇ.ડી.જે.ઝાલાએ હાથ ધરી છે.

દરમ્યાન, મુંદરાની ખાનગી બેંકમાં કાર લોન ફિલ્ડમાં નોકરી કરનાર ભાવેશ ગડા નામનો યુવક ગત તા.૧-૧૨ના રોજ નોકરીએથી પરત ઘર તરફ જઈ રહ્યો હતો એ વેળાએ કોઈ અજાણ્યા વાહને ભાવેશની મોટરસાઈકલને ટક્કર મારી દેતાં પુલની રેલિંગમાં અથડાઈ તેના પરથી નીચે સર્વિસ રોડ પર પટકાતા માથામાં ગંભીર ઈજાના લીધે ભાવેશનું મોત નીપજતાં પોલીસે માર્ગ અકસ્માતમાં મોત નીપજાવવા અંગે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી છાનબીન આદરી છે.

વધુ એક જીવલેણ માર્ગ અકસ્માતનો બનાવ ગત તા. ૩૦-૧૧ના રોજ બન્યો હતો જેમાં નખત્રાણા પંથકના કોટડા (જડોદર) મધ્યે રહેનાર અરવિંદ મેરિયા મોટરસાઇકલ પર સવાર થઈને વિરાણી ફાટક પાસેથી પસાર થઇ રહ્યો હતો ત્યારે સામેથી આવેલો ટેમ્પો (નં. જીજે ૧૨ એવાય ૮૦૯૨)એ મોટરસાઈકલને અડફેટે લેતા મોટરસાઇકલ પરથી રસ્તામાં પટકાયેલા અરવિંદને ગંભીર ઈજાઓ પહોંચી હતી. મૃતકનું સારવાર દરમ્યાન મોત નીપજતાં નખત્રાણા પોલીસે માર્ગ અકસ્માતમાં મોત નીપજવા બદલ ટેમ્પો ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તજવીજ આદરી છે. ■

# ૨૬૬૧ ભારતીય માછીમારને ૨૦૧૪થી અત્યાર સુધીમાં પાકિસ્તાનથી સ્વદેશ પરત મોકલાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંસદમાં સરકારે આપેલી માહિતી અનુસાર વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં ૨૬૬૧ ભારતીય માછીમારોને પાકિસ્તાનથી સ્વદેશ પરત મોકલાયા છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરાયેલા ગુજરાતના માછીમારોના સંદર્ભે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા રાજ્યકક્ષાના વિદેશી બાબતોના પ્રધાન કીર્તિવર્ધનસિંહે રાજ્યસભામાં આ માહિતી આપી હતી. હાલમાં દેશના ૧૯૪ માછીમાર પાકિસ્તાની જેલમાં બંધ છે, જેમાં ગુજરાતના ૧૨૩ હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રધાને જણાવ્યું હતું કે કેલેન્ડર વર્ષ ૨૦૨૫ દરમિયાન, અત્યારસુધીમાં ગુજરાતના ૧૮ માછીમારને પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરાયા છે જ્યારે ૦૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાતના અંદાજિત ૧૨૩ માછીમાર પાકિસ્તાનની જેલમાં કેદ હતા. જ્યારે કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં ગુજરાતના એક પણ માછીમારને પાકિસ્તાનની જેલમાંથી મુક્ત કરાયા નહોતા, જે પૂર્વે ૨૦૨૩માં ૪૩૨ માછીમારને મુક્ત કરાયા હતા.

ભારત અને પાકિસ્તાન દર વર્ષે ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈના રોજ એકબીજાની જેલમાં બંધ પરસ્પરના માછીમારો અને નાગરિક કેદીઓની યાદીઓનું આદાન-પ્રદાન કરે છે. ૦૧.૦૧.૨૦૨૫ના રોજ એકબીજાને અપાયેલી યાદીઓ અનુસાર, પાકિસ્તાને ૨૧૭ ભારતીય/ભારતીય મનાતા માછીમારની કસ્ટડી પોતાની પાસે હોવાનું સ્વીકાર્યું હતું. આ યાદીઓના આદાન-પ્રદાન પછી, માર્ચ ૨૦૨૫ સુધીમાં એક ભારતીય માછીમારનું મૃત્યુ થવાનો તેમજ ૨૨ ભારતીય માછીમારને મુક્ત કરીને ભારત પરત મોકલાયા હોવાનો અંદાજ છે. હાલમાં પાકિસ્તાનમાં કેદ બાકીના ૧૯૪ ભારતીય કે ભારતીય મનાતા માછીમારમાંથી, ૧૨૩ માછીમાર ગુજરાતી કે ગુજરાતના હોવાનું મનાય છે. આ ૧૨૩માંથી ૩૩ માછીમારની ૨૦૨૧માં, ૬૮ માછીમારની ૨૦૨૨માં, ૦૯ માછીમારની ૨૦૨૩માં, ૧૩ માછીમારની ૨૦૨૪માં ધરપકડ કરાઈ હતી. આ અંગે વિગતવાર માહિતી આપતા સરકારે વધુમાં ઉલ્લેખ કર્યો હતો કે, ભારતીય માછીમારોની સલામતી, સુરક્ષા અને કલ્યાણને ભારત સરકાર સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. પાકિસ્તાની અધિકારીઓ દ્વારા ભારતીય માછીમારોની ધરપકડની ઘટનાઓની જાણ થતાં જ, ઇસ્લામાબાદમાં ભારતીય હાઈકમિશન દ્વારા પાકિસ્તાન સરકાર પાસેથી કોન્સ્યુલર ઍક્સેસ મેળવવા તાત્કાલિક કાર્યવાહી કરાય છે. કોન્સ્યુલર ઍક્સેસ દરમિયાન, ભારતીય હાઈકમિશનના અધિકારીઓ પાકિસ્તાની જેલોમાં કેદ ભારતીય, ભારતીય મનાતા માછીમારોની મુલાકાત લે છે જેથી તેમની સુખાકારી વિશે જાણી શકાય અને રોજિંદા વપરાશની ચીજોનું તેમનામાં વિતરણ કરી શકાય. ભારતીય માછીમારોને તેમની બોટ મુક્ત કરવા સહિત તેમની વહેલી મુક્તિ અને પરત સ્વદેશ મોકલવા માટે કાનૂની સહાયતા સહિતની તમામ શક્ય મદદ કરાય છે. ■

# ગિરનારમાં ભારે પવન ફૂંકાતા રોપ-વે સેવા બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગિરનાર પર વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હોવાના કારણે હજારો યાત્રિકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રોપ-વે સેવા બંધ કરી દેવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ગિરનાર પર્વત પર ભારે પવન ફૂંકાયો હોવાના કારણે વહીવટીતંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. રોપ-વે સેવા બંધ કરી દેવામાં આવી હોવાના કારણે યાત્રિકોમાં ભારે નિરાશા વ્યાપી હતી. ગિરનાર અને ભવનાથ ક્ષેત્રની મુલાકાત લેવા માટે ગુજરાત સહિત દેશભરમાંથી લાખોની સંખ્યામાં પ્રવાસીઓ આવતા હોય છે.

અહીં આવતા અશક્ત, વૃદ્ધ અને બીમાર લોકો માટે પર્વત પરની યાત્રા અત્યંત સરળ અને આરામદાયક બને તે માટે રોપ-વે સેવા શરૂ કરવામાં આવી હતી. પરંતુ ગઈકાલે ગિરનાર પર્વતની ઊંચાઈ પર પવનની ગતિ વધી ગઈ હોવાથી રોપ-વે શરૂ કરવામાં આવી હતી. જ્યારે પણ પવનની ગતિ એક ચોક્કસ મર્યાદા વટાવી જાય ત્યારે ઓપરેશન આપોઆપ અથવા તાત્કાલિક બંધ કરવું અનિવાર્ય બની જાય છે.

ગિરનાર વિસ્તારમાં ખુલ્લા અને ઊંચા વિસ્તારમાં પવનનો વેગ વધુ હોવાથી રોપ-વેની કેબિન્સની ગતિ અને સ્થિરતા જાળવવામાં જોખમ સર્જાઈ શકતું હોય છે. જેથી યાત્રિકોની સુરક્ષાને ધ્યાને લેતા કોઈ પણ પ્રકારનું જોખમ લેવું યોગ્ય નથી. જેથી વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રોપ વે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ■

# ઈન્ટરનેશનલ સાયબર રેકેટના મૂળ ભાવનગરની ઈન્ડસઈન્ડ બૅન્કમાં નીકળ્યા ૧૧ સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરમાં આવેલી ઈન્ડસઈન્ડ બૅન્ક સુધી ઇન્ટરનેશનલ સાયબર રેકેટના તાર જોડાયેલા નીકળતા ચકચાર મચી હતી. સાયબર સેલે દિવસો સુધી ચોકસાઈથી તપાસ કર્યા બાદ બૅન્કના મેનેજર, કર્મચારી અને અન્ય નવ મળી કુલ ૧૧ લોકો સામે ગુનો દાખલ કર્યો હોવાની માહિતી મળી હતી. ઈન્ડસઈન્ડ બેન્કની ભાવનગરની શાખાના ૧૧૦ શંકાસ્પદ ખાતામાં જમા થયેલા રૂ. આઠ કરોડની તપાસમાં પોલીસને વધુ ૧૩૦ શંકાસ્પદ બેંક ખાતા મળ્યા હતા. આ બેંક ખાતાની તપાસ કરી સ્ટેટ સાયબર સેલે મોટો ઘટસ્ફોટ કરતા ઈન્ટરનેશનલ સાયબર રેકેટનો પર્દાફાશ કરી રૂ. ૭૧૯ કરોડનું સાયબર ફ્રોડ કૌભાંડનો ભાંડાફોડ કર્યો હતો. પોલીસ તપાસમાં રૂ. ૭૧૯ કરોડ જમા થયા છે, એવા ૧૩૦ બૅન્ક ખાતાઓ સામે દેશભરમાં એનસીસીઆરપી પોર્ટલ પર ૧૪૪૭ લોકોએ ભોગ બન્યાની ફરિયાદ કરી હોવાનું જાણવા મળ્યું હતું. દિલ્હી ખાતે આવેલી ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા સ્ટેટ સાયબર સેલને ડેટા પૂરા પાડવામાં આવ્યા હતા કે, ભાવનગરની ઈન્ડસઈન્ડ બૅન્કમાં ખૂલેલા ૧૧૦ શંકાસ્પદ બેંક ખાતામાં રૂ. ૧૩.૭૨ કરોડના ટ્રાન્ઝેકશન થયા છે. આ બેંક ખાતાઓ પૈકી ૮૭ બૅન્ક ખાતા સામે એનસીસીઆરપી (નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ) પર રૂ. ૮.૧૯ કરોડના સાયબર ફ્રોડની ૧૪૭ ફરિયાદો થયેલી છે. આ ખાતાની સ્ટેટ સાયબર સેલે તપાસ શરૂ કરી હતી. જે તપાસમાં ઘટસ્ફોટ થયો કે આ શંકાસ્પદ બેંક ખાતામાં જાન્યુ-૨૦૨૫ થી જુલાઈ-૨૦૨૫ દરમિયાન રૂ. ૧૩ કરોડથી વધુનું ટ્રાન્ઝેકશન થયું હતું. આ બેંક ખાતામાં જે ખાતામાંથી પૈસા આવ્યા તેવા વધુ ૧૩૦ બેંક એકાઉન્ટ સામે એનસીસીઆર પોર્ટલ પર દેશભરમાં રૂ. ૭૨૦ કરોડના સાયબર ફ્રોડની ૧,૪૪૭ ફરિયાદ નોંધાયેલી છે. સાયબર સેલે આ મામલે જાફરાબાદના વાતની અને છેલ્લા આઠેક મહિનાથી બેંકના રીલેશનશિપ મેનેજર પદે ફરજ બજાવતા પાર્થ ઉપાધ્યાય (ઉં. વ.૩૬) અને પૂર્વ બીડીએમ અબુ બકરબિનઅલી શેખ (ઉં. વ. ૨૯)ની પૂછપરછ કરી હતી.

આ પૂછપરછમાં સ્પષ્ટ થયું કે, આ બેંક ખાતા ભલામણથી ખોલવામાં આવ્યા હતા. આ બેંક ખાતા ખોલવા માટે મહેન્દ્ર મકવાણા, અલ્પેશ મકવાણા, મહિપાલસિંહ ગોહિલ, જયરાજસિંહ રાયજાદા, પાર્થરાજસિંહ સોલંકી, વિપુલ ડાંગર, પ્રતિક વાઘાણી ખાતા ધારક શોધી લાવતા હતા. તેઓ રૂબરૂ ભલામણ તો ક્યારેક ફોનથી ભલામણ કરી ખાતુ ખોલાવતા હતા. આ રીતે બૅન્ક દ્વારા આપવામાં આવેલો ઈન્સ્યુરન્સ ટાર્ગેટ પૂરો કરવામાં તેઓ મદદ કરતા હોવાનું બૅન્ક અધિકારીએ જણાવ્યું હતું. સ્ટેટ સાયબર સેલે બેંક અધિકારી પાર્થ પ્રફુલ્લ ઉપાધ્યાય, અબુબકરબિન અલી શેખ અને મહેન્દ્ર રમેશ મકવાણા, અલ્પેશ ધનશ્યામ મકવાણા, મહિપાલસિંહ ગોહિલ. ઈમરાન અહેઝાન, જયરાજસિંહ બળવંતસિંહ રાયજાદા, પાર્થરાજસિંહ સોલંકી, ગુરુનામસિંગ રામસિંગ સરદાર, દિવ્યરાજસિંહ ઝાલા અને વિપુલ ડાંગર સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■



**અનાજ માટેનું એટીએમઃ** ભાવનગરમાં ગુજરાતના પહેલા ગ્રેઈન એટીએમની અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગના કેબિનેટ પ્રધાન રમણભાઈ સોલંકીએ મુલાકાત લીધી હતી. ગ્રેઈન એટીએમ દિવસ-રાત ચાલુ હોવાથી લાભાર્થી પોતાની અનુકૂળતાએ પોતાને મળવાપાત્ર અનાજ લઈ શકે છે. (વિપુલ હિરાણી)